આવતી કાલનાં નાગરિકોનું માસિક



માનવપરિવારનું મહાગાન (ફૅમિલી ઑવ મૅન) ચિત્રસમૂહનું એક ચિત્ર
પરપોટા · ફોટો: જૉન મિલી (યુ. સ્ટે. અમેરિકા)

સપ્ટેમ્બર · ૧૯૫૬

તંત્રી · બચુભાઈ રાવત

૩૯૩

સંસ્થાપક



ઉદ્યાનછાયા : ભાવાત્મક ચિત્રોના નામી આલેખકો શ્રી રવિશંકર રાવળ, કે. કે. હેબ્બર વગેરેની સાથે શ્રી કે.સી.એસ. પણિક્કરના નામથી 'કુમાર'ના વાચકો પરિચિત છે. નજીકથી જોતાં માત્ર રંગના સાદા લપકા ચોડયા હોય એવું આ ચિત્ર થોડા ફૂટને અંતરે મૂકીને જોવાથી એક સાદા ઉદ્યાનના નાનકડા ખૂણામાંની તેજ અને છાયાની મીઠી રંગલીલા માણવા મળશે. એમાંના રંગો સામાન્ય લાલ-લીલા નથી, પણ લાલ માટી અને લીલી વનસ્પતિ તેજ અને છાયામાં જે વિભિન્ન રમ્યતા ધારણ કરે છે તેની શીળી મધુરતા એમાં છે, જે આપણને ઉદ્યાનછાયાના આહ્‌લાદક વાતાવરણનો અસ્વાદ કરાવે છે. **ચિત્રકાર શ્રી કે. સી. એસ. પણિક્કર**



ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: બાર આના

વાચકો લખે છે

ઇંગ્લંડ અને અમેરિકાની ફોટોગ્રાફીને અભ્યાસની દૃષ્ટિએ નહિ ને કેવલ દૃષ્ટિએ જોતાં પણ તેમાં કલર ફોટોગ્રાફીનું માહાત્મ્ય અનેકવિધ રીતે નજરે પડે છે. અહીં ઇંગ્લંડમાં ફોટોગ્રાફીના જ વિષયની ચર્ચા કરતાં અનેક માસિકો બહાર પડે છે; તેમાં યે કલર-ફોટોગ્રાફીનો સચિત્ર હોય એવો જુદો જ વિભાગ હોય છે એટલું જ નહિ, પરંતુ વાસ્તવ અને કલાની દૃષ્ટિએ તેનું આકર્ષણ પણ અનેરું હોય છે. કલર-ફોટોગ્રાફીમાં અવેતન ફોટોગ્રાફરોનો રસ દિનપ્રતિદિન વધતો જ રહ્યો છે અને આપણે ત્યાં એવાં માસિકોનો અભાવ છે તે દેખીતું છે. તેમ છતાં 'કુમાર'ની સેવા ફોટોગ્રાફીની બાબતમાં અતિ મહત્ત્વની અને ગણનાપાત્ર છે, એમ કહ્યા સિવાય ચાલે તેમ નથી. તેથી જ તો 'કુમાર'માં કલર-ફોટોગ્રાફીવિષે કોઈ અધિકારી લેખકો વડે થોડી માહિતી અપાય તો વાચકો આભારી થશે.

જુલાઈઅંકમાં 'માનવકુટુંબનું મહાગાન'નાં જે ચિત્રો આપ્યાં છે તે કલાદૃષ્ટિએ જ રસપ્રદ છે. તેથી ય અધિક આનંદની વાત તો એ છે કે આ વખતે બંને આર્ટપ્લેટોનો સમાવેશ સ્વતંત્ર રીતે અંદરનાં પૃષ્ઠોમાં થયો છે. 'કુમાર'ની આર્ટપ્લેટોનું અનોખું ને દસ્તાવેજી મૂલ્યાંકન હોવું ઘટે. જેથી હવેથી આર્ટપ્લેટો પૂઠાને બદલે અંદરના ભાગમાં જ સ્વતંત્ર રીતે આપવામાં આવે તો વાચકોને આનંદ થશે.

(ઇંગ્લંડ) —ગમુભાઈ પટેલ

[*અમારી પણ એવી ઇચ્છા છે જ; પણ ખર્ચની દૃષ્ટિએ પહોંચી શકાતું ન હોઈ ઑગસ્ટ, દિવાળી, એમ કેટલાક અંકોમાં જ એટલી વિશેષતા કરી સંતોષ લઇએ છીએ. લવાજમમાં વધારો કરવાનો તો અવકાશ જ નથી, ને એ રકમનો આંક એવો છે કે ગ્રાહકસંખ્યા વધે તો પણ ખાસ ફાયદો ન થાય. એકમાત્ર ઉપાય જાહેરખબરોની આવક વધારવાનો છે, પરંતુ આજ બારબાર વર્ષના પ્રયત્ન પછી પણ અમે એમાં સંતોષકારકરીતે સફળ થઈ શક્યા નથી. 'કુમાર'નો ફેલાવો ગુજરાતભરનાં માસિકોમાં બીજા કે ત્રીજા ક્રમમાં આવતો હોવા છતાં, અને કેટલાક જાહેરાત કરનારાઓ તો અમારા



ત્રિવેન્દ્રમ(ત્રાવણકોર)નો પદ્મનાભમ પ્રાસાદ : સ્વ. કલાકાર લલિતમોહન સેન કૃત એક ઉત્કૃષ્ટ 'લીનો-કટ' (કુમારના 'ચિત્રમ' કલાપત્રના સૌજન્યથી)

ઑક્ટોબર-નવેમ્બર ૧૯૫૬

ર.	સો.	મં	બુ.	ગુ.	શુ.	શ.	ર.	સો.	મં.	બુ.	ગુ	શુ.	શ.
.	૧	૨	૩	૪	૫	૬	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭
૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૨૮	૨૯	૩૦	૩૧	૧	૨	૩
૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૪	૫	૬	૭	૮	૯	૧૦

પરિચિતો ને 'કુમાર'ના પ્રશંસકો હોવા છતાં, કોણ જાણે શાથી, જાહેરાતની અમારી વિનંતિને દાદ મળતી નથી, જ્યારે લાગવગને જોરે મબલખ જાહેરખબરો મામૂલી ફેલાવો ધરાવતાં સામયિકોને પણ મળે છે. આજે આ પત્રને નિમિત્તે આ હકીકત જાહેરમાં મૂકતાં અમને દુઃખ થાય છે. પણ એ દિશામાંની અમારી હતાશાનો જ આમાં પડઘો છે. —તંત્રી]

૧૯૫૭ની ચોથી ઑક્ટોબરે પંડિત શ્યામજી કૃષ્ણવર્માની જન્મ-શતાબ્દી આવે છે. લોકમાન્ય ટિળકે જેમ હિંદુસ્તાનમાં 'કેસરી' પત્ર દ્વારા રાષ્ટ્રવાદનો નાદ ગજાવ્યો એ જ રીતે પંડિત શ્યામજી કૃષ્ણવર્માએ ઈંગ્લંડમાં 'ઇન્ડિયન સોશ્યોલૉજિસ્ટ' નામના પત્રથી ત્યાં બેઠે હિંદુસ્તાનની આઝાદીની લડત માટે પ્રચાર કર્યો.

પંડિત શ્યામજીને રશિયન લેખક ગૉર્કીએ હિંદના માઝિની તરીકે બિરદાવ્યા હતા અને પંડિતજીની સંસ્કૃત ભાષા તેમજ વિદ્વત્તાનાં તો ઑક્સફર્ડ યુનિવર્સિટીવાળા મૅક્સ મુલરે પણ વખાણ કર્યાં હતાં. એવા એ ક્રાંતિવીરની શતાબ્દી અખિલ હિંદને ધોરણે ઊજવવી જોઇએ. છેવટ મહાગુજરાતે તો અવશ્ય ઊજવવી જોઇએ. (એ કચ્છના હતા.)

(કચ્છ-માંડવી) —માણેકલાલ શાહ

'શ્રી ચં૦ મહેતા કૃત 'બાંધ ગઠરિયાં', 'છોડ ગઠરિયાં' અને 'સફર ગઠરિયાં'માં તેમના 'રેડિયો અનુભવો' નથી. શું તે 'કુમાર'માં 'બાંધ ગઠરિયાં'ના શિર્ષક નીચે આવી ગયા છે?* આવ્યા હોય તો પુસ્તકરૂપે ક્યારે પ્રકટ થશે? ન આવ્યા હોય તો શ્રી ચંદ્રવદનભાઇને બાકીની ગઠરિયાં—જેમાં આ અનુભવો સંગ્રહાએલા હોય તે-છોડી જ નાખવાનું ન કહી શકો?

(સૂરત) —એન. ટી. સી.

[* નથી આવ્યા. એ એમના ખયાલમાં જ છે.]

'કુલપતિ કઝિન્સ'ની રસિક જીવનકથા આપવા બદલ અભિનંદન. આપણી ગુજરાતી ભાષાનો, તેમજ તેના સાહિત્યનો ઇતિહાસ હપતાથી 'કુમાર'માં ન પ્રકટ કરી શકો?

(અમદાવાદ) —શ્રીનિવાસ દેશપાંડે

આપ 'વાચકો લખે છે' વિભાગ ચલાવો છો એના કરતાં એક નવો વિભાગ 'વાચકોના વિચાર' શરૂ કરો તો? આ વિભાગ માટે અમુક વિષય જાહેર કરવો અને તે પર ટૂંકાં, મુદ્દાસર અને મૌલિક, છાપવાને લાયક લખાણ બીજે મહિને છાપવાં, અને શ્રેષ્ઠ લખાણને રંગીન ચિત્ર ભેટ મોકલવું. આથી કંઇક જાણવાનું મળશે. આ માટે રાજદ્વારી, સામાજિક, ધાર્મિક અને ઐતિહાસિક વિષયો લઈ શકાય.

(વલસાડ) —સૌ. કુસુમ ર. દેસાઈ

અંક ૩૭૩ તથા ૩૮૫માં જણાવ્યું છે કે વિજયનગરના રાજ્યનો નાશ ૧૫૩૫માં થએલો; પણ જાણવા પ્રમાણે એ વર્ષ ૧૫૬૫ જોઇએ.

(નવસારી) —ઈ. જે. કકલ્યા

[ખરી વાત છે; ૧૫૩૫ એ છાપભૂલ હતી.]

સ્મૃતિ

· વસંતતિલકા ·

આજે અશાંત મન;—બ્હાર પ્રચંડ હેલી,
વર્ષા રહી ઊલટથી લયલીન રેલી!
આછું સુકૂર મન જાય અધીર દોડી,
માઝા મૂકી જળ ઝરે ધરણી ઝબોળી!

હું મેડીથી મનસૂબો કરી ઊતર્યો ને
છત્રી લીધા વિણ પડ્યો ઘરની બહાર;
જોવા જઉં સરિતનું પૂર એ વિચાર
ધારી ચલાવ્યું બસ...આવી જ કોક સાંજે
આવી ચડેલ પુલપે–હજી યાદ છે તો–
ત્યાં કોઇ મારું (નહિ મારું જ, માહરા શું)
બેસી વિલોકી રહ્યું'તું જળનો ઉછાળો.
દૃષ્ટિ મળી, સ્મિત કર્યું...મન બ્હાવરું શું
કાં આ અસંગત શી વાત રહ્યું ઉખેળી
આજે? અશાંત મન!—બ્હાર પ્રચડ હેલી!

હેમન્ત દેસાઈ

હદ્દ કરી

· ગઝલ ·

મોજાંઓના પ્રચંડ ધસારાએ હદ કરી,
સાગરનાં નીર ખાળી કિનારાએ હદ કરી.

છે વ્યોમ પર અસંખ્ય સિતારા સમા જખમ,
દુઃખ પર દુઃખો સહીને બિચારાએ હદ કરી.

એને વળી બુઝાઈ જતાં વાર કેટલી?
કોઈના ઘરને બાળી તિખારાએ હદ કરી.

વિરહાગ્નિમાં તો રાખ પણ શમણાંની ના રહી,
અંતરમાં આગ ભારી જનારાએ હદ કરી.

એના ગહન હૃદયને છે પામી ગયું કોઈ,
સાગરને પી જઇને પીનારાએ હદ કરી.

જ્યાં મેં કર્યો મુકામ એ આવી ચડ્યાં સ્વયં,
મંઝિલને ખેંચી લાવી ઉતારાએ હદ કરી.

એકીટસે નિહાળી રહી આંખડી તને,
સૂરજની સામે ચમકી સિતારાએ હદ કરી.

રજનીએ એની સ્હેજ ન રહેવા દીધી રતાશ,
'સાકિન', આ સંધ્યારંગ પીનારાએ હદ કરી.

'સાકિન' કેશવાણી

· ગુલબંકી ·

સાંજ તો ઢળી,
'હવે મયંક ઊગશે' લહી ચકોર શાં હસે!
સાંજ તો ઢળી,
વિચાર એ જ ચક્રવાકને ઉરે ડસે.

દિનેશ કોઠારી

નજરૂં લાગી

· ગાન ·

સોળ સજી શણગાર ગયા જ્યાં જરીક ઘરની બ્હાર
અમોને નજરૂં લાગી.
બે પાંપણની વચ્ચેથી એક સરકી આવી સાપણ
ડંખી ગઈ વરણાગી.

કાંસા કેરે વાટકડે નજરૂંનો ટુચકો કીધો,
હવે ન ઊખડ્યો જાય થાળીને વળગી બેઠો સીધો;
આવા ન્હોય ઉતાર, નજરના એમ ન તૂટે તાર,
અમોને નજરૂં લાગી.

તેલ તણી લઈ વાટ અમે દીવાલ ઉપર જઈ ફેંકી,
ખીલી સમ ખોડાઈ ગઇ એ નવ વાંકી નવ ચૂંકી,
જડને યે આ સૂઝ, તો રહેવું કેમ કરી અણબૂઝ,
અમોને નજરૂં લાગી.

સાત વખત સૂકાં મરચાંનો શિરથી કર્યો ઉતાર,
આગ મહીં હોમ્યાં ત્યાં તો કૈં વધતો ચાલ્યો ભાર,
જલતાં તો ય ન વાસ, અમોને કેમ ન લાગે પાસ,
અમોને નજરૂં લાગી.

ભૂવો કહે ના કામ અમારું, નજર આકરી કોક,
ટુચકા તરહતરહ અજમાવી થાકયા સઘળા લોક,
ચિત્ત ન ચોંટે ક્યાંય, હવે તો રહ્યું–સહ્યું ના જાય,
અમોને નજરૂં લાગી.

'હયો, નજરૂં વાળી લઉં પાછી' એમ કહી કો આવ્યું,
'નજરૂં પાછી નહીં મળે એ દરદ હવે મનભાવ્યું,'
હવે નજરનો ભાર જીવનનો થઇ બેઠો આધાર,
અમોને નજરૂં લાગી.

હરીન્દ્ર દવે

સહિષ્ણુતા

આચાર્ય સંતપ્રસાદ રણછોડલાલ ભટ્ટ

જુદાજુદા પ્રદેશોમાં જુદીજુદી ખાસિયતો હોય છે. તેમાંથી નીકળી શકાતું નથી. એ તો પ્રકૃતિ છે. ગુજરાતની ધરતી એવી છે જ્યાં સહિષ્ણુતાનો ગુણ ખીલેલો છે. અહીં કોઈ અસહિષ્ણુ બની ન શકે.

સહિષ્ણુતાના પ્રભાવે વિજેતા પણ પરાજિત બની જાય છે. રોમે ગ્રીસ પર વિજય મેળવ્યો, પણ તેઓ પાછા ફર્યા ત્યારે બધુંજ ગ્રીસમય બની ગયું ભારતને છેલ્લા જીતનાર અંગ્રેજો હતા. તેઓએ આખી સજાવટ અલગતાની રાખી હતી, છતાં જ્યારે અહીં અંગ્રેજી ધ્વજ ફરકાવવા આવેલો અંગ્રેજ બચ્ચો ત્રીસ-પાંત્રીસ વર્ષ બાદ દેશ પાછો ફરતો ત્યારે હિંદુસ્તાનની રાત્રીના તારાના અંધકારના વશીકરણમાં વિતાવેલાં વર્ષો એને યાદ આવતાં ને સ્વદેશમાં એ પરદેશી બની જતો. જે ઇસ્લામની જ્યોત કદી બુઝાઈ નહોતી, જે સદા સળગતી અને સળગાવતી રહી હતી તે ઈસ્લામ હિંદુસ્તાનમાં આવી સંપૂર્ણ હિંદી ઠર્યો.

હિંદુસ્તાન પૂરતું જે સાચું છે તે વધુ સાચું તો ગુજરાત માટે ઠર્યું છે. એકરસ બનવાની, અનેકને પોતાનામાં સમાવવાની જે પ્રવૃત્તિ થઈ તે મોટે ભાગે તો ગુજરાતમાં સફળ બની. ગુજરાતમાં આવે તે શીખીને જાય, શીખવીને નહિ. ગુજરાતમાં જે આવે છે તે ત્રીજી પેઢીએ ગુજરાતી બનીને બેસી જાય છે. સાધુ, સંન્યાસી, રાજ્યકર્તાઓ, સંજાણમાં આવેલા પારસીઓ સુદ્ધાં દરેકને ગુજરાતે દૂધમાં સાકર ભળી જાય તેમ સમાવ્યા છે.

ગુજરાત સહિષ્ણુ છે. અનેકને સાથે રાખીને રહેવાની તેને ઇચ્છા છે. જેઓ જુદા રહેવા માગતા હતા તેને પણ મેળવી દેવાનો અજબ જાદુ આ પ્રદેશમાં છે. એકલા નહિ પણ અનેકને સાથે રાખવાનું આ વલણ બીજે માત્ર શબ્દોમાં હશે; ગુજરાત તો લોહીના સમીકરણ–એકીકરણની પ્રયોગશાળા બની ગયું છે. અહીં તો એક આંકડો ભૂંસાતા બીજો આંકડો લખાય છે. ગુજરાતની સહિષ્ણુતાની એ એક ખાસિયત છે.

ગુજરાત માટે કહેવાય છે કે તે પ્રજાને માત્ર વેપાર સાથે નિસ્બત છે. પરંતુ એ ભૂલી જવાય છે કે વેપારી પ્રજાને વ્યવહાર હોય છે, લોહી હોય છે, બાળબચ્ચાં હોય છે, પ્રેમ હોય છે. દીકરો જાય તો રૂપિયા સત્તાવીસ ગયા એમ ગણતી પ્રજા ગુજરાતમાં નથી. વેપાર માટે તો અમુક પ્રકારના દિમાગ કે ફાવટ જરૂરી છે.

પોતાની સહિષ્ણુતાને કારણે ગુજરાતીઓ ઘણાને કાયર લાગ્યા છે, અને એ આક્ષેપ દૂર કરવા ગુજરાતે પ્રયાસ પણ કર્યાં છે. કેટલાક તલવારોથી પોતાને મહાન માને છે, કેટલાક જિદથી પોતાને મહાન માને છે, જ્યારે કેટલાક અસહિષ્ણુતાથી પોતાને મહાન માને છે. ગુજરાતની 'ફૉર્મ્યુલા' એવી છે કે ગુજરાતી વેપારમાં પ્રવેશે તો સફળ થાય, ઝગડામાં નાખે તો વહેલોમોડો લવાદ થાય. પાર્થિવ જગતમાં ડૂબેલો હોવા છતાં તે ગીતા વાંચે, ઉપનિષદ્ સાંભળે, સંઘ કાઢે. એ વિષ્ણુને પૂજે અને વિષ્ણુપત્નીને પણ આરાધે. એને લક્ષ્મી જોઈએ ખરી, પણ તે ઈશ્વર સાથેનો સંબંધ તોડી ન નાખે.

પ્રજા કહે તે માન્યા છતાં પોતાની મૂળભૂત વૃત્તિ ન છોડતાં ગાંધીજી બધા પંથો તથા ધર્મોને સાંભળતા. અંગ્રેજો પ્રત્યે આદર રાખતા એટલે કોઈ તેમને અસહિષ્ણુ ન ઠરાવી શક્યા. તેઓ વારંવાર કહેતા કે સહિષ્ણુતાનો માર્ગ છે શૂરાનો, અભયનો. ગુજરાતની સહિષ્ણુતા કાયરની નથી, સબળની છે. સાચી સહિષ્ણુતા તો જ્યારે અંતરની આમન્યા તોડવાનો સમય આવે ત્યારે પરખાઈ આવે છે. ગુજરાતે આપ્યું છે ઘણું. પણ ત્યાગમાં ભીડુંએ નથી કર્યું. એ આપી જાણે છે, સાથે તે લેનારને પોતાના કરી લે છે. બંગાળીને મન બંગાળી ભાષા અપૂર્વ વસ્તુ છે. સાડા ચાર કરોડ પાકિસ્તાનીઓ જો કશાને પણ વળગી રહ્યા હોય તો તે બંગાળીને. આ ભાષાના મહાન કવિ શ્રી રવીન્દ્રનાથ શાંતિનિકેતન માટે ગુજરાતમાં આવ્યા ત્યારે એમને ચાર પૈસા અવશ્ય મળ્યા; પરંતુ સાથે ગુજરાતી છંદો ને ઢાળો પણ લેતા જઈ એ ઢાળ અને છંદ બંગાળી ગીતોને આપ્યા.

સાચી સહિષ્ણુતા, ડહાપણ એની પાસે છે કે જે માને છે કે ગમે ત્યાંથી પ્રકાશ આવશે (નાના તરફથી આવશે કે મોટા તરફથી આવશે) જે માર્ગદર્શક બની શકશે. ગુજરાતને ભારતનું નંદનવન કહેવામાં આવે છે તેનું કારણ અહીં ધનધાન્ય, રસાળ જમીન, બાગબગીચા છે એટલા માટે જ નહિ, પણ ગુજરાતી મરૂભૂમિને નંદનવન બનાવવાની ખાસિયત ધરાવે છે માટે. એનાં આંગળાંમાં એ કસબ છે. શ્રી મનુ સુબેદારે પણ કહ્યું છે કે વિજ્ઞાન, રાજકારણ વગેરેમાં આગળ વધેલા વિવિધ દેશોમાં પોતે ફર્યા હોવા છતાં દુનિયાના કોઈ ભાગમાંથી મળી શકે તે કરતાં, અભણ છતાં વધુ સૂઝ ધરાવતા માણસો આ જ દેશમાં એમણે જોયા. ગુજરાતીઓ વગર ફોજે, વગર સહકારે, વગર પૈસે, પરદેશની ભાષા ન જાણતા હોવા છતાં પરદેશમાં ટકી શક્યા છે, કારણ કે તેમનામાં વ્યક્તિની પરખ છે. એ ગુંદા એવી, લસોટા એવી પ્રજા છે.

આ પ્રદેશમાં માનવતાનું જે ફૂલ ખીલ્યું તેમાં રાજકીય કુનેહ કે સૈનિક તરીકેની આવડત નહિ હોય, છતાં સત્ય નિભાવવાની, પાશ સેવવાની સહિષ્ણુતા છે. શ્રી મુનશી જેવાએ પણ ગુજરાતના આ લક્ષણ માટે 'અસ્મિતા' શબ્દ વાપર્યો છે. ગુજરાત ઉપદેશ નથી આપતું, પોતાનાં સંતાનો આપે છે. આ તો શેઠ સગાળશાનું ગુજરાત છે. તેને પોતાનાં સંતાનોમાં વિશ્વાસ છે કે તે બીજાઓ જોડે એકરસ થઈ સુમેળ રાખશે અને પારકાને પોતાના કરી લેશે.

સંયમ રાખી દધીચિની માફક હાડકાં ગાળી નાખીને જ સત્ય મળતું હોય તો હિંદુસ્તાને પોતાના ચોપડા ઉપર ક્યારનું 'સમાપ્ત' લખી નાખ્યું હોત. જ્યાં રૂઆબ આવે ત્યાં સત્ય ઓસરતું જાય. સત્યનો માર્ગ સીધો નથી. તે તો ધીરજ માગે છે. ગુજરાતને સત્ય પરત્વે ઇંતજાર છે. એની શોધ માટે આ પ્રજાના માણસોએ નિતાન્ત પ્રયત્ન કરેલા છે. ગુજરાતની પ્રજાના આ સદ્‌ગુણની અવગણના કર્યા કરતાં સભાનતાપૂર્વક એમ કહેવામાં આવે કે સહિષ્ણુતા દ્વારા શાંતિ સ્થાપવાનો પ્રયત્ન ગુજરાતે કર્યો છે, તો આવાં પર્યુષણો ને સભાઓ વ્યર્થ ન જાય.

(અમદાવાદ જૈનયુવકસંઘની નિશ્રામાં યોજાએલી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલા વ્યાખ્યાનનો સંદોહ)

હૉકીપટુ ધ્યાનચંદ



જેણે હૉકીની રમતમાં સંસારભરમાં અસામાન્ય ને અજેય રહીને દુનિયાની દશે દિશામાં ભારતનું નામ રોશન કર્યું અને સમીકરણનું એક નવું સૂત્ર સ્થાપ્યું: 'ધ્યાનચંદ એટલે હૉકી, અને હૉકી એટલે ધ્યાનચંદ!'

હૉકી કાંઈ ભારતીય રમત નથી; છતાં ભારતીઓએ તે રમતના ક્ષેત્રમાં નોંધાવેલા અમુક વિક્રમો સુધી જગતનો બીજો કોઈ દેશ આજ લગી પહોંચી શક્યો નથી. ફૂટબૉલની રમત પરના બંગાળી ખેલાડીઓના કૌશલે પણ વિશ્વના ક્રીડાંગણમાં આંક મુકાવ્યો છે, તો પછી હૉકી જેવી પોતાની પ્રાચીન પરંપરાગત રમતમાં વિશ્વસમસ્તની હરીફાઇઓમાં ભારત મોખરે રહે એમાં આશ્ચર્ય શું હોય? અને એમાં યે ભારતના ખેલાડીવીર ધ્યાનચંદે તો એ રમતમાં અજેયત્વ મેળવીને દુનિયાની દશે દિશામાં ડંકો દીધો છે. જગતભરના રમતગમતના ક્ષેત્રમાં ભારતના ગૌરવને સમુજ્જ્વલ બનાવનાર એ ખેલાડીની જીવનકથા એ સામર્થ્યસિદ્ધ વિકાસની દ્યોતક છે.

ધ્યાનચંદનો જન્મ અલ્લાહાબાદમાં લશ્કરમાં નોકરી કરતા ગરીબ પિતાને ઘેર ઈ. ૧૯૦૫ની ૨૯મી ઑગસ્ટે રાજપૂત કુટુંબમાં થયો હતો. પાછળથી તેનું કુટુંબ ઝાંસી જઈ રહેલું. ઈ. ૧૯૨૨માં તે હિંદી લશ્કરમાં નોકરી કરવા દાખલ થયો ત્યાં સુધી તેના જીવનની અનન્ય પ્રતિદા 'હૉકી' રમવા વિષે તે સાવ અણજાણ હતો. ઓચિંતું જ આ રમત માટેનું પહેલાં કુતૂહલ અને બાદ આકર્ષણ તેના મનમાં ઉત્પન્ન થતાં તેણે એ રમત અજમાવી જોઈ, અને અજમાવતાંવેંત તે તેને ફાવી ગઈ. હૉકીનું શિક્ષણ તેને મળ્યું તેના લશ્કરી સૂબેદાર (જેને તે ગુરુ માને છે) પ. સેથી. જોતજોતાંમાં સામેના પાંચપાંચ હરીફોને એકલે હાથે હંફાવી દેતો, હજી તો ઊગતો આવતો આ કાચી મૂછનો તરુણ ખેલાડી તેના પરિચિત રમતગમતના જગતમાં ચર્ચાનો વિષય બની ગયો.

પછી તો ઈ. ૧૯૨૬માં ન્યૂઝીલંડ-ઑસ્ટ્રેલિયાની સફરે ગએલા ભારતીય સૈનિકોના હૉકી સંઘમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો. અહીં તેણે દર્શાવેલી હૉકી-પટુતાએ તેને જગજાહેર કરી મૂક્યો. ત્યાંની ૨૧ રમતો પૈકી હિંદી સંઘે ૧૮માં જીત મેળવી, ગુમાવી માત્ર ૧, ને ૨ અનિર્ણીત રહી. બધી મૅચોમાં મળીને હિંદી સંઘે કુલ ૧૯૨ ગોલ કરેલા, જેમાં સૌથી મોટો ફાળો ધ્યાનચંદનો હતો. જ્યારે સામેની ટુકડીએ તો હિંદી સંઘ વિરુદ્ધ ગણતરીના ૨૪ ગોલ જ કરેલા. આ રમતો ધ્યાનચંદની પ્રતિનિધિ-રમતો નીવડી. તેણે જગતના રમતગમતના ક્ષેત્રમાં એક નવું સૂત્ર સ્થાપિત કર્યું: 'ધ્યાનચંદ એટલે હૉકી, ને હૉકી એટલે ધ્યાનચંદ!' આજે તેણે નિવૃત્તિ લીધી હોવા છતાં, આ સૂત્ર તો જેવું ને તેવું કાયમ રહ્યું છે. ન્યૂ ઝીલંડથી ભારત આવ્યા પછી તેને 'લાન્સ-નાયક'નો લશ્કરી હોદ્દો મળ્યો.

ઈ. ૧૯૨૪માં પારીસ ખાતે યોજાએલી ઑલિમ્પિક રમતગમતની હરીફાઈમાંથી હૉકી બાતલ કરાએલી! તેને ફરી દાખલ કરવા માટે 'ઇન્ડિયન હૉકી ફેડરેશને' કરેલા પ્રયાસોને પરિણામે ઈ. ૧૯૨૮માં આમ્સ્ટરડામ મુકામે યોજાએલી ઑલિમ્પિક રમતોમાં હૉકી ફરી સ્થાન પામી. આ હરીફાઇમાં ભાગ લેવા ઇચ્છતા હિંદી ખેલાડીઓમાંથી પસંદગી કરવા ખાતર કલકત્તાના પ્રાંતીય સંઘે યોજેલી ટેસ્ટ-મૅચોમાં સંયુક્ત પ્રાંત તરફથી ધ્યાનચંદ ઊતર્યો હતો. કસાએલા અને બાહોશ પંજાબી ખેલાડીએ સાથેની પહેલી ટેસ્ટ-મૅચમાં પોતાની ટુકડીને પંજાબી ટુકડીના ખેલાડીઓ કરતાં બમણા ગોલ અપાવીને, ને પછી રાજપૂતાનાની ટુકડીને પણ હરાવી દઇને તેણે ઑલિમ્પિકહરીફાઇના હૉકીના ખેલાડી તરીકે પોતાનું સ્થાન નિશ્ચિત કરાવી લીધું. છતાં, અહીં કદાસીનતા એવી હતી, કે ઈ. ૧૯૨૮ની ૧૦મી માર્ચે ધ્યાનચંદ સાથેના હિંદી ખેલાડીઓ આમ્સ્ટરડામની ઑલિમ્પિકમાં ભાગ લેવા ગયા ત્યારે તેમને વિદાય આપવા મુંબાઇ બંદરે ત્રણ જ જણ હાજર રહેલા: બે તો હિંદી હૉકી સંઘના અધિકારીઓ, અને એક 'ટાઈમ્સ'નો ખબરપત્રી!

એ ઑલિમ્પિકની હૉકીની હરીફાઈમાં પાંચ દેશોને હરાવીને હિંદે વિજેતાપદ ધારણ કર્યું. આ હરીફાઇમાં તો હિંદી સંઘે કરેલા ૨૯ ગોલની સામે વિરોધી ટુકડી પોતાનો એક ગોલ સુદ્ધાં નોંધાવી શકેલી નહિ! ત્યાર બાદ ૧૯૩૨માં લૉસ ઍન્જેલિસ ખાતે યોજાએલી ઑલિમ્પિક હરીફાઇઓમાં પણ હિંદ ધ્યાનચંદને ટેકે અજેય રહ્યું. એ જ સફર વેળા અમેરિકા સિવાય પણ હિંદ હૉકી સંઘ યુરોપમાં ૩૭ સ્થળોએ રમ્યો હતો. તેમાં તેને મળેલા કુલ ૩૩૮ ગોલમાં ૧૩૩નો ફાળો એકલા ધ્યાનચંદે ને ૯૪નો ફાળો ધ્યાનચંદના નાના ભાઇ રૂપચંદે (જેણે પણ હૉકી રમવામાં અદ્ભુત

સુભાષિત

· અનુષ્ટુપ ·

ऋणशेषोऽग्निशेषश्च व्याधिशेषस्तथैव च ।
पुनश्च वर्धते यस्मात्तस्माच्छेषं न कारयेत् ॥

(અનુવાદ)

ઋણ, અગ્નિ તથા વ્યાધિ લેશ માત્ર રહી જતાં
વધે ફરીફરી, તેથી કદી બાકી ન રાખવાં.

[વિવરણ: ઉપરથી સાદા જણાતા આ સુભાષિતમાં માણસે જીવનભર સદોદિત પાળવાલાયક શીખ દીધી છે, કે ન ચૂકવાએલું થોડુંક જ દેવું પણ ખબર ન પડે એ રીતે વધીવધીને ખોરડું-ખેતર વેચવાં પડે તેટલું થઈ જાય છે, ઉપરછલ્લા ઉપચારો કરી પોતાને નીરોગી થઈ ગયાનું માનનાર વ્યક્તિ એ જ રોગના ઘાતક ઊથલામાં સપડાઈ બેસે છે, ને ઉપેક્ષિત રહેલો આગનો નાનકડો તણખો પ્રજ્વળીને ભડભડતી આગનું સ્વરૂપ પકડે છે; તેથી વ્યવહારદક્ષ તો એ જ, કે જે દેવું વહેલી તકે ચૂકતે કરી નાખે, અગ્નિને ઠારીને ઠીકરું કરી મૂકે ને દવાદારૂ ચીવટથી કરી રોગનાં મૂળિયાં ઉખાડી નાખે.]

વાચકોને વિજ્ઞપ્તિ

અમદાવાદની અશાન્ત પરિસ્થિતિને લીધે ઑગસ્ટનો અંક એક પખવાડિયું મોડો થયો હતો એ ઢીલ નિભાવી લેવા માટે અમે આભારી છીએ. આ અંક ૧૫મી સપ્ટેમ્બરે નિયમિત બહાર પડ્યા બાદ ઑક્ટોબરનો અંક નિયમ પ્રમાણે ઑક્ટોબરની ૧૫મીને બદલે દિવાળીનાં રંગછાંટણાં સાથે ધનતેરશે–૩૧મી ઑક્ટોબરે બહાર પડશે, તો એ ઢીલ ફરી નિભાવી લેવા વિનતિ છે. નવેમ્બરમાં બુદ્ધપરિનિર્વાણ ઉજવણી નિમિત્તે એ અંક બૌદ્ધ જીવન, કલા અને સંસ્કારની સામગ્રીથી મંડિત કરવા ધાર્યું છે.

પ્રાવીણ્ય મેળવેલું તેણે) આપેલો. ઈ. ૧૯૩૫માં હિંદી સૈનિક હૉકી સંઘે ફરી ન્યૂઝીલૅંડ–ઑસ્ટ્રેલિયાનો પ્રવાસ કર્યો. અહીં કુલ ૪૮ મૅચ તે રમ્યો ને દરેક વખતે તેણે જીત મેળવી! તેમાં કુલ ૫૮૪ ગોલનો જુમલો તેમણે નોંધાવેલો, જેમાં ૨૦૧ તો માત્ર ધ્યાનચંદના ને ૧૮૫ રૂપસિંગના હતા.

ઈ. ૧૯૩૬ની ઑલિમ્પિક હરીફાઈ બર્લિન ખાતે યોજાઈ ત્યારે હિંદી હૉકી સંઘનું નેતૃત્વ ધ્યાનચંદને સોંપાએલું. આ સ્પર્ધા તે ધ્યાનચંદની સત્ત્વપરીક્ષા નીવડી. હૉકીનું વિજેતાપદ ભારત કને ન જવા દેવા આ વેળા જર્મનીએ આકાશપાતાળ એક કર્યાં. ઑલિમ્પિક આરંભાઈ તે પહેલાં મૈત્રી-દાવે રમાએલી (ફ્રેન્ડલી) મૅચમાં હિંદ જર્મનીને હાથે ચાર ગોલે હાર્યું પણ હતું. વળી ઑલિમ્પિક વખતે તો જર્મનીએ હંગેરીને ૦ વિરુદ્ધ ૪, અમેરિકાને ૦ વિરુદ્ધ ૭, જાપાનને ૦ વિરુદ્ધ ૯ તથા ફ્રાન્સને ૦ વિરુદ્ધ ૧૦ ગોલે હરાવી દઇને પોતાના વિજયની પૂર્વભૂમિકા જાણે કે તૈયાર કરી રાખી હતી. ત્યાં વળી વરસાદ કહે મારું કામ. એમાં સલામતી ને સગવડ ખાતર જર્મન ખેલાડીઓએ ખીલાવાળા બૂટ પહેરી લીધા, જ્યારે હિંદી ખેલાડીઓએ તો માત્ર પોતાના કૅન્વાસના સાદા બૂટ જ પહેરી રાખ્યા. છતાં-હિંદ વિરુદ્ધ જર્મનીની છેલ્લી રમતમાં પરિણામ આશ્ચર્યજનક આવ્યું! બલાઢ્ય જર્મનીને ૧ વિરુદ્ધ ૮ ગોલથી હરાવીને હિંદે પોતાનું હૉકીનું 'સાર્વભૌમિક અજેયત્વ' અચળ રાખ્યું! ઑલિમ્પિકમાં જર્મનીની શાન વધારનાર ખેલાડીને માનદ ઇલકાબો આપીને નવાજવાનો જર્મનીના શાસક હિટલરે ત્યારે શિરસ્તો રાખ્યો હતો. આ પ્રસંગ સંભારીને ધ્યાનચંદ મજાકમાં કહેતો કે 'જો હું જર્મનીને પક્ષે રમ્યો હોત તો હિટલરે મને ફીલ્ડ માર્શલ બનાવ્યો હોત!'

ત્યાર બાદ બ્રહ્મદેશ, કોલંબો, સિંગાપોર વગેરે દેશો તથા શહેરોની હૉકીની મૅચોમાં પણ ધ્યાનચંદે આગળપડતો ભાગ લીધેલો. પણ હવે વિજય તો એને હસ્તામલકવત્ હતો. આમ રમતગમતના ક્ષેત્રમાં પોતાનું નામ પહેલેથી આખર સુધી સદા દેદીપ્યમાન રાખી ઈ. ૧૯૪૭માં તેણે પ્રથમ દરજ્જાની રમતોમાંથી નિવૃત્તિ લીધી. તે જ સાલમાં પૂર્વ આફ્રિકાએ હિંદી હૉકી સંઘને રમવાનું નિમંત્રણ આપ્યું. પણ ભારતની હૉકીના કર્ણધાર તરીકે જવા માટે તે વખતે ધ્યાનચંદને પોતાના નિર્ણયમાં અપવાદ કરવો પડ્યો. ત્યાં રમાએલી ૨૮ મૅચોમાં પણ તેણે પોતાની ટુકડીને વિજય જ અપાવ્યો. આ વેળાએ હિંદી સંઘે કરેલા કુલ ૨૮૫ ગોલમાંથી ૬૧ ધ્યાનચંદે એકલાએ કરેલા.

ઈ. ૧૯૪૨માં તેને લશ્કરી નોકરીમાં 'કિંગ્સ કમિશન' મળ્યું, અને સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી લશ્કરમાં કૅપ્ટનનો હોદ્દો મળ્યો. હૉકીની રમતમાં હરકોઈને ઈર્ષ્યા આવે એવી વિશ્વપ્રતિષ્ઠા મેળવ્યા છતાં ધ્યાનચંદે હજી પણ લશ્કરની નોકરી છોડી નથી. ૧૯૪૯માં તેણે હૉકીની પ્રથમ વર્ગની મૅચોને છેલ્લા રામરામ કર્યા. જોકે હજુ યે ભારતીય ટીમના હૉકીના ખેલાડીઓને તે જ ચૂંટે છે અને પોતાના કીમતી અનુભવ ને જ્ઞાનનો લાભ નવા ઊગતા આવતા ખેલાડીઓને શીખવતાં તે આપે છે. રમતગમતના ક્ષેત્રમાંથી નિવૃત્તિ લીધી હોવા છતાં પાંચ સંતાનોના કલ્લોલથી સદા ગુંજતા રહેતા પોતાના ઘરમાં આજે પણ તે પ્રથમ જેવો જ પ્રફુલ્લ ને ઉત્સાહી નજરે પડે છે. હૉકી પછી તેનો બીજો શોખ બાગ-કામ છે. ઉપરાંત તે કુશળ શિકારી પણ છે.

હૉકીની રમત પરના અદ્‌ભુત કૌશલનું તેમજ નિષ્ઠાવાન ખેલાડી તરીકેનું તો ધ્યાનચંદ જગત આખામાં એક પ્રતીક બની રહ્યો છે. ઇંગ્લંડનાં વર્તમાનપત્રોએ તો તેને રમતોની તેની સળવળાટભરી ને વિદ્યુત્ જેવી ઝડપે સરકી જવાની શક્તિ માટે 'માનવ માછલી' (The Human Eel) તરીકે ને 'ગેડીના જાદુગર' (Wizard of the Stick) તરીકે વર્ણવ્યો છે. તેની રમવાની રીતનું મનોરમ શબ્દચિત્ર ઈ. ૧૯૩૬માં એક જર્મન પત્રે આપ્યું છે: 'ઉમંગથી પાળેલા સસલાને કોઈ નાજુકપણે પંપાળે તે રીતે ધ્યાનચંદ હૉકી-સ્ટિક વતી દડાને રમાડે છે! ઊનના ગોળા સાથે રમતા બિલાડીના બચ્ચાનું લાલિત્ય તેની રમતમાં જોવા મળે છે. હૉકી-સ્ટિકથી દડાને નચવતો નચવતો ધ્યાનચંદ કેટલાક વાર સુધી આડો ફંટાતો દોડ્યો જાય છે ત્યારે તો તેણે દડા પર કંઈક કામણ જ કર્યું હોય એમ લાગ્યા વિના રહેતું નથી!'

રમતગમતના ક્ષેત્રમાં મોટામોટા બદલા મેળવવાની કે દેખાવો કરવાની આશાએ ધ્યાનચંદે હૉકીની રમતની આ દિશા નહોતી લીધી, અને જ્યારે તે આ ક્ષેત્રમાં પડ્યો ત્યારે–પરતંત્રતાના યુગમાં–તો જગત સમસ્તના ગૌરવરૂપ ભારતીય ખેલાડીઓને પ્રોત્સાહન તો શું પણ તેમના તરફ લક્ષ સરખું યે આપવામાં નહોતું આવતું. છતાં તે આ રમતમાં જે રીતે આગળ વધ્યો તે કેવળ પુરુષાર્થ અને નિષ્ઠાની પ્રેરક ને ગૌરવભરી કથા છે. જ્યારે તેનું નામ આખા જગતમાં 'હૉકીના જાદુગર' તરીકે મશહૂર હતું ત્યારના, તેની કારકિર્દીના એ સુવર્ણકાળમાં ફાઉન્ટનપેન કે ઘડિયાળ ખરીદવા જેટલા યે પૈસા તેની પાસે નહોતા! ૧૯૩૬માં બર્લિન ખાતે યોજાએલી ઑલિમ્પિક હરીફાઈ વખતે ખેલાડી તરીકે તેને જે ભેટ મળી તે તેની પહેલવહેલી ફાઉન્ટનપેન હતી!

ઈ. ૧૯૩૨માં તે અમેરિકા ગયો ત્યારે નૉર્મા શીઅરર, ચાર્લી ચૅપ્લિન, મેરી પિકફર્ડ, ડગ્લાસ ફેરબૅંક્સ, બૉરિસ કાર્લોફ આદિ જગનામી ફિલ્મી નટનટીઓએ તેની મુલાકાત લીધેલી. ઈ. ૧૯૩૬માં બર્લિનમાં હિટલરે તેની સાથે હસ્તધૂનન કર્યું હતું. પરંતુ ધ્યાનચંદને મન તો પોતાને માટે આ બધી મુલાકાતો કરતાં ઈ. ૧૯૩૫માં ઍડિલેડ મુકામે બ્રૅડમૅને લીધેલી તેની મુલાકાત તેના જીવનમાં સૌથી વધુ સંસ્મરણીય પ્રસંગ બની રહેલો. આ મુલાકાત વખતના બ્રૅડમૅન સાથેના પોતાના ફોટોને તેણે પોતાના આલ્બમમાં પહેલે પાને સ્થાન આપ્યું છે. ઈ. ૧૯૪૮માં તેનું સ્વાગત કરવા માટે કલકત્તા ખાતે યોજાએલા સમારંભ વખતે માનપત્રમાં તેને 'જાગતિક હૉકીના બ્રૅડમૅન'નું બિરુદ અપાએલું. હૉકીની રમતના ક્ષેત્રમાં અજેયત્વ મેળવનાર અને દુનિયાભરમાં ભારતનું નામ રોશન કરનાર આ ખેલાડીને ગયા જાન્યુઆરીની ૨૬મીના ગણરાજ્યદિનના માનપ્રદાન પ્રસંગે ભારતે 'પદ્મભૂષણ'ના ઇલકાબથી નવાજ્યો છે એ સર્વથા ઉચિત જ થયું છે.

ધ્યાનચંદની હજુ જે કંઈ રડીખડી મહત્ત્વાકાંક્ષાઓ રહી છે તેમાંની એક ભારતને હૉકીના ક્ષેત્રમાં સદા ઉન્નતમસ્તક જોવાની છે અને આ કારણે જ ચાલુ સાલ મેલબૉર્ન ખાતે રમનારી ઑલિમ્પિક માટે ઑસ્ટ્રેલિયાના ખેલાડીઓને શિક્ષણ આપી તૈયાર કરવાની ત્યાંથી મળેલી દરમાયાવાળી માગણીને તેણે પાછી વાળી છે. ધ્યાનચંદનો ભારતીઓને સંદેશ છે: ભારતનો ધ્વજ હમેશાં ફરકતો રાખજો.

મુઘલ જમાનાનું એક ઐતિહાસિક કથાનક

દીકરો અને દોસ્ત

લેખક : ચુનીલાલ વર્ધમાન શાહ

'અબ્દુલ! તરસ ખૂબ લાગી છે, મને પાણી આપ!' આગ્રાના કિલ્લામાંના એક વિશાળ ખંડની વચ્ચે પલંગમાં સૂતેલા મુઘલ બાદશાહ શાહજહાંએ સામે ઊભેલા ખાનસામાને ફરમાવ્યું.

તુરત અબ્દુલે બાજુના ખંડમાંથી સુરાહી લઈ આવી સ્ફટિકના પ્યાલામાં પાણી રેડી બાદશાહની સામે ધર્યું. પણ બાદશાહે પ્યાલો હોઠે અડાડી એક ઘૂંટ પીધો તેવી જ બૂમ મારી: 'આવું પાણી?! ખારું ઊસ ને કડવું ઝેર!' તેની ગુસ્સાભરી આંખો ખાનસામા સામે તાકી રહી.

ખાનસામાએ સર ઝુકાવતાં કહ્યું: 'ખુદાવંદ, કિલ્લાની વાવનું એ પાણી છે: બીજું પાણી કિલ્લામાં નથી!'

'કેમ નથી? જમનાનું પાણી કેમ ભરાવ્યું નથી?'

'જહાંપનાહ, જમનાનું પાણી ભરાવી રાખેલું તે ખૂટી ગયું છે. કિલ્લાનાં માણસો તો છસાત દિવસથી આ જ પાણી પર ગુજારો કરે છે!'


બાદશાહે ઊંડો નિઃશ્વાસ નાખ્યો.

ઈ. ૧૬૫૬ના સપ્ટેમ્બરથી શાહજહાં વૃદ્ધાવસ્થાની બીમારી ભોગવતો આગ્રાના કિલ્લામાં રહ્યો હતો. રોજ જમનાનું મીઠું જળ તે પીતો; પરંતુ આજે તો તેને પણ એ જળ મળવું અશક્ય બની ગયું હતું!

શાહજહાંને ચાર પુત્રો હતા અને તે સૌ પિતાની માંદગીને આ વખતે દિલ્હીનું તખ્ત હાથ કરવાને અધીરા બની ગયા હતા તે શાહજહાંની જાણમાં હતું. શાહજાદો શુજા બંગાળનો હાકેમ હતો, તે સૌથી પહેલો સાવધ બની ગયો હતો અને તેણે બંગાળ તથા બિહારમાંથી સેના એકઠી કરી દિલ્હી તરફ પ્રયાણ આરંભ્યું હતું. મુરાદ ગુજરાતનો હાકેમ હતો, તેણે બધા શાહી ખજાનાઓમાં હતું તેટલું ધન એકઠું કરી લીધું હતું અને સૂરતને ઘેરી ત્યાંના સૂબા પાસેથી પણ મળ્યું તેટલું ધન ખંખેરી લીધું હતું, અને દિલ્હી તરફ કૂચ શરૂ કરી હતી.

શાહજાદો ઔરંગઝેબ દક્ષિણનો હાકેમ હતો. તેણે પણ લશ્કર એકઠું કરીને ઉત્તર તરફ કૂચ આરંભી હતી, પણ શુજા અને મુરાદની પેઠે તેણે બાદશાહપદ ધારણ કરવાની ઉતાવળ નહોતી કરી. બાદશાહને નામે દારા બધા હાકેમો તથા સૂબાઓને હુકમો ફરમાવતો હતો, તે ઔરંગઝેબે પોતા પરના એક હુકમ ઉપરથી જાણ્યું ત્યારે તે સમજી ગયો કે દારાને હઠાવવાનું મુશ્કેલ કામ હવે પોતાને બજાવવું પડશે. તેણે મુરાદને પોતાના પક્ષમાં લીધો, અને વિષ્ટિમાં મુરાદ જ બાદશાહપદ લેવાને લાયક છે એવો ભાસ તેનામાં ઉત્પન્ન કરી ઔરંગઝેબ તેની પ્રશંસા કરવા અને તેની ખૂબ ખાતરજમા કરવા લાગી ગયો. એ રીતે બંને ભાઇઓનાં લશ્કર એકઠાં થયાં. તો પણ દારા પાસેની મોટી શાહી સેના પાસે તો એ લશ્કર નાનું જ હતું.

દારાએ ઔરંગઝેબને ચંબલ નદી પાસે રોકવા યત્ન કર્યો, પણ તે નિષ્ફળ ગયો. પરિણામે આગ્રાથી થોડે દૂર શામુગઢ પાસે દારાનાં અને ઔરંગઝેબનાં લશ્કરો વચ્ચે ખૂનખાર લડાઇ થઈ, અને તેમાં દારાનો પરાજય થયો! દારા ચાલતા યુદ્ધે પોતાના ઘવાએલા હાથી પરથી ઊતરી ઘોડા પર બેઠો. સૈનિકોએ શાહજાદાને નાસી ગએલો માન્યો એટલે તેઓ નિરાશ થઈ વીખરાવા લાગ્યા, અને તેથી જ દારાને નાસિપાસ થઇ આગ્રામાં પાછા ફરવું પડ્યું. તે પિતાને મોં પણ બતાવી ન શક્યો. તેની આસપાસ માત્ર બસો ઘોડેસવારોથી વધુ અંગરક્ષકો પણ નહોતા. તેણે પોતાનાં બાળકો તથા બેગમને સાથે



↑ મુઘલ કલમનું એક સિદ્ધહસ્ત આલેખન

લઈ વિના વિલંબે દિલ્હી તરફ દોટ મૂકી. દારાના પરાજયની અને પલાયનની વાત માંદગીની પથારી પર બાદશાહે સાંભળી અને તેને ખૂબ દુઃખ થયું. દારા સૌથી મોટો પુત્ર હતો, દિલનો સાફ હતો, પિતા પ્રત્યે ભક્તિમાન હતો, તેથી બાદશાહનો તેની પર સૌથી વિશેષ પ્રેમ હતો. દારાના સંરક્ષણ માટે પૂરી સેના પણ તેની સાથે નથી એમ જાણીને બાદશાહે પાંચ હજાર ઘોડેસવારોને કેટલાક ધન સાથે પાછળ રવાના કર્યા, અને પોતે હવે ઔરંગઝેબની મુલાકાતની રાહ જોતો બેઠો.

શામુગઢના યુદ્ધક્ષેત્રમાં દારા નથી એવું જાણતાં જ એક બાજુએ દારાના સૈનિકો નાસવા લાગ્યા અને બીજી બાજુએ ઔરંગઝેબ જોરમાં આવતો ગયો. આગળ વધીને તેણે દારાની અંગત છાવણી હાથ કરી, ત્યારે તેણે જાણ્યું કે પોતાનો સંપૂર્ણ વિજય થયો છે. તેણે ખુદાનો આભાર માન્યો અને મુરાદને મુબારકબાદી આપી: 'ભાઈ! તમારી પોતાની અને તમારા સૈનિકોની વીરતાએ આ યુદ્ધમાં વિજય અપાવ્યો છે એમાં શંકા નથી. હું તો એક નાચીઝ લડવૈયો છું; મારાથી તમારા જેવું યુદ્ધ લડી શકાય નહિ!' એમ કહી ઔરંગઝેબે મુરાદના ઘા સ્વહસ્તે સાફ કરી તે પર પાટાપીંડી કરવા માંડી.

શામુગઢથી બે મુકામ કરીને ઔરંગઝેબે આગ્રાના કિલ્લાથી થોડે દૂર નૂર મંઝિલ નામના બગીચામાં મુકામ રાખ્યો. દારાના સૈનિકો ને સેનાનીઓ આવીને તેને અને મુરાદને ઝૂકીઝૂકીને સલામો કરવા લાગ્યા તથા તેમની નોકરીમાં રહેવા લાગ્યા. ઔરંગઝેબ જાણતો હતો કે સૈનિકો તો જેનું લૂણ ખાય તેને માટે લડીને માથું આપનાર ધંધાદારીઓ માત્ર છે; સામા પક્ષની નોકરી કરવા માટે તેમનો દોષ જોવાનો કશો અર્થ નથી. વળી દિલ્હીનું તખ્ત મેળવતાં પહેલાં હજી સારી પેઠે મજલ કાપવાની હતી; એટલે પોતાનું સેનાબળ વધે તે માટેની તક તેણે સાધી લીધી. આમ શામુગઢની જીત પછી તેનું લશ્કરી બળ ઝડપથી વધવા લાગ્યું.

ઔરંગઝેબે હવે પિતાને એક પત્ર લખ્યો. પત્ર ખૂબ મીઠાશથી ભરેલો હતો. આ બધું યુદ્ધનું ઘમસાણ પોતાને અનિચ્છાએ અને નાઇલાજે કરવું પડયું હતું, નહિ તો મોટા ભાઈ સાથે લડવાનો પોતાનો ઇરાદો નહોતો, એમ જણાવી તેણે પિતાની માફી માગી હતી. શાહજહાંએ પણ તેનો સારો ને મમતાભર્યો જવાબ લખ્યો, તેમજ પોતાની મુલાકાતે આવવા પુત્રને આમંત્રણ આપ્યું. એ પત્ર લઇને બાદશાહના બે સરદારો નૂર મઝિલે ગયા. ઔરંગઝેબે પિતા તરફનો પત્ર સ્વીકારી, આંખે લગાડી, પછી ફોડીને વાંચ્યો. અને પિતાના આમંત્રણનો સ્વીકાર કર્યો.

બીજે દિવસે ફરી બાદશાહના સરદારો ઔરંગઝેબને મળ્યા અને પુત્ર માટે બાદશાહે મોકલેલી કેટલીક વસ્તુઓ નજર કરી, જેમાં શાહજહાંની 'આલમગીર' નામની જાણીતી તલવાર જેવી કેટલીક તો ખૂબ મૂલ્યવાન હતી. એ મોકલીને બાદશાહે કહાવ્યું હતું કે પોતે પુત્રને મળવા ખૂબ આતુર છે માટે તેણે હવે વિના વિલંબે મુલાકાતે આવવું.

પણ ઔરંગઝેબનું મન હવે બદલાઈ ગયું હતું! તેના બાતમીદારોએ તેને ખબર આપી હતી કે દારા પ્રત્યેનો બાદશાહનો પક્ષપાત હજી જેવો ને તેવો જ છે. દારાએ આગ્રા છોડયું ત્યારે તેની પાછળ બાદશાહે જ કેટલુંક ધન તથા સંરક્ષણ માટે સેના મોકલી આપ્યાં હતાં.

ઔરંગઝેબ કોઈ પણ વ્યક્તિ કે પ્રસંગ ઉપર પૂરો ઇતબાર મૂકી શકતો નહિ. તેને કોઈ પણ બાબતમાં તરત વહેમ પડી જતો. તેના સ્વભાવમાં જ એ અવિશ્વાસનું તત્ત્વ રહેલું હતું. આ કારણે તે અતિ સાવધાન વૃત્તિથી રહેતો હતો. તેથી કેટલીક વાર તેને લાભ થતો અને કેટલીક વાર નુકસાન પણ થતું. આ વખતે તેને પિતાની મુલાકાતના આમંત્રણ ઉપર વિશ્વાસ આવ્યો નહિ. તેને વહેમ પડયો કે બાદશાહ પોતાને મુલાકાત માટે બોલાવી કેદ કરવાનો મનસૂબો ધરાવે છે. આ વહેમની બાદશાહને ખબર પડી, એટલે બાદશાહે ઔરંગઝેબ ઉપર પત્ર લખી ત્રીજી વાર સરદારોને તેની પાસે મોકલ્યા. તેમણે વાતચીત દરમ્યાન ઔરંગઝેબનો સંશય ટાળવાને ખૂબખૂબ ખાતરી આપી, સોગંદ ખાધા, વિનવણી કરી, પણ ઔરંગઝેબનું મન માન્યું નહિ.

ઔરંગઝેબની મુલાકાતે શાહજહાં તરફથી જે બે સરદારો આવ્યા હતા તેમાં એક હતો બાદશાહનો અંગત કારભારી ફાજલખાં અને બીજો હતો મુઘલ દરબારનો વડો કાજી ખલીલુલ્લાખાં. બેઉનો ખૂબખૂબ આગ્રહ સાંભળી લીધા પછી ઔરંગઝેબે ખલીલુલ્લાખાંને એકલાને એકાંતમાં બોલાવી તેની સાથે વાતચીત કરવા માંડી. ત્યારે ખલીલુલ્લાખાંએ ઔરંગઝેબને સાફ કહી દીધું કે 'આપનો વહેમ સાચો છે. આપને કેદ કરવાનો જ બાદશાહનો ઇરાદો છે; એટલે જો આપને એ ત્રાસમાંથી છૂટવું હોય તો બાદશાહને જ કેદ કર્યા વિના ચાલી શકવાનું નથી.'

આ રહસ્ય જાણ્યા પછી ઔરંગઝેબે ખલીલુલ્લાખાંને અટકમાં રાખ્યો અને એકલા ફાજલખાં સાથે બાદશાહને કહાવ્યું કે પોતે પિતાને મળવા જવા બિલકુલ ઇચ્છતો નથી. આમ, ઔરંગઝેબ સાથે સમાધાની કરવાનો કોઈ માર્ગ હવે રહેલો ન જોઇને શાહજહાંએ કિલ્લાના રક્ષણ માટે પુત્ર સાથે લડી લેવાનું જ ઠરાવ્યું. તેણે કિલ્લાની આસપાસ લશ્કર ગોઠવવા માંડયું, કિલ્લાના દરવાજા બંધ કર્યા અને બુરજો ઉપર પોતાના વિશ્વાસુ અમલદારોનો બંદોબસ્ત કર્યો. પંદર સો તાતાર સૈનિકોની એક ટુકડીને તેણે લડવા માટે સજ્જ રાખી.

બીજી બાજુ ઔરંગઝેબ કિલ્લાને કબજે લેવાની તૈયારી કરી રહ્યો. ઝુલફિકારખાં અને બહાદુરખાં એ બે સેનાપતિઓએ પોતપોતાનાં લશ્કરો સાથે કિલ્લાની નજીક આવ્યા અને હલ્લો શરૂ કર્યો. પહેલાં તોપમારો કરવામાં આવ્યો. એક તોપ જુમામસ્જિદના ચોતરા પરથી અને બીજી જમનાના કાંઠા પર આવેલા દારાના મહેલના ચોતરા પરથી ઉપરાઉપરી ફોડવામાં આવતી હતી. તોપોએ ખૂબ ગોળા છોડયા, પણ તેથી કિલ્લો ડગ્યો નહિ, ગાબડાં પડયાં નહિ. કિલ્લાને એ રીતે કબજે લઈ શકાય એમ ઔરંગઝેબને લાગ્યું નહિ.

કિલ્લાને તાબે કરવામાં હવે જો ઝડપ કરવામાં ન આવે તો દિલ્હી જઈ રહેલો દારા ત્યાંથી લશ્કર લઇને આગ્રે આવી પહોંચે એવો ભય હતો. ઔરંગઝેબે સરદારોની સભા મેળવી અને કિલ્લો જલદી તાબે કરવા કયો માર્ગ લેવો તે વિષે વિચારોની આપલે કરવામાં આવી. છેવટે એક ભયંકર નિર્ણય લેવામાં આવ્યો: કિલ્લાના જે દરવાજેથી જમના નદીનું પાણી લઈ જવાતું હતું તે દરવાજાનો કબજો લઇને પાણી જતું બંધ કરવું! લશ્કરે લડાઈના બીજા કોઈ મોરચાની પરવા ન રાખતાં માત્ર ખિજરી દરવાજાનો જ કબજો લીધો અને કિલ્લામાં જતું પાણી રોકી લીધું!

પરિણામે છ દિવસ પછી ખુદ બાદશાહને માટે પણ જમનાનું ટીપું યે જળ રહેવા ન પામ્યું અને માંદગીને બિછાને તે ફફડી ઊઠયો. તેના હાથ હેઠા પડયા! લાચાર થઈ તેણે પુત્ર પર પત્ર લખ્યો: 'બેટા! તું ખરેખર સિંહનો બચ્ચો છે! તારી બુદ્ધિ ને બહાદુરીએ મને મા'ત કર્યો છે. બેટા! તેં મારું પાણી પણ ઝૂંટવી લીધું? ખુદાની ઇચ્છા વિના ઝાડનું પાંદડું પણ હાલતું નથી, ત્યાં તું તારી સત્તાનો તોર બતાવવાનું છોડી દે! આ ક્ષણભંગુર જિંદગી પછીનો માર્ગ ઘોર અંધકારથી ભરેલો છે, તે તને નહિ સૂઝતો હોય, પણ સાચો મુસલમાન વીરની સામે લડતાં પણ માણસાઈ ભૂલતો નથી, તે તું ભૂલી ન જા, બેટા!'

પણ એ પત્રની કશી અસર ન થઈ. ઔરંગઝેબે જવાબ આપી દીધો કે, 'આ બધી પરિસ્થિતિના મૂળ કારણ રૂપ આપ પોતે જ છો; તેમાં મારો કશો ઉપાય નથી!'

પુત્ર ને પિતા વચ્ચેનો આ પત્રવ્યવહાર બેત્રણ દિવસ લંબાયો પણ ઔરંગઝેબ ઉપર કશી અસર થઈ નહિ, એટલે બાદશાહ જ છેવટે કંટાળ્યો. તેની માંદગી ચાલુ જ હતી, એવામાં મીઠા પાણીનો દુકાળ પડવાથી તે વધારે અશક્ત થતો જતો હતો. એ અસહ્ય પરિસ્થિતિમાં તેણે ઔરંગઝેબને છેલ્લો પત્ર લખ્યો. એ પત્રમાં તેણે પોતાની આ સ્થિતિ માટે દૈવનો જ દોષ માન્યો અને ઔરંગઝેબને કહ્યું, 'હું તને કહું છું કે તારી થઈ રહેલી ગેરઆબરૂમાંથી બચવા તું કુરાનને માન આપ અને મુઘલ શાહાનશાહની આબરૂને મેશ ચોપડવાનું કામ ન કરતાં તને ઠીક લાગે તે માર્ગે તું મને આ યાતનામાંથી છૂટો કર!'

ઔરંગઝેબે તુરત તેનો જવાબ આપ્યો: 'આપ આપના અમલદારોને કિલ્લાના દરવાજા ઉઘાડી નાખવાનો હુકમ કરો અને મારા મનમાંનો સંશય એ રીતે નાબૂદ થવા દો. ત્યાર પછી હું મારી મરજીમાં આવશે તેમ કરીશ અને કોઇને કષ્ટ પડે એવું કાર્ય કરીશ નહિ.'

એ રીતે ઔરંગઝેબે આગ્રાનો કબજો લીધો અને તુરત બાદશાહને જમનાનું પાણી પીવા મળ્યું. શાહજહાંના અમલદારો અને પાસવાનોને તેણે બાદશાહ પાસેથી દૂર કર્યા અને પોતાના વિશ્વાસુ અમલદારોની નિમણૂક કરી. શાહી ખજાનામાંનાં જર-જવાહિર નાણાં તેણે પોતાને હાથ કર્યાં. પિતાને તેણે જીવવા તો દીધો, પણ તેને પોતાના પુત્ર સુલતાન મહમદની કડક પહેરેગીરી હેઠળ કેદી રૂપે રાખ્યો.

દાંત અને નહોર કાઢી લીધા પછીના સિંહની સ્થિતિમાં શેષ જીવન ગાળવાનું એ પદભ્રષ્ટ ને કેદી બાદશાહના ભાગ્યમાં લખાયું હતું. કિલ્લામાંથી તે રોજરોજ નજર સામે જ આવેલી પ્રિય બેગમ મુમતાઝ મહાલની કબરનાં-તાજમહાલનાં દર્શન કરતો, બેગમના પ્યારનું સ્મરણ કરતો અને બાદશાહી દરમ્યાન માણેલી મોજ તથા ગજાવેલી સત્તાના ઓળા સંભારી સંભારીને નિઃશ્વાસો નાખતો. તેના દિલને આસાયેશ કે આરામ આપે એવું ત્યાં કશું જ હતું નહિ.

આગ્રા કબજે કરીને અને પિતાને તે જ કિલ્લામાં કેદી રૂપે રાખીને ઔરંગઝેબ દિલ્હી ઊપડચો. તેણે મુરાદને મૂગે મોઢે પકડીને કેદીની મિસાલે ગ્વાલિયરના કિલ્લામાં મોકલી દીધો; દારાને હરાવીને, કેદ કરીને છેવટે તેનો શિરચ્છેદ કર્યો; શુજાને ઉપરાઉપરી હરાવીને આરાકાનમાં નસાડી મૂકચો અને પછી 'બાદશાહ આલમગીર' નામ ધારણ કરીને દિલ્હીના તખ્ત પર ચડી બેઠો.

તખ્તનશીન થયા પછી એક દિવસ ઔરંગઝેબે બધા શાહી હાથીઓને પોતાની સમક્ષ લડાવવાની હાથીખાનાના મુખ્ય મહાવતને આજ્ઞા કરી. દિલ્હીના લાલ કિલ્લામાં દીવાને આમની સામેના મેદાનમાં બધા હાથીને હારબંધ ઊભા કરવામાં આવ્યા. હાથીની કતારો ઉપર નજર ફેરવી લીધા પછી ઔરંગઝેબે જોયું કે તેમાં એક હાથી નથી જેનું નામ હતું 'ખાલિકદાદ'. એ હાથી શાહજહાંનો માનીતો હતો. ઔરંગઝેબે મહાવતને પૂછ્યું: 'ખાલિકદાદ ક્યાં છે?'

મહાવતે ડરતાં ડરતાં હાથ જોડીને કહ્યું: 'ખુદાવંદ! ખાલિકદાદ કિલ્લાની બહાર ઊભો છે. તે કોઈ રીતે અંદર આવતો નથી. તેને લાવવાના મારા બધા યત્નો નિષ્ફળ ગયા છે.'

'એમ છે? તો સાંભળ! ત્રણ દિવસ પછી તેને જો કિલ્લામાં નહિ લાવવામાં આવે તો હું તને ગુનેગાર લેખીશ!'

એ ખાલિકદાદે તો પોતાનો ઇતિહાસ સર્જ્યો હતો. પચીસ વર્ષ પૂર્વે ઈ.સ. ૧૬૩૦માં જ્યારે શાહજહાં જાતે બંડખોર ખાન ઝમાન અને તેના સાથીઓને જેર કરવા તેની પૂંઠ પકડતો બુંદેલખંડમાં ધસી રહ્યો હતો, ત્યારે ચંપતરાય બુંદેલો પોતાના ગુપ્ત રહેઠાણમાંથી બહાર નીકળી બાદશાહના લશ્કરની સામે થયો હતો. યુદ્ધના સ્થાનથી દૂર રહેલી છાવણીમાં શાહજહાં યુદ્ધના પરિણામની આતુરતાથી રાહ જોઇ રહ્યો હતો. એક પછી એક કાસદો આવતા હતા અને તેઓ ખૂનખાર લડાઈના સમાચાર આપવાની સાથે રાજપૂત ઘોડેસવારો મરણિયા થઇને લડતા હોવાનું કહેતા હતા. ધીરેધીરે લડાઈનું ઘમસાણ વધવા લાગ્યું. ધૂળની ડમરી એટલા વિસ્તારમાં ચડી કે બાદશાહના જોવામાં કશું આવતું નહોતું. બાદશાહ હાથી પર ચડીને જોવા લાગ્યો, પરંતુ વસ્તુસ્થિતિ કળી શકાય તેવી નહોતી. એટલામાં તેણે જોયું કે બુંદેલા ઘોડેસવારોનું એક જૂથ પોતાની છાવણી તરફ દોડી આવી રહ્યું છે અને મુઘલ સૈનિકો તેને રોકી-શકચા નથી!

એ ઘોડેસવારોએ આવતાંવેંત હાથી પર બેઠેલા બાદશાહને ઘેરવા યત્ન કર્યો. બાદશાહના અંગરક્ષકો સામા થયા પણ તેઓ બુંદેલા સવારોને ખાળી શકચા નહિ. હાથી પર બાદશાહની સાથે બેઠેલો એક વીર મનુષ્ય પર તીર ચડાવીને એક પછી ફેંકવા લાગ્યો, બાદશાહ પોતે પણ તીરો અને ભાલાં ફેંકવા લાગ્યો, પણ શત્રુને હઠાવી શકાય તેમ લાગતું નહોતું. બાદશાહને માટે કાં તો મૃત્યુ અને કાં તો કેદ આવી પહોંચવાનો સમય બહુ દૂર જણાતો નહોતો. એવામાં એક આશ્ચર્યજનક ઘટના બની. શાહજહાંએ જોયું કે પોતાના હાથીએ, હાથીને જે વડે બાંધવામાં આવે છે તે લોઢાની મોટી સાંકળ સૂંઢમાં ઉઠાવી અને તેને લાબી તલવારની જેમ ચોમેર ઘુમાવવા માંડી! હાથી એવી તો તેજીથી તે સાંકળ ઘુમાવતો હતો અને પોતે પણ ઘૂમતો હતો કે બુંદેલા ઘોડેસવારો તેની નજીક ઢૂકવા પણ અશક્ત બની ગયા! એટલામાં તો સેનાના શાહી ઘોડેસવારો મોટી સંખ્યામાં દોડી આવ્યા અને તેમણે બુંદેલાઓને હાંકી કાઢચા.

તે દિવસે શાહજહાં એ હાથી પર એટલો પ્રસન્ન થયો કે તેણે તેને ખુદાની દેણગી માની તેનું નામ 'ખાલિકદાદ' રાખ્યું. ખાલિકદાદને ઘણા ઘા વાગ્યા હતા તે માટે તેને પાટાપીંડી કરી તેની સેવા માટે ખાસ માણસો નીમવામાં આવ્યા. ત્યાર પછી ખાલિકદાદ ઉપર બાદશાહ સિવાય બીજા કોઇને સવારી કરવાની પરવાનગી મળતી નહિ.

આમ બાદશાહ અને ખાલિકદાદ વચ્ચે જે દોસ્તી બંધાઇ હતી તે શાહજહાં પદભ્રષ્ટ થઈ કેદમાં પડ્યો ત્યારે પણ ચાલુ જ હતી. શાહજહાંના હાથીખાનામાં ત્રણ હજાર હાથીઓ હતા, તેમાં ખાલિકદાદ સૌથી વધારે ઊંચો હતો. તેના મસ્તક પર ચાંદ લગાડવામાં આવતા. અઠવાડિયામાં બેવાર શાહજહાં તેને મળવા જતો અને પ્યારથી તેને પોતાના હાથે થાબડતો અને પંપાળતો. તે તેને ફળ અને મેવા સ્વહસ્તે ખવડાવતો. તેને ઓઢાડવાને બાદશાહે સુંદર ઝૂલો તથા પહેરાવવાને સોના રૂપાના મૂલ્યવાન અલંકારો બનાવરાવ્યા હતા.

પરંતુ એ મહેરબાન દોસ્તની મુલાકાત, તેનું દર્શન, તેનું થાબડવું, તેનું પંપાળવું હવે ખાલિકદાદના નસીબમાંથી ખોવાઈ ગયું હતું. બાદશાહ આગ્રાના કિલ્લામાં હતો ને ખાલિકદાદ દિલ્હીના હાથીખાનામાં. હાથીને એ પ્યારા બાદશાહનો વિયોગ સાંભરતો ને સાલતો હતો. આ વાત મહાવતથી અજાણી નહોતી, પરંતુ તેને ઔરંગઝેબનું ફરમાન હતું એટલે ખાલિકદાદને લાલ કિલ્લામાં લઈ ગયા વિના તેનો છૂટકો નહોતો. પણ ખાલિકદાદ હઠે ચડચો હતો. તે હઠ છોડાવવી કઈ રીતે?

મહાવતે હાથીને તે દિવસથી ખાવાનું આપવાનું બંધ કર્યું. તેણે માન્યું કે ભૂખ્યો રહેવાથી એ હઠીલો હાથી ઠેકાણે આવી જશે.

જે દિવસે તેને ઔરંગઝેબની સમક્ષ લઈ જવાનો હતો તે દિવસ આવી પહોંચતાં મહાવતે તેને નવડાવ્યો, તેના શરીરે રંગીન ચિતરામણો કાઢચાં, તેને ઘરેણાં પહેરાવ્યાં ને પછી તેને કિલ્લા તરફ દોર્યો.

એ વખતે ખાલિકદાદ કિલ્લો આવતાં અટકચો નહિ, પણ દરવાજામાં પોતાની મેળે દાખલ થયો ને મહાવતની સાથે મેદાનમાં જઈ ઊભો. ઔરંગઝેબ તેને જોઇને ખુશ થયો. મહાવતે હાથીને બોલીને તથા ઇશારો કરીને ફરમાવ્યું: 'બાદશાહને સલામ કર, બેટા!'

હાથીએ સૂંઢ ઉપાડી. ક્ષણભર લાગ્યું કે તે સલામ કરશે. પણ બીજી જ ક્ષણે તેણે જોરથી ત્રાડ નાંખી ને આમતેમ ઘૂમતો તે નાસી છૂટચો.

લાલ કિલ્લાના દિલ્હી દરવાજા પર પથ્થરના બે હાથી ઊભા હતા. તે ઉપર બે મૂર્તિઓ હતી. એ મૂર્તિઓ કોઈ વીર પુરુષોની સ્મૃતિમાં બેસાડવામાં આવી હતી. ખાલિકદાદે ગુસ્સાના આવેશમાં એ પથ્થરના હાથીને ખરા હાથી માની તેની સામે જોરથી ટક્કર મારી, જેથી હાથી નીચે પછડાયો અને ખાલિકદાદ દરવાજાની બહાર નીકળી ગયો.

મહાવત ગભરાઇ ગયો, પણ ઔરંગઝેબ ખડખડાટ હસી પડચો. ખાલિકદાદની પોતાના પ્રિય બાદશાહ શાહજહાં પરની વફાદારી જોઇને તે પ્રસન્ન થયો હતો. પોતાને સલામ નહિ કરવા બદલ તેને હાથી પર કે મહાવત પર જરા ય રોષ ચડચો નહોતો.

બીજે દિવસે ઔરંગઝેબે ખાલિકદાદને આગ્રા તરફ રવાના કર્યો. ત્યાં તેને એવે સ્થાને રાખવામાં આવ્યો કે જ્યાં શાહજહાં ને ખાલિકદાદ પરસ્પરની દોસ્તી નિભાવી શકે અને સંતોષ પામી શકે. ખાલિકદાદની સમીપતાએ શાહજહાંનું કેદનું દુઃખ હળવું કર્યું.

લાલ કિલ્લાના દ્વાર પરના એક હાથીને ખાલિકદાદે તોડી પાડચો હતો, ત્યાર પછી ઔરંગઝેબે બીજા હાથીને પણ ત્યાંથી ખસેડચો હતો. ત્યાર બાદ બસો વર્ષે લૉર્ડ કર્ઝને લાલ કિલ્લાના દિલ્હી દરવાજા પર બે નવા પથ્થરના હાથી મુકાવ્યા હતા તે આજે ઊભેલા જોવામાં આવે છે.

ખાલિકદાદ અને પુત્રે કેદમાં પૂરેલા પિતાની વાત અહીં પૂરી થતી નથી. નવ વર્ષ સુધી એ હાથી અને કેદી બાદશાહનો પરસ્પરનો પ્યાર અખંડ રહ્યો. ઈ.સ.૧૬૬૬ના ડિસેમ્બર માસમાં જે દિવસે શાહજહાંનું મૃત્યુ થયું, તે જ દિવસે ખાલિકદાદનું પણ જીવન પૂરું થઈ ગયું!

(સપ્ટેમ્બર ૧૯૫૬) ૩૪૨

હા, હવે તો વિદ્યાર્થીઓ કરે છે

અજ્ઞાત પ્રદેશોનાં સંશોધન ને મોજણીઓ

કૅનેડાના વિશાળ પ્રદેશના કેટલાક ભાગ એવા છે કે જે હજી તદ્દન વણશોધાએલા છે, ને માત્ર વિમાનથી જ એની મોજણી થઇ શકી છે. પણ છેલ્લાં ત્રણેક વર્ષથી કૅનેડિયન સત્તાવાળાઓ પાસે એ દુર્ગમ પ્રદેશોના પણ અતિશય ચોક્કસાઈથી દોરાએલા નકશાઓ આવે છે, વળી એની સાથે તે તે પ્રદેશની વનસ્પતિ, પ્રાણીસમૃદ્ધિ, ત્યાંનાં પંખીઓ ને જંતુ વગેરેના અભ્યાસની નોંધો તથા તે પ્રદેશના ભૂસ્તરની મોજણીઓના અહેવાલો જેવી બીજી ઘણી ઉપયોગી માહિતીઓ પણ મળતી રહે છે! તમને જાણીને નવાઈ લાગશે કે આ અહેવાલો અને નોંધો પાછળનું સંશોધનકાર્ય કોઈ સરકારી અધિકારીઓ કે કોઈ સ્થાપિત વિજ્ઞાનસંસ્થા નહિ, પણ શાળાકૉલેજોના વિદ્યાર્થીઓ કરે છે;—હા, વિદ્યાર્થીઓ જ! ઇંગ્લંડમાં 'બ્રિટિશ સ્કૂલ એક્સ્પ્લોરિંગ સોસાએટી' નામની વિદ્યાર્થીઓની એક સંસ્થા છે. તે દ્વારા ઉનાળાની રજાઓમાં સ્વેચ્છાએ આવું સંશોધન કરવા તથા તેમાં રહેલાં રસ અને સાહસ માણવા વિદ્યાર્થીઓ અવનવા પ્રદેશો ખેડે છે. આ સંસ્થાએ અત્યાર સુધીમાં આવી અઢારેક શોધસફરો કરી છે!

કૅપ્ટન સ્કૉટની દક્ષિણ ધ્રુવની સફરના એક સભ્ય અને શાહી નૌકાદળના ડૉક્ટર સર્જન કમાન્ડર મરે લેવિકે આજથી ૨૪ વર્ષ પહેલાં આ સંસ્થા સ્થાપી. આહારવિષયક બાબતોના નિષ્ણાત એ સંશોધક શોધસફરીનો ઉદ્દેશ આ સંસ્થા દ્વારા બ્રિટિશ વિદ્યાર્થીઓને દર વર્ષે જગતના કોઈ વણશોધાએલા પ્રદેશોમાં લઈ જઈ એમને સાહસભરી શોધસફરો ખેડવાની પ્રેરણા આપવાનો છે. આવી સફરોથી વિદ્યાર્થીઓને જ્ઞાન મળવા સાથે એમનામાં આત્મશ્રદ્ધા અને મૌલિકતા તથા ખેલદિલી ખીલી નીકળે છે અને તેઓ ભવિષ્યમાં આ જ ક્ષેત્રે મોટાં કાર્યો સહેલાઈથી કરી શકે તેવી તાલીમ તેમને આ અનુભવોમાંથી મળે છે.

સૌપ્રથમ ૧૯૩૨માં કમાન્ડર મરેએ માત્ર આઠ જ વિદ્યાર્થીઓ સાથે ફિનિશ લૅપલૅન્ડનાં ઠંડાંગાર વેરાનોમાં પહેલી શોધસફર કરી અને એમાં સફળ પણ થયા. બીજે વર્ષે પણ તેઓ ત્યાં જ ગએલા. આ વખતે એમની સાથે ૩૦ ચૂંટેલા વિદ્યાર્થીઓ, એક ડૉક્ટર ને ત્રણ મદદનીશો હતા. આ સફર વેળા તેમણે સંસ્થાની ભાવિ સફરો માટેની સાધનસામગ્રીઓ તથા ખોરાક વગેરેની અજમાયશો કરી જોઈ હતી. મૂળ તો આ યોજના બ્રિટનની વિખ્યાત 'પબ્લિક સ્કૂલો' માટે જ હતી, પણ હવે તો ૭૦ ઉપરાંત સરકારી શાળાઓ અને અન્ય યુવકસંઘો વગેરેના વિદ્યાર્થીઓ પણ તેમાં જોડાયા છે. ઉપરાંત જે પ્રદેશની સફર ખેડવાની હોય તે દેશના યુવકોને પણ પોતાની સાથે જોડાવાને આમંત્રણ અપાય છે યા તો તેમને મહેમાન તરીકે સાથે લેવાય છે.

મહાયુદ્ધનાં વર્ષો બાદ જતાં લગભગ દર વર્ષે ઉનાળાની રજાઓમાં કોઇ ને કોઈ વણશોધાએલા પ્રદેશમાં આ નાનકડા શોધસફરીઓની મંડળીઓ ઊતરી પડે છે. અત્યાર સુધીમાં આર્કટિક નૉર્વે, ફિન્લૅન્ડ, આઇસલૅન્ડ, કૅનેડા વગેરેના વણખેડાએલા હિમપ્રદેશોમાં તેઓ સંશોધનો કરી આવ્યા છે. એકલા ન્યૂ ફાઉન્ડલૅન્ડમાં જ તેઓએ સાત સફરો તો કરી છે. જોકે વૅકેશનના દિવસો તથા સફર દરમિયાનની અન્ય સગવડોની મર્યાદાને લીધે દૂરના દેશોની મુલાકાતો પર બંધન પણ આવી જાય છે, છતાં જે સ્થળે પહોંચવું સરળ હોય ત્યાં સાહસ અને ખડતલપણા માટે ઘણી તકો છે. હમણાં વળી આફ્રિકાના રૂહોડેશિયામાં પણ આવી એક સંસ્થાની સ્થાપના થઇ છે, અને જો ત્યાંની સરકાર પૂરી કે થોડીઘણી મદદ કરે તો ૧૯૫૭માં આ બંને સંસ્થાઓ ત્યાંની એક સંયુક્ત સફર યોજવાની વિચારણા કરે છે.



↑ ન્યૂ ફાઉન્ડલૅન્ડની સફર વેળા મોજણીકામ કરતા વિદ્યાર્થી

સફર દરમિયાન થતો ખર્ચ વિદ્યાર્થીએ પોતે જ ભોગવવાનો હોય છે. હમણાં જોકે ગયા વિશ્વયુદ્ધની મોંઘવારીની અસરથી ખર્ચ જરા વધારે આવે છે, પણ વિના વેતને કાર્ય કરતી આ સંસ્થાને ખાનગી ભંડોળો, શિક્ષણ અધિકારીઓ તથા ધર્માદા અને વ્યક્તિગત ફંડફાળામાંથી પણ પૈસા મળતા રહે છે એટલે માત્ર પૈસાને વાંકે કોઇ યોગ્ય વિદ્યાર્થી રહી જાય એમ થતું નથી. સફર દરમિયાન ડેરા-તંબૂઓ તથા રસોઈનાં સાધનો સંસ્થા પોતે પૂરાં પાડે છે. અન્ય વૈજ્ઞાનિક સાધનો કાં તો ભાડે લવાય છે અથવા નૌકાદળ, યુદ્ધકચેરી કે હવાઈ દળ તેમજ મ્યૂઝિયમો પાસેથી ઉછીનાં લેવાય છે.

ફક્ત ૫૦ થી ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓને જ લઈ જઇ શકવાની મર્યાદાને કારણે દર વર્ષે કેટલાયે ઇચ્છુકોને આ સફરોમાં જોડાવાનો લાભ ગુમાવવો પડે છે; પણ છતાં ફક્ત પૈસાને લીધે જ પોતે રહી ન જાય એટલા સારુ કેટલા યે વિદ્યાર્થીઓ પ્રયત્નશીલ રહે છે. ભૂભૌતિકશાસ્ત્રી (જીઓફિઝિસિસ્ટ) થવાની મહત્ત્વાકાંક્ષાવાળા લંડનના એક વિદ્યાર્થીએ ત્યાંના પ્રાણીસંગ્રહસ્થાનમાં જોવા આવતા લોકોને આઇસક્રીમ વેચી વેચીને પોતાનો ખર્ચ કાઢેલો ને ન્યૂ ફાઉન્ડલૅન્ડ ગએલો! શ્રુસબરીના ત્રણ વિદ્યાર્થીઓએ નકામા કાગળો વીણીવીણીને એકઠા કરેલા અને એ પસ્તી વેચીને તથા પોતાની શાળામાં અવારનવાર રંજન-કાર્યક્રમ યોજીને પૈસા એકઠા કરેલા. આમ, શાળાના સમય પછી કંઇ ને કંઇ પ્રામાણિક કામ કે નોકરી ખોળી લઇને તથા પોતાની અંગત હાથખર્ચી પર કાપ મૂકીને કેટલા યે વિદ્યાર્થીઓ પોતાનો આ વિદ્યાપ્રેમ પોષે છે.

પણ આ શોધસફરોમાં જવા માટે માત્ર પોતાના ખર્ચને પહોંચી વળવું જોઇએ એટલું જ પૂરતું નથી. સૌપ્રથમ તો ઇચ્છુક વિદ્યાર્થીએ પોતાની તંદુરસ્તી માટેનું દાક્તરી સર્ટિફિકેટ રજૂ કરવું પડે છે. વળી લંડનમાં સંસ્થાના મુખ્ય કેન્દ્રમાં તેમને તેમના રસના વિષયોને લગતા તથા તેમનાં ખડતલપણા, ખેલદિલી અને સાહસ પ્રત્યેનાં વલણ સાબિત કરવા માટેના અનેક પ્રશ્નો પુછાય છે; અને એ રીતે

એમની પૂરેપૂરી ચકાસણી કર્યા પછી જ તેમને સફરમાં લેવા માટે ચૂંટવામાં આવે છે. એટલે નર્યો સાહસપ્રેમ જ આ સફરમાં જોડવા માટે પૂરતો નથી. એમનું જ્ઞાન, આવડત, ખડતલપણું, દરેક સાથે હળી-મળી જવાનો મિલનસાર સ્વભાવ, બીજા માટે આત્મભોગ આપવાની તૈયારી વગેરેની પૂરી તપાસ થાય છે.

દરેક સફર વખતે મુખ્ય નાયકના મદદનીશ તથા સલાહકાર તરીકે નૌકાદળ, લશ્કર કે હવાઈદળના અનુભવી અધિકારીઓને પણ વિના વેતને સાથે લેવામાં આવે છે. ઉપરાંત સભ્યસંખ્યાના પ્રમાણમાં એક-બે નિષ્ણાત દાક્તરો પણ સાથે હોય છે. જોકે કોઇ વાર પ્રસંગોપાત્ત થતા નાના અકસ્માતો વગેરેમાં તો દાક્તરની જરૂર ન પણ પડે, અને ક્યારેક તો ખરાબ હવામાનને લીધે વિદ્યાર્થીઓને ભીને કપડે જ સૂવાની વેળા પણ આવે, તો પણ તંદુરસ્ત ને ખડતલ એવા એ ચૂંટેલા વિદ્યાર્થીઓ એથી બીમાર પડ્યાનો પ્રસંગ ભાગ્યે જ થયો હશે. છતાં એક વેળા, ન જાણે કેમ, એક વિદ્યાર્થીને ઓચિંતી એપેન્ડિસાઇટિસની પીડા ઊપડી ત્યારે સાથેના દાક્તરે ત્યાં ને ત્યાં જ કામચલાઉ ટેબલ પર બૅટરીને અજવાળે એનું તાત્કાલિક ઑપરેશન કરેલું! દરદી પણ તુરત સારો થઈ ગયો ને ૩૦ રતલના પોતાના સામાનને ખાંધે નાખી સૌની સાથે કૂચકદમે પણ ઊપડી ગયો!

સફરમાં એકેય મજૂર કે ભોમિયાને સાથે નથી લેવાતો. સૌએ પોતાના ભાગનો સામાન ઉપાડવાનો, તંબૂ પણ હાથે જ ખોડવાના ને રસોઈ પણ હાથે જ કરી લેવાની. અલબત્ત, દોરવણી આપનાર નાયક તો દરેક ટુકડી સાથે હોય જ, અને જરૂર પડે તો એની મદદમાં પણ બીજા એક-બે હોય. આમ, આ સફરમાં દરેક પળે સાહસ તો મુખ્ય ચાવીરૂપ રહે જ. સફર દરમ્યાન જરૂર પડ્યે જહાજ, રેલવે ને ક્યારેક વિમાનની મુસાફરીનો લાભ પણ લેવાય છે.

ધારેલે સ્થળે પહોંચ્યા પછી એક મુખ્ય છાવણી સ્થાપીને સમાન રસ ધરાવતા વિદ્યાર્થીઓની ટુકડીઓ પાડવામાં આવે છે, અને સૌને પોતપોતાના રસના વિષયની કામગીરી સોંપી જુદીજુદી દિશામાં એ ટુકડીઓને રવાના કરાય છે. આ દરેક ટુકડીને 'ફાયર' કહે છે. દરેક ફાયર પોતાના નાયકની દેખરેખ નીચે પક્ષીનિરીક્ષણ, પ્રાકૃતિક ઇતિહાસ અને તેની સાથે સંકળાએલ વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, મોજણી ઇત્યાદિ વિજ્ઞાનની અનેક શાખાઓમાં સંશોધનો કરવા લાગી જાય છે. દરેક ટુકડીની કામગીરી સાત દિવસની હોય છે. એ ઉપરાંત 'લૉંગ માર્ચ'ને નામે ઓળખાતી ચૌદેક દિવસની કામગીરીની યોજના પણ એ સફર દરમિયાન કરાય છે, ને તેમાં વધુ ખડતલ ને વધુ હોશિયાર વિદ્યાર્થીઓને મુકાય છે. રેડિયો સંદેશા દ્વારા આ બધી ટુકડીઓ એકબીજી સાથે સંકળાએલી રહે છે.

૧૯૫૩માં બ્રિટિશ કોલંબિયાની સફરે ગએલા વિદ્યાર્થીઓમાંની આવી એક ટુકડીએ માઉન્ટ સિડની વિલિયમ્સ પર સાડા છ હજાર ફૂટનું ચઢાણ કરી તે શિખર સર કરેલું. જ્યારે બીજી ટુકડી ઑબિન સરોવરના દક્ષિણે ટેટસોલ્ટો અને ટેલ્ટાપીન પર્વત પર ચડેલી. 'લૉંગ માર્ચ' પર ગએલા વિદ્યાર્થીઓએ ૧૩૨ માઈલમા ઘૂમી એ પ્રદેશની પહેલી જ વાર 'થીઓડોલાઈટ મોજણી' કરીને તેનો વિગતવાર નકશો તૈયાર કરેલો. આ પ્રદેશનો બીજો એકમાત્ર નકશો કૅનેડિયન હવાઈ દળે જ તૈયાર કર્યો છે. રસ્તામાં એ ટુકડીને જ્યાં હજી સુધી કોઈ કાળા માથાનું માનવી પ્રવેશ્યું નથી એવું એક જંગલ પણ વળોટવું પડેલું, જેમાં એમને રીંછ વગેરે કેટલાંક જંગલી પ્રાણીઓનો પણ ભેટો થએલો અને વરુની બીકે તો આખી રાત એમણે જાગતાં જ પસાર કરેલી.

૧૯૪૮માં નાયક તરીકે ટંકના મેજર જ્યૉર્જ સ્પૂનર નામે ૩૮



↑છાવણીમાં: રૅશન તેખના અને બીજી વ્યવસ્થા કરતા વિદ્યાર્થી

વર્ષના એક પીઢ કાર્યકર અને ભૂતપૂર્વ છત્રીદળ સૈનિક હતા. એ સફર દરમિયાન એક વાર માર્ગમાં બરફને લીધે દઝાડે એવી ઠંડીગાર અને વેગથી વહેતી નદી આડી આવી. અલબત્ત, આ નાનકડા શોધસફરીઓને આવી તો અનેક નાનીમોટી મુસીબતો નડે જ છે, પણ એથી પાછા પડે તો એમનું સાહસ લાજે ને? સાથેની સાધન-સામગ્રી અને આસપાસની સગવડનો લાભ લઈ તેઓ તેના ઉપાય પણ ખોળી જ કાઢે છે. અહીં પણ એમ જ થયું. માછલી પકડવાની દોરી સાથે એક મોટું દોરડું બાંધી, સ્પૂનર તે લઇને નદીમાં કૂદી પડ્યા! ને સામે પાર જઈ દોરડાનો છેડો યોગ્ય જગ્યાએ બાંધી દીધો. અહીં વિદ્યાર્થીઓએ પણ એમ જ કર્યું ને સૌ દોરડા પર લટકી સામે પાર પહોંચી ગયા.

સફર દરમિયાન માછલી કે કોઇ પ્રાણીનો શિકાર મળે તો એ એળે કેમ જવા દેવાય? અલબત્ત, ખૂબ જ વિચારપૂર્વક પસંદ કરાએલાં કેટલાંક ફળો, સૂકાં શાકભાજી, પનીર, ખાંડ, બિસ્કિટ, ચૉકલેટ, ઓટમિલ અને ચા વગેરે તો સાથે હોય જ. પણ શિકાર કરીને નવીનવી વાનગીઓ અજમાવવાની તક પણ જવા દેવાતી નથી. રોજની ૩૬૦૦ કૅલેરીને હિસાબે રૅશનમાં વિટમિનની ગોળીઓ પણ એમને આપવામાં આવે છે. સંસ્થાના સ્થાપક અને પ્રથમ નવ સફરોના સંચાલક કમાન્ડર મરે તો આહારશાસ્ત્રના નિષ્ણાત હોઇ આ સફરો માટે નિર્ણિત થતો આહાર અનેક વૈજ્ઞાનિક દૃષ્ટિથી પસંદ કરેલો હોય છે ને વિદ્યાર્થીઓને કોઈ પણ પ્રકારની ખોટ પડવા દે તેવો નથી હોતો. છતાં રસ્તામાં મળતાં ફળો–માછલીઓ વગેરેનો લાભ સૌ લે છે. માછલી મારવા જતાં



↑જમા રહીને વાસણ ધોવાનું કામ પણ જાતે જ કરવાનું હોય છે.

કોઈ વાર કોઇ અજબ કે અભિનવ જાત પણ હાથ ચડી જાય તો એ નમૂનો તેઓ સાથેના સંઘરામાં ઉમેરી જ લે. આમ, પક્ષીઓની કીમતી ખાલો, ખનિજના નમૂનાઓ, ભાગ્યે જ જોવા મળતી વનસ્પતિના નમૂનાઓ, અવનવાં જીવજંતુઓ વગેરે પણ તેઓ પાછા ફરતી વખતે લેતા આવે છે, જે તેઓ દેશની યોગ્ય સંસ્થાઓને ભેટ આપી દે છે કે જેથી દેશના અન્ય અભ્યાસીઓ તેનો લાભ લઈ શકે.

આમ, વિદ્યાર્થીઓને રસ પડે એવાં અનેક વૈજ્ઞાનિક લક્ષ્યો આમાં રાખવામાં આવે છે. આથી એમના જ્ઞાનનો વિકાસ થવા સાથે એમને ઉત્તેજન અને કીમતી અનુભવો પણ મળી શકે; અને તેઓ અરસપરસ હળીમળીને ખેલદિલીથી જે કાર્ય કરતાં શીખે છે તે તો ભાવિ શોધસફરીઓ માટે સૌથી વધુ અગત્યનું છે. ૧૯૫૩માં બે નાયકો સાથે ૨૪ વિદ્યાર્થીઓએ સ્ટૂઅર્ટ સરોવરની વાયવ્ય તરફનો એક નકશો તૈયાર કરેલો, જેમા સરોવરની ઊંડાઇ વગેરેની પણ ચોક્કસ મોજણી તેમણે કરી હતી એ બાજુના હવામાનની નિયમિત નોંધ લેવા તેમણે ત્યાં એક મથક પણ ઊભું કરેલું. સફરમાં કોઇ વળી પોતાની ટુકડીની કાર્યવાહીની રંગીન ફિલ્મો પણ ઉતારે છે, જે પાછળથી સંસ્થામાં અનેક આમંત્રિત મહેમાનો વગેરેને બતાવાય છે.


સંસ્થાના આશ્રયદાતાઓ ને સભ્યોમાં શાહી કુટુંબના સભ્યો ઉપરાંત એવરેસ્ટ-વિજયી સર જૉન હંટ, સર એડમંડ હિલરી, પ્રખ્યાત વિમાની એરચીફ માર્શલ સર બેસિલ એમ્બ્રે જેવા યે છે.

સંસ્થાની સ્થાપના પછી ૮૦૦ જેટલા બ્રિટિશ વિદ્યાર્થીઓએ એની આ શોધસફરોમાં ભાગ લીધો છે. આમાં અનેક રચનાત્મક કાર્યો થવા સાથે તેમનાં ઘડતર તથા જ્ઞાનમાં પણ ઘણી જ સારી અસર પડે છે. ટૂંકમા સંસ્થાના સૌથી વધુ અનુભવી નેતાના શબ્દોમાં કહીએ તો, 'બ્રિટન છોડતી વખતે તો આ સૌ વિદ્યાર્થીઓ 'બાળક' હોય છે, પણ પાછા ફરતી વખતે તેઓ આરોગ્યસફરોને કારણે 'મરદ' બનીને આવે છે.'

ટિકિટસંગ્રહ

એ સંસારવ્યાપી શૉખ કેળવવા વિષેની માહિતી આપતો વિભાગ

સૌથી મોટી ને સૌથી નાની





આ સામે દુનિયાની મોટામાં મોટી, ને નાનામાં નાની ટિકિટોનાં ચિત્રો આપ્યાં છે. જગતની સૌથી મોટી અને મૂળ ૯૩ મિલિમીટર ઊંચી તથા ૫૨ મિલિમીટર પહોળી એ ટિકિટ અમેરિકાના યુનાઇટેડ સ્ટેટ્સે ઈ. ૧૮૬૫માં એ દેશનાં વર્તમાનપત્રો અને સામાયિકપત્રોના સ્મરણમાં કાઢેલી, જેના પર ત્યાંના વિખ્યાત પત્રતંત્રી અને પ્રજ્ઞપુરુષ બેન્જામીન ફ્રાંકલિનની છબિ છે. દુનિયાની એવી જ બીજી મોટી (પણ કદમાં એનાથી થોડીક ઊતરતી) ટિકિટો ઈ. ૧૯૨૧-માં રશિયાએ ૬૫×૩૮ મિલિમીટરના માપની તથા ઈ. ૧૯૪૬માં સાન મારીનોએ ૬૩×૪૦ મિલિમીટરના માપની કાઢેલી.

નાનામાં નાની જે ટિકિટ અહીં આપી છે તે માત્ર ૧૦×૧૦ મિલિમીટર (એટલે કે એક ચોરસ સેન્ટીમીટર)ના માપની જર્મનીના મૅકલેનબર્ગ શ્વેરીન રાજ્યે કાઢેલી. એવી જ બીજી ટચૂકડી ટિકિટ (૧૦×૧૨ મિલિમીટરના માપની) આ સદીની શરૂઆતમાં દક્ષિણ અમેરિકાના બોલીવાર રાજ્યે કાઢેલી. આજે તો એ રાજ્ય ત્યાંના કોલંબિયા રાજ્યમાં ભળી ગયું છે.

તસ્વીર-ટિકિટો

ઘણી વાર ટિકિટો ઉપર આપણને મહાપુરુષોની ઘણી ઉમદા તસ્વીરો મળી રહે છે, જેનું ગણનાપાત્ર ઉદાહરણ તાજેતરમાં ભારતે કાઢેલી લોકમાન્યની જયંતી ટિકિટ છે. મહાત્માજી અને સંત-કવિઓની આપણી ટિકિટો પણ એવી જ લેખાય. જર્મન કવિ શિલર અને રશિયન સાહિત્યકાર ચેખૉવની તસ્વીરોની ટિકિટોની જે છાપ આ સાથે પ્રકટ કરી છે તે, તસ્વીરોની દૃષ્ટિએ પણ સંગ્રહયોગ્ય ગણાય. ગયા વર્ષે (૧૯૫૫માં) શિલરની દોઢસોમી સંવત્સરી પ્રસંગે કાઢેલા ત્રણ ટિકિટના એ સમૂહમાં એની ત્રણ વિવિધ અવસ્થાઓની સુંદર તસ્વીરો છે.







દિલીપ બક્ષી




ભારત સરકારના કેળવણી ખાતામાં 'ઑડીઓ વિઝ્યુઅલ એઇડ્ઝ' વિભાગમાં મુખ્ય કલાકાર તરીકે માત્ર ૨૪ વર્ષની વયના ભાઇ દિલીપ બક્ષીની નિમણૂક એ ગુજરાત માટે આનંદની વાત છે. 'જન્મભૂમિ', 'વંદેમાતરમ્', 'રમકડું' તથા અન્ય સામયિકોમાં અત્યાર સુધી અવારનવાર પ્રકટ થતી રહેલી કૃતિઓને કારણે તેઓ આપણને છેક અપરિચિત નથી. મુંબાઇની કળાશાળામાંથી 'કમર્શિયલ આર્ટ' (વ્યાપાર સહાયક કારુકલા) અને 'પેઇન્ટિંગ' (ઉચ્ચ ચિત્રણાની ચારુકલા) બંને વિભાગોમાં ઉચ્ચ કક્ષાએ ઉત્તીર્ણ થઈ ડિપ્લોમા મેળવનારી એમની પીંછીની શક્તિની પ્રતીતિ આપતાં બે ચિત્રો આ સાથે પ્રકટ કર્યાં છે.


ભરૂચ જિલ્લામાં, કરજણને તીરે આવેલા નાના ને સુંદર રાજપીપળા (એક વખતના દેશી રાજ્યની રાજધાની)માં નીચલા મધ્યમ વર્ગના શ્રી ભાઇલાલ બક્ષીને ત્યાં એમનો જન્મ થએલો. બીજા ચાર ભાઇ અને એક બહેનનાં ભાંડુઓ પૈકી એમના મોટાભાઇ જયંત બક્ષીના લખાણોથી પણ બાળવાચકવર્ગ પરિચિત છે.

પ્રાથમિક શાળાના અભ્યાસકાળ દરમ્યાન એક શિક્ષક બપોરની રજામાં પાટિયા પર રોજ નવું ચિત્ર આલેખતા તે રોજરોજ એ પોતાની સ્લેટમાં ઉતારી બતાવતા એમાંથી ચિત્રકળાની લગની લાગી અને એ જ રાજ્યના વતની, જાણીતા કલાકાર શ્રી રસિકલાલ પરીખ રજાઓમાં ત્યાં જતા ત્યારે તેમના સંપર્ક તથા માર્ગદર્શનમાંથી પ્રેરણા પામીને એ લગની પોષાઈ. મૅટ્રિક થઈને મુંબાઇની સરકારી કળાશાળા 'સર જે.જે. સ્કૂલ ઑવ આર્ટ'માં સવારે 'કમર્શિયલ આર્ટ' અને સાંજે 'પેઇન્ટિંગ' એમ બંને શાખાઓની તાલીમ માટે વર્ગો ભરતા જઈ, તથા અભ્યાસનું ખર્ચ કાઢવા માટે રાત્રે તેમજ રજાઓમાં બહારનું કામ કરતા જઈ તેમણે પહેલા વર્ષમાં જ બીજા નંબરે પસાર થઈને સ્કૉલરશિપ





નાસિકની એક શેરી: દિલીપ બક્ષીનું કલમચિત્ર



મથાળે: મેર સ્ત્રી તથા તેનાં આભૂષણોનાં નામ સાથે વિગતે આલેખન: દેવજીભાઈ વાળા

તથા સ્કૉલરશિપ પણ મેળવ્યાં અને અભ્યાસમાં સદા મોખરે રહેતા આવ્યા. ઉપરાંત શાળા તરફથી યોજાતાં, ભારતનાં પ્રખ્યાત કલાધામો (દિલ્હી, આગ્રા, ફતેહપુર સિક્રી, જયપુર, ધાર, માંડુગઢ, ઈંદોર, ગ્વાલિયર, ઝાંસી, સાંચી, નાસિક, અજન્તા, ઈલોરા, મૈસુર, ઉતાકમંડ વગેરે)નાં વાર્ષિક પર્યટનોમાં પણ તે ખૂબ ચિત્રકામ કરતા અને મોટે ભાગે તેમનું કામ સૌને મોખરે રહેતું. અભ્યાસકાળ દરમ્યાન ચિત્રકારોનું 'અભિનવ કલાકેન્દ્ર' નામનું એક સક્રિય મંડળ સ્થાપીને તેના તેઓ મંત્રી રહેલા અને તે દ્વારા પ્રદર્શનો–પ્રવચનો પણ યોજેલાં.

આ સાથેની એમની એક કૃતિ દર્શાવે છે તેમ 'આઉટડોર સ્કેચિંગ'માં એમને વધુ રસ છે, અને તેઓ કહે છે કે 'વસ્તુનું ડ્રૉઈંગ કેમ કરવું તથા તેનું બારીક નિરીક્ષણ કરી ચિત્રમાં તેને કેમ ઉતારવું તેના પાઠ એમાંથી જ મળી રહે છે'. ચારુકલાના સર્જન માટે 'આ જ્ઞાન બહુ ઊંડું હોવું જરૂરી છે...ઢગલાબંધ કામ કરતાં વસ્તુનો પાકો અભ્યાસ કરી થોડું પણ સંગીન કામ કરવામાં હું વધારે સફળતા જોઉં છું.'



સ્કેચ : દેવજીભાઈ વાજા

અભ્યાસ એ ચિત્રકળાનું અગત્યનું અંગ છે એ દર્શાવતા, એક બીજા તરુણ કલાકાર દેવજીભાઈ વાજાના થોડા સ્કેચ આ સાથે આપ્યા છે. શ્રી રવિશંકર રાવળ પાસે કલાશિક્ષણ લઈ વતન પોરબંદરમાં જ હાલ કામ કરતા ભાઈ વાજાએ ત્યાંના મેર લોકોના જીવનના અભ્યાસની દૃષ્ટિએ ઘણા સ્કેચ કર્યા છે, જેમાંની એ જાતિનાં આભૂષણોની વિગતવાર લીધેલી નોંધ ધ્યાનપાત્ર છે. આપણી નાનાવિધ જાતિઓના જીવનના એકેએક પાસામાં અ ખૂટ સામગ્રી પડી છે. તેની નોંધ ગામગામડાના કલાકાર-ફોટોગ્રાફર ભાઈઓ અભ્યાસદૃષ્ટિએ કરે તે આવશ્યક ને લાભદાયક છે.



↑આંતરરાષ્ટ્રીય ઢીંગલી પ્રદર્શનમાંની જપાની ઢીંગલીનો દિલીપ બક્ષીએ કરેલો સ્કેચ



ભાઈ પ્રદ્યુમ્ન તન્નાની કલમ અને પીંછીથી 'કુમાર'ના વાચકો સુપરિચિત છે. ચિત્રણામાં તેઓ પોતાની આગવી ઢબે અવનવી શૈલીઓ અજમાવતા રહે છે, તેમાં એમનો મૂળ પ્રેરણાસ્રોત આપણાં પ્રાચીન આલેખનો અને પૂર્વદેશોની ચિત્રકારીની વિવિધ શૈલીઓ હોય છે. તેના એક ગણનાપાત્ર નમૂના તરીકે, તેમણે થોડા સમય પર સ્વ. મેઘાણીના કાવ્યસંગ્રહ 'યુગવંદના' માટે કરેલાં સુશોભનો પૈકી એક ('શિવાજીનું હાલરડું' કાવ્યનું) આલેખન એમના તથા શ્રી મહેન્દ્ર મેઘાણીના સૌજન્યથી ઉપર આપીએ છીએ. માતા જીજીબાઈની વેશભૂષા, બેઠકની બિછાત, તે પર પડેલાં રમકડાં, ઘોડિયું, વાદળ, સૂર્ય અને 'ધણણણ ડુંગરા ડોલે'ને વ્યક્ત કરતી ડુંગરમાળની માત્ર રેખા, એ સર્વમાં ચોટદાર સાદગી સાથે કવિત્વમય વાતાવરણની જમાવટ છે.

ઑગસ્ટ અંકના 'કલાવાર્તા' વિભાગમાંનો શ્રી ઈશ્વરલાલ ગર્જરનો પરિચયલેખ શ્રી કાન્તિલાલ કાપડિયાનો લખેલો હતો. એમનો નામોલ્લેખ ગયા અંકમાં રહી ગયો છે, તે માટે અમે દિલગીર છીએ.

એક સામાન્ય અને વ્યાપક વ્યાધિ
એની રચના અને ઉપચાર

સારણગાંઠ

[માંદગીનાં મૂળ : ૨૧] લેખક : **ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી**


આ વ્યાધિ એટલો સામાન્ય છે કે ઘણા એના નામથી, તો અનેક એની પીડાથી પણ માહિતગાર હશે.

પેટની માંસપેશીઓની દીવાલ ભેદીને આંતરડાંનો લોચો વળા-(groin)માં ઊતરી આવે એ સારણગાંઠ (Hernia) છે. રોગી આપમેળે એને પારખી કાઢે છે અને શરૂઆતમાં સારણનો પટ્ટો (truss) પહેરી ઘરગથ્થુ ઉપચાર કરે છે. જોકે આ ઉપચાર કારગત તો નથી નીવડતો; કારણ કે વજન ઊંચકતાં, છીંકતાં કે ઉધરસ ખાતાં અને મળત્યાગ વખતે કરાંજતાં સારણગાંઠમાં વેદના ઊપડી આવે છે; અગર તો આંતરડાં જો છેક વૃષણની કોથળીમાં ઊતરી પડે કે વળામાં ગંઠાઈ જાય તો પ્રાણઘાતક પીડા આવી પડે છે, અને જીવ બચાવવા તાબડતોબ ઑપરેશન માટે દોડી જવું પડે છે.

આપણા પેટના પોલાણમાં પાચનક્રિયાના બધા અવયવો ખીચોખીચ ગોઠવાઈને આવેલા છે. એ દરેક આંતરત્વચાના આવરણમાં લપેટાએલો છે. આ પોલાણનો ઘાટ જાળવવા તેમજ અંદરના અવયવોને ખસી પડતા અટકાવવા પોલાણની આગલી તથા પડખાની બાજુએ ઉપર મજબૂત માંસપેશીઓની દીવાલો આવેલી છે.


પેટના પોલાણમાં બીજા અવયવો સાથે ત્રીસેક ફૂટ લાંબાં આંતરડાંનું ભૂંગળું ગૂંચળાં વળીને ઠસોઠસ ગોઠવાએલું છે. એ જ્યારે ખોરાકથી ભરાય છે ત્યારે પેટની દીવાલો પર સતત દબાણ ઊભું કરે છે. આ દબાણને જીરવી શકે એટલી મજબૂત પેટની દીવાલની માંસપેશીઓ છે તો ખરી, પણ એમાં બે સ્થાન જરા નબળાં છે : એક તો ડૂંટી ને બીજું વળાં.

પેટ અને જાંઘના સાંધાની વચ્ચેની જગ્યા તે વળું (groin) છે. મોટા ભાગે સારણગાંઠ ડાબા કે જમણા વળામાં થઈ આવે છે. આ થવાનું કારણ પેટની માંસપેશીઓના નીચલા છેડા ઉપર આવી પડતું વધારે પડતું દબાણ છે. ભારે વજન ઊંચકવું, વારંવાર દાદરની ચડઊતર કરવી, ઠાંસીઠાંસીને ખાવું, આવાં બધા કારણોસર માંસપેશીઓ ઉપર દબાણ વધવાથી માંસપેશીઓના નબળાં સ્થાનોમાં પોલાણ (openings) ઊભાં થાય છે. એમાં પ્રથમ આંતરત્વચા ખસી આવે છે. આથી ત્યાં એક પ્રકારની કોથળી (sac) ઊભી થાય છે. પછી ત્યાં આંતરડાં આવે છે. આમ થતાં વળાંના ભાગમાં લીંબુ જેવા કદની, રબરના દડા જેવી પોચી ગાંઠ (દડબ) દેખા દે છે. આમાં દસ્ત વખતે કરાંજતાં



↑ આંતરિક દબાણને લીધે વૃષણની કોથળી ઉપર ઊતરી આવતું આંતરડું. આવું લપટું પડી ગએલું આંતરડું કોઈક વાર આકૃતિ બીજી અને ત્રીજીમાં દર્શાવ્યા પ્રમાણે નીચે ખસતું જઈ છેક વૃષણની કોથળીમાં પણ ઊતરી પડી અતિશય પીડા ઊભી કરે છે.

પેટની નીચલી માંસપેશીઓના વધારે પડતા દબાણને લીધે થતી સારણગાંઠ.→



કે નીચા વળીને ભારે વજન ઊંચકતાં વેદના થાય છે. આ કહેવાય છે વળાંની સારણગાંઠ (અં. ઇંગવાયનલ હર્નિયા). કપડાંની હાથે સીવેલી થેલીમાં ઠાંસીઠાંસીને સામાન ભર્યો હોય ત્યારે એક જગ્યાએથી ટાંકા તૂટી જતાં ત્યાં કોથળીની બહાર સામાન દેખાય આવી આ ઘટના છે.

સારણગાંઠના કેટલાક પ્રકાર છે. સ્ત્રી-પુરુષ બંને જાતિને એ થાય છે, પણ પુરુષો કરતાં સ્ત્રીઓમાં એનું પ્રમાણ ઓછું છે. સ્ત્રી અને પુરુષમાં એ થવાનાં સ્થાનો જુદાં છે. સ્ત્રીના દેહ વિષે પેટની લોહીની નળીઓ જાંઘમાં ઊતરે છે, ને એમનામાં એ સ્થળ નબળું હોવાથી એમને જાંઘમાં સારણગાંઠ (અં. ફેમોરલ હર્નિયા) થઈ આવે છે.


કેટલાકને સારણગાંઠ થઈ આવવાનું કારણ છેક બાળપણમાં પ્રાપ્ત થાય છે. ગર્ભાવસ્થામાં જ છોકરાના પેટમાં રહેલી શુક્રગ્રંથિઓ (ટેસ્ટિસ) જન્મ થતાં અગાઉ નીચે ઊતરવા માંડે છે. આ વખતે આંતરડાંની આંતરત્વચા એમની આગળ ધકેલાય છે, જે માંસપેશીઓમાંથી મારગ કરી શુક્રગ્રંથિઓને નીચે ઊતરવાનો રસ્તો મોકળો કર્યા બાદ ફાટે છે. એમાં થઈ શુક્રગ્રંથિઓ વૃષણમાં ઊતરે છે. આ પછી આંતરત્વચા કરમાઈ જઈ અદૃશ્ય થાય છે, પણ કેટલાકમાં આંતરત્વચા કાયમ રહી કોથળી (sac) બને છે. આ બને છે નબળું સ્થાન ને, ભાવિ સારણગાંઠની જગ્યા.

અણચિંતવી ઠોકર, ઓચિંતો ભારે શ્રમ, જોસભેર ઉધરસ કે છીંક, બળ કરીને વજન હડસેલવું કે ઊંચકવું વગેરે અનેકમાંથી એક કારણ આવી મળે ત્યારે કોઈ પણ ઉંમરે ઉપર્યુક્ત તૈયાર કોથળીમાં તે વધારે ને વધારે જાય છે. કોથળી ફાચર જેવું કામ ઉપાડી, દીવાલને પાતળી બનાવી માંસપેશીના દીવાલના પોલાણને પહોળું બનાવે છે.

માત્ર મજૂરી કરનારને જ સારણગાંઠ થાય છે એવું નથી. જેને જન્મથી કોથળી સાબૂત રહી હોય એવા માનવીને બેઠાડુ જીવન હોય તોપણ સારણગાંઠ થઈ આવે છે. શરૂમાં તો સારણગાંઠ નાની હોય છે, પણ વખત વીતતાં આંતરડાંના આંતરિક દબાણને લીધે આંતરડું કોથળીમાં વધુ ને વધુ ઊતરવું જાય છે. પછી તે એવું તો લપટું પડી જાય છે કે રોગી ઊભો થાય કે ચાલે ત્યારે વેદનાભરી સારણગાંઠની દડબ ઊપસી આવે છે. રોગીનું જીવન સદા ચિંતા ને ભયમાં વીતે છે. કોઈ શારીરિક શ્રમ કરતાં કે છીંકતાં પણ સારણગાંઠ નીચે ઊતરી આવવાની તેને બીક રહે છે. કોઈ વાર વધારે શ્રમને લીધે આંતરડું વધારે ઘસી પડી છેક વૃષણની કોથળીમાં ઊતરી પડે છે. આ વખતે અતિશય વેદના ને ત્રાસ અનુભવવો પડે છે. પેટમાં ગાંઠ આગળ પીડા થાય છે. રોગી ચાલવાને અશક્ત બને છે, વેદનાને લીધે બેચેન બને છે, શરીરે પરસેવો છૂટે છે.

આનાથી ટેવાએલો રોગી હોય તો તે તરત સૂઈ જઈ ગાંઠ તરફની જાંઘ પેટ ભણી વાળી વૃષણ ઉપર હથેલીનું ધીમું દબાણ આપી ધીમે ધીમે આંતરડું પેટમાં પાછું ધકેલી દે છે. આમ થયા બાદ એને રાહત મળે છે.

આંતરડું કાંઈ નિર્જીવ નથી. એમાંથી સતત પ્રવાહી ને નક્કર પદાર્થો પસાર થયા જ કરે છે. કોઈક વાર કોથળીનું મોં સંકોચાવાથી આંતરડાં ભીંસમાં આવી પડે છે ને આંતરડાંનો લોચો કોથળીમાં (અ. પૃ. ૩૫૦મે)



એક વખતના અકિંચન ને પરદેશથી આવેલા કિશોર ડેવિડ સાર્નોફની જીવનકથા એ અમેરિકાનું એક યાદગાર મહાકાવ્ય છે.



ઉઝ્લિયન નામે ઉજ્જડ રશિયન ગામડામાં જન્મેલા ડેવિડની ૪ વર્ષની વયે તેમના પિતા, ને પાંચ વર્ષ પછી મા પણ અમેરિકા ઊપડી ગયાં.



ન્યૂ યૉર્કમાં પિતા બીમાર થતાં નવ વર્ષના ડેવિડે છાપાં વેચ્યાં, આંટાફેરા કરી અને એક યહૂદી દેવળમાં સંગીત ગાઇને કુટુંબ નભાવ્યું.



૧૫મે વર્ષે પત્રકાર થવાની ઇચ્છાથી એક તારની પેઢીને ઉત્સાહમાં ભૂલથી વર્તમાનપત્રની કચેરી ધારી ત્યાં પેસી ગયા, ને નોકરી મેળવી.




પણ આ ભૂલથી આગળ જતા તે અમેરિકાના રેડિયો, ઇલેક્ટ્રૉનિક્સ તથા ટેલીવિઝનના જંગી ક્ષેત્રના અગ્રણી પ્રણેતા થવાના હતા.



તારની પેઢીમાં તાર-પદ્ધતિનું આકર્ષણ થતાં રાત્રે મોર્સલિપિનો અભ્યાસ કરી થોડા માસમાં તે માર્કોની વાયરલેસ કંપનીમાં જોડાયા.



ત્યાં માર્કોની તરત જ ડેવિડની આન્શમૂર્તિ અને તેમના મિત્ર બની ગયા. એ વિખ્યાત શોધક ને મહાપુરુષે ડેવિડને ઘણુંઘણું શીખવ્યું.



૧૯૧૨ની ૧૨મી એપ્રિલે વાયરલેસ પર તેમને ચોંકાવનારો સંદેશો મળ્યો : 'સ્ટીમર ટાઇટેનિક હિમખંડ સાથે અથડાઇ ડૂબી રહી છે!'




સતત ૭૨ કલાક સુધી વાયરલેસ યંત્ર ઉપર બેસી રહીને એ હોનારત સાથે સંપર્કમાં રહેલા આ યુવાને લોકો પર ભારે છાપ પાડી.



૧૯૧૬માં સાર્નોફને સમજાઇ ગયું કે રેડિયોનો સૌથી મોટો લાભ કરોડો શ્રોતાઓને એક જ સમયે ધ્વનિ પહોંચાડવાની શક્તિ છે. એટલે તેમણે 'રેડિયો-સંગીત-પેટી'ની યોજના ઘડી.



પહેલાંતો તેની લગભગ ઉપેક્ષા થઈ. ૧૯૧૯માં તેમણે ઘરવપરાશનું રીસીવર બનાવ્યું. પણ સાર્નોફને સમજાઈ ગયું કે પોતાના સાધનને ધ્યાન ખેંચે તેવી રીતે પ્રદર્શિત કરવાની જરૂર છે.



૧૯૨૧માં ડેમ્પસી અને કાર્પેન્ટીઅરની જગવિખ્યાત મુક્કાબાજી વખતે સાર્નોફે એ દંગલના એકએક પ્રહારનું વર્ણન આકાશવાણીથી સંભળાવ્યું ને તરત જ તેને સ્વીકૃતિ પ્રાપ્ત થઇ.



૧૯૩૦માં ૩૯ની ઉમરે સાર્નોફ રેડિયો કોર્પોરેશન ઑવ અમેરિકાના પ્રમુખ બન્યા. પણ સાર્નોફ તો હવે ભવિષ્યની પ્રગતિનો વિચાર કરતા હતા: રેડિયોના ધ્વનિની સાથોસાથ ચિત્રોનો પણ ઉમેરો કરી ટેલીવિઝન યોજવાનો.



તેમને ચેતાવવામાં આવ્યા કે ટેલીવિઝન જેવું ખર્ચાળ સંશોધન તો સરકાર જ કરી શકે. પણ સાર્નોફ અડગ હતા. ૧૯૩૯માં તેમણે પહેલો સફળ ટેલીવિઝન કાર્યક્રમ રજૂ કર્યો, ને વેપારી ટેલીવિઝનના જનકનું બિરુદ પામ્યા.



સાર્નોફની તમામ શક્તિઓ કેવળ વેપારમાં ખર્ચાઈ નથી. તેઓ લાંબા સમયથી સક્રિય જાહેર સેવા કરી રહ્યા છે. તેઓ કહે છે કે 'મેં જે કર્યું છે તેમાંથી કાંઇ પણ અમેરિકાની મુક્તિની આબોહવા સિવાય ન બની શકત.'

(પૃ. ૩૪૮થી)ગંઠાઈ જાય (સ્ટ્રૅન્ગ્યુલેટેડ હર્નિયા થાય) છે. આથી આંતરડાંની અંદરના પદાર્થોની ગતિ બંધ પડે છે ને આંતરડાંનું લોહીનું ભ્રમણ પણ બંધ થાય છે. આ ભયાનક સ્થિતિ છે. રોગીને ગાંઠમાં અપાર વેદના થાય છે. જો વેળાસર શસ્ત્રક્રિયા કરવામાં ન આવે તો આ દશા પ્રાણઘાતક પણ નીવડે છે. દાક્તર આવતાં સુધી ઘરગથ્થુ ઉપચારમાં ગંઠાએલી ગાંઠ ઉપર અરધા કલાક પર્યંત બરફ ઘસવો. જો આ ન મળે તો ઠંડા અને ગરમ પાણીનાં વારાફરતી પોતાં મૂકવાં. પગનો ભાગ બે ફૂટ જેટલો ઊંચો અને માથું નીચું રહે એમ રોગીને ખાટલામાં ઢળતો સુવાડવો. આથી કદીક ગાંઠ પેટમાં પાછી વળે છે.

એક જમાનામાં સારણગાંઠના ઉપચાર તરીકે કેડે પટ્ટો (truss) પહેરવાનો રિવાજ હતો. આથી કાંઈ સારણગાંઠ મટતી નથી, પણ પટ્ટાના દબાણથી આંતરડાં કોથળીમાં ધસી ન આવવાને કારણે રોગી ચાલવાનું કે સાધારણ શ્રમવાળું કામ ઉપાડી શકે છે. આ ઉપાય શરૂની સ્થિતિ માટે ઉપયોગી છે. ખાસ કરીને વૃદ્ધો અને શસ્ત્રક્રિયા ન થઇ શકે એવા હૃદયરોગી માટે પટ્ટો પહેરવાની ભલામણ કરવામાં આવે છે.

સારણગાંઠ કાયમી મટાડવાનો એકમાત્ર ઉપચાર શસ્ત્રક્રિયાનો છે. એમાં પેટ ચીરી, કોથળી ખોલી, આંતરડાં પેટમાં ગોઠવી દઈ, કોથળી કાપીને લાંબી માંસપેશીઓનું પોલાણ સીવી લઈ પેટની દીવાલ મજબૂત કરી દેવામાં આવે છે. આ ઑપરેશનમાં જોખમ ઘણુ થોડું છે. ઑપરેશન પછી છ કલાકે રોગીને પગ ઊંચાનીચા કરવાની કે પડખું બદલવાની છૂટ મળે છે અને બીજા દિવસે સાધારણ ફરવા પણ દેવામાં આવે છે. આઠ દિવસ બાદ દવાખાનામાંથી ઘેર પાછા ફરાય છે. હવે તો વૃદ્ધો અને હૃદયરોગીને કરોડમાં ઇન્જેક્શન આપી, કેડ નીચેનો ભાગ બહેરો બનાવી, સહીસલામતરીતે શસ્ત્રક્રિયા થઇ શકે છે.

કાપડ ઉપર તમારો ફોટોગ્રાફ છાપો

ફૅશનના આજના સમયે આપણે ઘણા માણસોને ચિત્રવિચિત્ર ભાતો અને રંગબેરંગી છાપકામવાળાં કપડાં પહેરતા જોઇએ છીએ, એટલે કોઈક દિવસ એવો વખત આવે તો નવાઈ નહિ, કે માણસો કાપડ ઉપર ડિઝાઇનોની પેઠે ફોટોગ્રાફો પણ છાપે! પ્રિયજનોને ભેટ આપવા માટે હાથરૂમાલ, ઓશીકાના ગલેફ વગેરે ઉપર પોતાના કે અન્યના ફોટોગ્રાફો છાપવા-છપાવવાનો શોખ તો સામાન્ય ગણાય.

અને આની રીત પણ સહેલી છે. જેમ ફોટોગ્રાફીમાં પ્રકાશ-ગ્રહણશીલ કાગળ (light-sensitive paper) ઉપર નેગેટિવ પરથી છબી છપાય છે તે જ પ્રમાણે કાપડ રંગવા-છાપવાના કામમાં વપરાતા ઈન્ડીગોસોલ નામના રંગો પણ પ્રકાશ-ગ્રહણશીલ (sensitive to light) હોવાથી તે રંગોનો ઉપયોગ આમાં કરવામાં આવે છે. માત્ર આ રંગો સુતરાઉ તથા કૃત્રિમ રેશમ (artificial silk) માટે જ વાપરી શકાય છે.



કાપડ પર છાપેલો આ જેમનો પોતાનો ફોટો છે તે

લેખક : અમૃતલાલ ના. રાવળ

પહેલાં કાપડને ઇન્ડીગોસોલના દ્રાવણમાં ભીંજવી, એકસરખી રીતે હાથેથી નિચોવી, લગભગ ૮૦ થી ૧૦૦ ટકા જેટલું પાણી જતું રહે તેટલા પ્રમાણમાં રબરના બે રોલર વચ્ચેથી પસાર કરી નિચોવવું, અને કરચલી ન પડે તેવી રીતે એક ફ્રેમમાં ગોઠવવું. પછી તેના ઉપર નેગેટિવ મૂકીને ઉપર સાદો કાચ મૂકી, જે ભાગને રંગ કે છાપ ન લાગવા દેવાં હોય તે બધા ભાગ કાગળ કે કોઇ એવા સાધન વડે પ્રકાશ ન જાય તે રીતે ચારે બાજુથી ઢાંકી દેવા. ત્યાર બાદ એ ફ્રેમને સૂર્ય-પ્રકાશમાં કે આર્કલૅમ્પ યા અલ્ટ્રાવાયોલેટ કિરણોની સામે ધરવી. થોડા જ વખતમાં રંગ-ઉઠાવ(development)ની ક્રિયા શરૂ થશે. જ્યારે જણાય કે રંગ બરાબર વિકસિત થયો છે ત્યારે ફ્રેમને પ્રકાશમાંથી લઈ લેવી અને તરત જ અંધારામાં લઇ ખોલી નાખવી. પછી કાપડને સોડાના ગરમ પાણીમાં (બેથી ત્રણ ગ્રામ સોડા + ૧૦૦૦ સી.સી. પાણીમાં) મૂકવું. એ રીતે ૫ મિનિટ રહેવા દીધા બાદ સોડા ને સાબુના ઊકળતા પાણીમાં નાખવું, જેથી ફોટો સિવાયનો વિકસિત નહિ થએલો રંગ ધોવાઇને ઊતરી જશે અને તે જગ્યાએ ફરીથી રંગ-વિકાસ નહિ થાય. આવી રીતે છાપેલો ફોટો બહુ જ પાકા રંગનો હોય છે અને રોજિંદા ઉપયોગમાં આવતી ધોવાની રીતોથી નીકળી જતો નથી.

આની સફળતાનો આધાર ઈન્ડીગોસોલ રંગોની ગ્રહણશીલતા પર જ રહેલો છે એ તો સમજાય એવું છે. અને તેમાં પણ જે રંગો બિનજરૂરી જગ્યાએથી સોડાના પાણી વડે ધોઈ નાખી શકાય તેવા જ રંગો પસંદ કરવાના હોય છે. એવા જલદી વિકાસ પામતા (most sensitive) ઇન્ડીગોસોલ રંગો નીચે મુજબ છે:

ઇન્ડીગોસોલ બ્રાઉન IRRD સુપ્રા	ઈન્ડીગોસોલ બ્રિલિયન્ટ પિંક 15B
ઇન્ડીગોસોલ ઑરેન્જ HR	ઇન્ડીગોસોલ પ્રિન્ટિંગ પર્પલ IR
ઇન્ડીગોસોલ બ્લે IBL	ઇન્ડીગોસોલ રેડ વાયોલેટ IRH

ઉપરના રંગોથી ઓછી ઝડપે વિકાસ પામતા નીચેના રંગો પણ સારું પરિણામ આપે છે:

ઈન્ડીગોસોલ 04B	ઈન્ડીગોસોલ ગોલ્ડન યલો IGK
ઈન્ડીગોસોલ 06B	ઈન્ડીગોસોલ રેડ 12B

રંગ બનાવવાની બે રીતો આ નીચે આપી છે:

(૧)	ભાગ	(૨)	ભાગ
ઇન્ડીગોસોલ રંગ	૬	ઇન્ડીગોસોલ રંગ	૬
ફિક્સર CDH અથવા યૂરિયા	૧૦	યૂરિયા	૧૦
ગરમ પાણી (૧૬૦ ડિગ્રી ફે૦)	૭૧	ડેહાપાન જી.બી. અથવા ગ્લાયસીન બે.	૬
ટ્રેગાકાન્થ ગુંદર (૮૦=૧૦૦૦)	૧૦	ગરમ પાણી (૧૬૦ ડિગ્રી ફે૦)	૭૦
એમોનિયમવેનેડેટ (૧ટકો દ્રાવણ)	૩	સોડિયમ ક્લોરેટ (૧=૩)	૩
	૧૦૦	એમો. સલ્ફોસાયેનાઇડ (૧=૨)	૨
		એમોનિયમ વેનેડેટ (૧ ટકો)	૩
			૧૦૦

એકાદ ઓરડામાં દિવસના આછા પ્રકાશમાં આ દ્રાવણમાંથી કાપડ પસાર કરી શકાશે. પાંચ-દસ મિનિટ રાખી મૂકો તો યે વાંધો નહિ. માત્ર એટલું સંભાળવું કે તડકો યા વધુપડતો પ્રકાશ કાપડ કે રંગ પર પડે નહિ. ડાર્કરૂમની સગવડ ન હોય તો પણ ચાલી શકશે.

આ ઉપરાંત એક ત્રીજી રીત છે. આ રીતમાં પહેલાં કાપડને ૩ ટકા ટાર્ટરિક ઍસિડ અને ૩ ટકા એમોનિયમ વેનેડેટ (૧ ટકો દ્રાવણ) લઈ, જરૂરી પાણીમાં દ્રાવણ બનાવી પસાર કરવું, અને બરાબર સુકાયા પછી કાપડને નીચેના દ્રાવણમાંથી પસાર કરવું: ઈન્ડીગોસોલ રંગ ૬ ભાગ, યૂરિયા ૧૦ ભાગ, ડેહાપાન (જી.બી.) ૬ ભાગ, ગુંદર ૧૦ ભાગ, હાઇડ્રોક્વિનાઈન બહુ જ ઓછા પ્રમાણમાં (આશરે ૧૦૦૦ સી.સી. પાણી માટે ૧/૨ ગ્રામ) અને બાકીનું પાણી નાખી ૧૦૦ ભાગ બનાવવું.


પ્રકાશ જેટલો કડક હશે તે પ્રમાણમાં રંગ જલદી ખીલશે; અને નેગેટિવ જેટલો ઓછો સમય ભીના કાપડ સાથે રહેશે તેટલું તેનું આયુષ્ય લંબાશે. વધુ ભીના કાપડ સાથે નેગેટિવ વધુ વખત રહેવાથી તેનું જિલેટીન ખરાબ થઇને નેગેટિવ નકામી થઈ જાય છે. તીક્ષ્ણ છાપ લેવા માટે કાપડ અને નેગેટિવનો સંપર્ક જેટલો ગાઢ તેટલા પ્રમાણમાં છાપ ચોખ્ખી આવશે.

આખલાની આગળ ચાલતાં, ગધેડાની પાછળ ચાલતાં અને ધૂર્તની કોઈ પણ બાજુએ ચાલતાં સાવધ રહેો.

કુલપતિ કઝિન્સ

ભારતીય સંસ્કૃતિના એ પુરસ્કર્તાના ઘડતરકાળનાં સંસ્મરણોનો છઠ્ઠો હપતો

સંદોહક · રવિશંકર રાવળ



ગુજરાતના કલાકારો વચ્ચે : ડાબી બાજુથી–સર્વશ્રી કૃષ્ણલાલ ભટ્ટ, રવિશંકર રાવળ, કનુ દેસાઈ, (પાછળ) કાન્તિલાલ દવે, ડૉ. કઝિન્સ, નરસિંહદાસ શેઠ

"**મદનપલ્લીના** અમારા નિવાસની આગળ અને પાછળના વિસ્તારની ચોમેર નાની ટેકરીઓની હાર લાગેલી હતી. એમાંની બે ટેકરીઓ પરનાં મંદિરો સવારસાંજનાં આકર્ષણ બનતાં. અમને લાગ્યું કે અમે નિસર્ગના સૂરમાં ભળી ગયાં હતાં. પ્રાચીન ધર્મનિષ્ઠા અને તત્ત્વજ્ઞાનના વારસદારોમાં પૂર્વજોની છાયા હું શોધી રહ્યો હતો. ઋષિકુળના એ પુત્રો સાથે જેમજેમ હું પરિચય કરતો ગયો તેમતેમ હું તેમની નજરે એક પરદેશી અને હાસ્યપાત્ર દેખાયો.

પૂર્વમાં ૭૦૦૦ની વસતિવાળું બજારભર્યું મદનપલ્લી હતું. પશ્ચિમે અંત્યજોનાં ઝૂપડાંનો વાડો હતો. અઠવાડિક બજારનું મેદાન કૉલેજ અને ગામ વચ્ચે આવેલું હતું. બજાર મંગળવારે ભરાતું, પણ સોમવારથી ત્યાં શોરબકોર શરૂ થઈ જતો. અનેક જાતના ઘોંઘાટ તથા આકર્ષણો ત્યાં થતાં, અને તેથી કૉલેજના વર્ગોમાં અઠવાડિક મગજમારી આવતી. એટલે મેં નિશ્ચય કર્યો કે ભણતરની આ જાતની દુર્દશાથી દૂર જતું જોઇએ. પણ મારી એ ઇચ્છા હું છેક પંદરે વરસે પાર પાડી શક્યો!

આવા વિચિત્ર સંજોગોવાળા સ્થાનમાં હાઈસ્કૂલ અને છેવટ તેમાંથી કૉલેજ ઉદ્ભવી એ, ભારતની કેળવણીએ કેવી રીતે ફાળ ભરી તે તેનું દ્યોતક છે. ખ્રિસ્ત પથનો પ્રચાર મદનપલ્લી જેવા હિંદુધર્મપ્રધાન ગામમાં પણ પહોંચ્યો હતો. પાદરીઓએ ત્યાં કેળવણીનું કાર્ય હાથમાં લીધું હતું. સીધા ધર્માન્તર-પ્રચારની મનાઇ હતી, પણ વાતાવરણની અસરથી ઘણા વિદ્યાર્થીઓએ ધર્માન્તર કર્યું. તેથી ઉહાપોહ થયો અને ૧૮૭૬માં હિંદુ વિદ્યાર્થીઓને કોઈ જાતની ડખલ ન થાય એવી શાળા થઇ. એ હાઈસ્કૂલ ૧૯૧૦માં ખર્ચની તંગીને લીધે બંધ થવાની તૈયારીમાં હતી તેવે વખતે થીઓસૉફિકલ પ્રવૃત્તિએ ત્યાં હાથ આપ્યો. બ્રિટિશ રાજ્યના દોઢસો વર્ષના કારભારને અંતે માંડમાંડ પ્રાપ્ત થએલી આઠ ટકા જેટલી સાક્ષરતાનો વિસ્તાર કરવા અને હિંદુ બાળકોની કેળવણી ધર્મપ્રધાન કરવા શ્રી ઍની બેસાંટે તેને નજરમાં લીધી અને અધ્યારમાંના પોતાના કાર્યના સહાયક મિ. વૂડની ત્યાં નિમણૂક કરી.

મિ. વૂડે હાઈસ્કૂલને પગભર કરી તે સાથે બીજા વર્ગની (બી.એ.ના અર્ધા ભાગની) કૉલેજ પણ શરૂ કરી. ૧૯૧૩માં થીઓસૉફિકલ એડ્યુકેશન ટ્રસ્ટ થયું. તેણે તેના પહેલા કેન્દ્ર તરીકે એ સંસ્થા હાથમાં લીધી અને ૧૯૧૫માં થીઓસૉફિકલ કૉલેજ શરૂ થઈ.

૧૯૧૬માં અમે ત્યાં જઈ રહ્યાં તે વખતે હાઈસ્કૂલ અને કૉલેજની મળીને વિદ્યાર્થીસંખ્યા ૬૪૦ હતી. એમાંથી ૧૫૦ વસવાટી વિદ્યાર્થીઓ કૉલેજના કૉમ્પાઉન્ડમાં જ રહેતા હતા.

મારું સ્થાન અંગ્રેજી વ્યાખ્યાતાનું હતું. મેં પહેલી વાર કવિતા પર જે કંઈ કહ્યું તે ફિક્કું ગણાયું હતું. મને ખબર પડી કે અહીં તો પરીક્ષામાં આવી શકે એવા પ્રશ્નો ઉપર જ મારે નોંધ આપવી જોઈએ. આથી મારા કામ માટેનો મારો ઉત્સાહ ઓસરી ગયો. પણ હું તો સેવા કરવા જ આવ્યો હતો, એટલે કૉલેજનો હિસાબી મંત્રી અધ્યાર ગયો ત્યારે મેં વર્ગના કામ ઉપરાંત તેનું ઑફિસનું કામ પણ ઉપાડી લીધું. કેળવણીની જડ પ્રથાઓ અને તેથી વિદ્યાર્થી માનસ ઉપર તેમજ જીવન ઉપર થતી ખરાબ અસરો નિવારવા અમારે બનતું કરવાનું હતું. છેવટે જીવનના ઉચ્ચ ધ્યેય તરફ દૃષ્ટિ રાખીને, સેવાકાર્યમાં શ્રદ્ધા ટકાવીને, સતત સાચી રાષ્ટ્રભક્તિને નજર સમક્ષ રાખીને, સામાજિક ભેદોને દબાણ વગર અસરકારક રીતે દૂર કરીને તથા કલાત્મક અભિવ્યક્તિ કરીને, વિચારો તેમજ કાર્યોને પ્રભાવિત કરવાથી એક એવો ભ્રાતૃભાવ પેદા થયો કે જેમાં વિદ્યાર્થીઓ ને સ્ટાફ સમભાગી બની રહ્યા.

માનવ સંબંધોમાં અને વિકાસમાં એ વખતે રોજરોજ જે રસપ્રદ ફેરફારો થતા ગયા તેની બધી વિગતો આપવી અશક્ય છે. ઍની બેસાન્ટે ભારતમાં સ્વરાજ્ય માટે ચળવળ ઉપાડી. તેની સામે ઉઘાડો વિરોધ કરતા અંગ્રેજ પ્રિન્સિપાલને જવું પડ્યું અને શ્રી ત્રિલોકીકર નામના એક મહારાષ્ટ્રી જે વાઈસ-પ્રિન્સિપાલ હતા તે પ્રિન્સિપાલ થયા. તેમણે શ્રી બેસાન્ટ સાથે બનારસમાં કાર્ય કર્યું હતું અને તેમના કામમાં પૂર્ણ રસ ધરાવતા હતા. આ ફેરફારની સાથે મારો હોદ્દો વાઈસ-પ્રિન્સિપાલનો થયો ને ગ્રેટા કન્યાશાળામાં 'મમ્મી' (માતાજી) બન્યાં.

રોજના કાર્યનો આરંભ દસ મિનિટના પ્રાર્થના-સમારંભથી થતો. દરરોજ વારાફરતી હિંદુ, જરથોસ્તી, બૌદ્ધ, ખ્રિસ્તી અને મુસલમાન વિદ્યાર્થીઓ તેમની પ્રાર્થના બોલતા. સાથે ટાગોરની 'ગીતાંજલિ' માંની ચોથી પ્રાર્થના રાખતા. એમાં સંસ્કારની અને શિક્ષણની સર્વાંગી માત્રા સમાએલી છે. અને છેવટે 'જનગણમન' અગર બેસાન્ટનું 'પ્રભુ અમારી માતૃભૂમિની રક્ષા કરો' ગવાતાં. એમાં કોઇ દંભ નહોતો, વિરાટ ચૈતન્ય પ્રતિ આંતરમાનસને વિસ્તારવાનો આનંદ પ્રકટ કરવાનો હતો.

સરકારી કેળવણીના નિયત કરેલા અભ્યાસ-ક્રમોની સાથોસાથ અમે અમારી મેળે કલા અને હસ્ત-ઉદ્યોગોને પણ સ્થાન આપ્યું. ટાગોરના શાંતિનિકેતનમાંથી શિલ્પી અને ચિત્રકાર શ્રી દેવળને બોલાવ્યા. સાડી અને ધોતી વણવાને બે ફટકાશાળો પણ વસાવી, અને એક સામઠી ખાડાશાળા રાખી.

પૂર્ણિમાની રાત્રે એકાદ મકાનની અગાશી પર સહભોજન રાખતા. આવી જાતનાં પ્રીતિભોજનો સામે આગ્નેનાં ગામડાંમાં ચણભણ થતી. પણ ધીરેધીરે જાતભાત ભૂલી સૌ સુંદર ભ્રાતૃભાવ અને ઊંચી ભાવનામાં મોજ માણતા. દર શનિવારે સાંજે એકાદ વિદ્યાર્થી-ગૃહમાં 'ગાના બજાના' થતાં; સાથેસાથે ચિત્રો, ફૂલો, ધૂપ-દીપના શણગાર વગેરે પણ

ખરા. અને પછી ઉપાહાર કે પ્રસાદી હોય જ.

અમારા વ્યાયામ-શિક્ષક હરિદાસ ચેટ્ટી ભારતીય તેમજ યુરોપીય પદ્ધતિઓ બરાબર જાણતા. શ્વાસનિયમનથી તે છાતી ફુલાવી બાંધેલી સાંકળ તોડી નાખતા. એક વાર તેમણે મારી અનુમતિ લઇ બેસાન્ટની 'રૉલ્સરૉય' મોટરને પોતાની કેડ મજબૂત તારથી બાંધી રોકી પાડી હતી. બે ખુરશી ઉપર પુલની પેઠે સૂઇને છાતી પર તે છોકરાઓને કુદાવતા. એ તો વ્યાયામકળાના અતિપ્રયોગો હતા, પણ તેમની તાલીમથી વિદ્યાર્થીઓમાં શિસ્ત ને તંદુરસ્તીનું પ્રમાણ ખૂબ વધ્યું હતું.

૧૯૧૫માં ભારતમાં પહેલી સ્કાઉટ-ટ્રુપ (બાલવીર-ટુકડી) મદનપલ્લીમાં બની. સિલોનથી આવેલા તરુણ વિદ્યાર્થી જી.પી. આર્યરત્ન તેના અગ્રણી હતા. વળી અમારી કૉલેજ-પાર્લમેન્ટ (જેનો એક વર્ષ સુધી હું સ્પીકર હતો તે) પણ અઠવાડિયે એક વાર મળતી અને તેમાં ભારતીય પ્રશ્નો પર વિચારણા તથા નિર્ણયો થતા. ઘણા બહારના મુલાકાતીઓ પણ તેમાં હાજરી આપતા. પ્રાંતિક ધારાસભાનો ત્યારે તો કોઈને ખયાલ નહોતો, પણ પછીના ભવિષ્યમાં અમારા થોડા વિદ્યાર્થીઓ લોકસભા ને ધારાસભામાં ગયા હતા. ઉપરાંત અમે એક તપાસ-પંચ પણ રાખ્યું હતું, અને તેના કામમાં પૂરી કાળજી અને સંશોધનથી નિર્ણય થતા. જ્યાં વ્યક્તિસ્વાતંત્ર્ય, બંધુભાવ ને ભાવનામયતા રોજના જીવનમાં વ્યાપ્યાં હોય ત્યાં પછી શિસ્ત એક સરળ વાત બની જાય છે.

અસહકારની ચળવળ મદ્રાસ ઇલાકામાં પહેલવહેલી આવી પહોંચી ત્યારે તો કૉલેજની પાછળનાં બળો ભારતને પરદેશી તંત્રથી મુક્ત કરવામાં મહાત્માને સાથ આપવા પૂરાં આતુર હતાં. પણ ચળવળની રીતમાં તેમનો મતભેદ હતો. અમે માનતા હતા કે વિદ્યાર્થીઓ અનુભવ અને માહિતી માટે સભાઓમાં ભલે જાય, પરંતુ અભ્યાસકાળમાં રાજદ્વારી બાબતોમાં સક્રિય ભાગ લઇ પોતાનાં મન ને લાગણીને તંગ બનાવી અભ્યાસ બગાડે નહિ. હું પણ તેમની સાથે સભાઓમાં જતો અને તેમને મારા દૃષ્ટાંતથી સંયમમાં રાખ્યા હતા. પણ મદ્રાસની સરકારે મૂર્ખાઈ કરી. તેણે એમનાં 'માતાજી' બેસાન્ટને કેદ કર્યાં. ત્યારે એમનાં હૃદય ઉદ્વેગથી ખળભળી ઊઠયાં.

પણ અમારી કસોટીનો ખરો પ્રસંગ તો સ્કાઉટ-નેતા જનરલ બેડન-પૉવેલ મદ્રાસની મુલાકાતે આવ્યા ત્યારે થયો. માતાજી(બેસાન્ટ)નો ખૂબ જ આગ્રહ હતો કે મદનપલ્લીના સ્કાઉટો મદ્રાસની જંબોરી(સ્કાઉટ-સંમેલન)માં ભાગ લેવા પહોંચી જાય. ત્રણ ભાઈઓ એમાં હતા. તે પૈકી બે નાના હતા. તેમને તો પ્રવાસનો ઉમંગ જણાતો હતો. મોટો ખાનગીમાં અસહકારનું સાહિત્ય વાંચ્યા કરતો હતો. એણે નિશ્ચય કર્યો કે બેડન-પૉવેલ ભારતની ગુલામીના જ પ્રદર્શક છે. એ ત્રણે ભાઈઓ સાથે વાત કરી મેં પરિસ્થિતિ સમજાવી અને તેમને બે માર્ગો સૂચવ્યા. મદ્રાસ જતાં બીજા છોકરાઓ સાથે ટ્રેનમાં બેસવું, પછી ઠીક લાગે તો મદ્રાસ પહોંચી જવું, અગર તો વચ્ચેથી ટ્રેન બદલીને ઘર ભણી રવાના થઈ જવું. એ લોકો ઘરભેગા જ થઇ ગયા! મેં પ્રિન્સિપાલ તરીકેની ડાવકાઇ જાળવી રાખી, પણ મારા મનમાં છૂપેલા ક્રાન્તિકારીએ તેમની હિંમત માટે ખાનગીમાં ધન્યવાદ આપ્યા. એમનાં માબાપે છોકરાઓને અણધાર્યા આવી પહોંચેલા જોઈ ઊધડા લીધા અને મારા નામ પર કંઇકંઇ બોલી નાખ્યું. એ બધું મારા કાને પહોંચ્યું હતું. પાછળથી મ્હૈસૂરના એક પ્રાંતીય નગરમાં હું થીઓસૉફિકલ સભાનો પ્રમુખ થવા ગયો ત્યાં સ્વાગતમાં એ બળવાખોર ત્રિપુટીના પિતાને મેં પિછાની કાઢયા. બે તો તેમની સાથે જ હતા. મેં તેમને હસતાંહસતાં ઠપકો આપ્યો. તેઓ તો હર્ષાશ્રુ સાથે મને બાઝી પડયા. તેમના પિતા કહે, 'ભાઈસાહેબ, એ વખતે હું તમને સમજી શકેલો નહિ.'

મદનપલ્લીમાં અમારી જમાતને માટે આનંદરંજન પણ અમારે જ કરવાનું હતું. તેલુગુ, તમીળ અને કન્નડમાં એકએક નાટક કરવાના દિવસો ઠરાવ્યા. એ દ્વારા તેમાં ભાગ લેનારાઓને સમૂહકાર્યની ને પાઠ કરવાની વિશાળ કેળવણી મળતી. વેશભૂષા અને દરયો બનાવવામાં પણ કંઇકંઈ અનુભવ થતા. વાજિત્રોમાં એક નાનકડું હાર્મોનિયમ (જેનો યુરોપમાં કંટાળો હતો), એક જૂનુંપુરાણું વાયોલિન અને એક મૃદંગ. રાવણને પૂંઠાનાં દસ માથાં ચોડવાનો આગ્રહ મુશ્કેલી ઊભી કરતો. એ બધી જૂનવાણી પ્રથામાંથી નીકળવા માટે મારી કલ્પનાને નવા જુસ્સાદાર પ્રયોગોની જરૂર લાગી. જુવાનીમાં આયર્લૅન્ડમાં અનુભવેલો નાટકનો જુવાળ જગૃત કરવાની ઇચ્છા મારામાં પ્રકટી અને તેમાંથી મીરાંબાઈના જીવનમાંથી 'ધ કિંગ્સ વાઇફ' (રાજરાણી) નાટક લખાયું. શેક્સપીઅરે એલ્સીનોરનો કિલ્લો જોયા વિના 'હૅમ્લેટ' લખવાનો ગુનો કરેલો; રૉબર્ટ સધીએ મહાબલિપુરમ્ નહોતું જોયું; એવી જ ગુનેગારી ચિતોડ જોયા વિના એ નાટક લખવાની મેં કરી. પણ તેનો પાંચમો અંક લખાતો હતો તેવામાં અમુક વ્યક્તિગત તેમજ ભારતીય જીવનમાં બનેલા બનાવોને અંગે મારે મીરાંબાઈના દેશમાં પ્રવાસ કરવાનું થયું અને પછી છેલ્લો પ્રવેશ લખાયો.

મારા થોડા વિદ્યાર્થીઓ

થમ્બુ અંધારમાં અમારું ઘરકામ કરતો. તેને મદનપલ્લી બોલાવી લીધો હતો. તે પોતાની સ્ત્રી અને છોકરાંને લઇને આવી ગયો. અમારે ત્યાં બધા ધાર્મિક તહેવારોના ઉત્સવો થતા. થમ્બુએ સરસ્વતી-પૂજાને દિવસે મને આમંત્રણ આપ્યું. તેનું રસોડું અને ઘર નિષ્કલંક ચોખ્ખાં હતાં. રસોડાના પૂજા-ઘરમાં શુદ્ધ મંત્રોચ્ચાર સાથે તેણે પોતે આરતી ઉતારી. લોખંડી ચોકઠાવાળી વર્ણવ્યવસ્થા વચ્ચે આ નવો પ્રકાર હતો. થમ્બુએ પૂજાની જગ્યાએ કોઈ છબી કે મૂર્તિ મૂકી નહોતી. ચોખાની ઢગલી કરી તે પર એક નાની પાનની તીરખી ઊભી કરી. મેં કહ્યું, 'થંબુ, મને કહ્યું હોત તો હું તને સારી છબી કે મૂર્તિ અપાવત.' તે જરા મૂંઝાયો, 'આપને આ ગમ્યું ન હોય તો તે ફેંકી દઇને એક પથ્થર મૂકું, પણ આપ જ કહો છો કે સર્વ કંઈ મહાન શક્તિના હાથપગ છે.' તેની વાત ખરી હતી. સર્વત્ર ચૈતન્ય વિલસી રહ્યું છે તેનું ભાન માત્ર જરૂરી છે.

એક વાર રેડ્ડી જાતિના અશોકે તેને ઘેર ગુરુપૂજા માટે નિમંત્રણ આપ્યું. મને ક્ષણવાર આ દેવસ્વરૂપ બનવાની મૂંઝવણ થઈ. અશોકે તરત કહ્યું, 'હું ભગવાનને ઓળખવા ઘણી મહેનત કરું છું, પણ તે સફળ થતા જન્મો લેવા પડશે. તમે ગુરુરૂપ મારા માતાપિતા છો. આ વિશ્વમાં ઈશ્વર છોડીને તમે જ પ્રત્યક્ષ છો.' મેં શ્રી ત્રિલોકીકરને પૂછી જવાબ આપવા કહ્યું. એમને પણ એ પ્રમાણે આમંત્રણ થયું હતું ને એમણે સ્વીકાર્યું હતું. એમણે કહ્યું, 'આ તો અમારી સંસ્કૃતિ છે.'

સાંજે લીંપેલા-ધોળેલા ઉત્સવભર્યા અશોકના ઘરમાં આઇરિશ અને ભારતીય રૂપની બે ગુરુમૂર્તિઓ ખુરશીમાં વિરાજી. તેમને હાર-ચંદન અર્ચાયાં. સંસ્કૃતમાં પ્રાર્થના થઈ અને છેવટ કર્પૂરની આરતી થઈ. એ પત્યા પછી અમે મનુષ્યકોટિમાં આવ્યા અને સૌની સાથે શેતરંજીઓ પર બેસી મીઠી મધુરી વાનીઓનું સ્નેહભોજન માણ્યું.

સુંદરમ્ એક બ્રાહ્મણજાતિના પ્રભાવી વકીલનો દીકરો હતો. એણે કૉલેજના લાભાર્થે તારાબાઈના સર્કસનો એક ખેલ મેળવ્યો હતો. તે એક પ્રસિદ્ધ દાક્તર થયો અને જાતીય રોગો તથા તેનાં કારણોની સામે કટ્ટર ઝુંબેશ કરનારો બન્યો.

બીજો હતો લક્ષ્મણ, જે પાછળથી મ્હૈસૂરનો હોઈસળ કવિ લક્ષ્મણરાવ બન્યો. એ ખાનગીમાં મારી પાસે અંગ્રેજી કવિતા પર વાર્તાલાપ સાંભળતો. તેને મેં ચેતવણી આપી કે અંગ્રેજીમાં કાવ્ય કરવાં એ તેની

પરિપાટી તેમજ માતૃભાષાની વફાદારીને છાજશે નહિ. તે સમજી ગયો. મારી પાસેથી મળેલા માર્ગદર્શનથી તેણે કન્નડ ભાષામાં ભાવ અને વસ્તુ વિષેના મારા આદર્શો ઉતાર્યા. એની કવિતા પાઠ્યપુસ્તકોમાં લેવાઈ અને તે પોતે પણ એક શિક્ષક બન્યો.

મહોરમમાં મુસ્લિમ વિદ્યાર્થીઓએ તાજિયા જોવા અમને નિમંત્રણ આપ્યું અને એક જણે તેના ઘરની અટારીમાં અમને બેસવાની ગોઠવણ કરી આપી. મોહરમ એ ઇસ્લામનો 'ગુડ ફ્રાઇડે' જેવો તહેવાર છે. અમારા રસ્તાના વાંક આગળ સરઘસ આવ્યું ત્યારે દરેક પ્રકારના લોકો તેમાં કૂદતાનાચતા હતા અને હિંદુ બૅન્ડ અંદર વાજાં વગાડતું હતું. એટલામાં કેટલીક મશાલોવાળા અમારી સામે આવી ઊભા. ત્યારે સમજાયું કે અમે જોકે અહીં ખાનગી રીતે નિરીક્ષણ કરવા બેઠા હતા, પણ લોકોને ખબર પડી એટલે અમારા જાહેર સત્કારની હવે તૈયારી થઈ હતી. મેં તો જોકે જાહેર પ્રકાર માટે કપડાં પણ પહેર્યાં નહોતાં. પગમાં બૂટ પણ વાધરી વગરના હતા અને આવી 'કૂચ-સવારી'ની સલામી લેવા જેવા દીદાર નહોતા. પણ ત્યાં તો ટોળામાંથી, હસી રહેલા ચમકતી આંખોવાળા મોંવાળા પણ વાઘના રૂપે રંગાએલી એક આકૃતિએ આવી મારા પગ આગળ ફૂલો મૂક્યાં. તુરત વાજાં વાગવાં શરૂ થયાં અને સરઘસ આગળ ચાલ્યું.

નારીજગતમાં જાગૃતિ

પણ મિસિસ કઝિન્સને ચેન પડતું નહોતું. વિદ્યાર્થિનીઓની નોટબુકો તપાસવી, સુધારવી વગેરે ઘસડબોરો તો તે કરતાં. પણ માનવતાનું અને સર્જનનું કંઈક વિશેષ કાર્ય કરવાની તેમને તાલાવેલી હતી. એ જોઇ મેં તેમની આગળ 'નારી મતાધિકાર' માટે કંઈ કરવું એવો પ્રસ્તાવ મૂક્યો. 'અરે, અહીં હિંદમાં તો તેની ચર્ચા કરવા માટે પણ બસો વર્ષ લાગશે.' એમ માર્ગરેટ બોલ્યાં. યુગોથી પુરુષજાતિની અધીનતા પાળનારી અને કેળવણીમાં પછાત ભારતીય નારી માટે પશ્ચિમનો મત સર્વત્ર એવો જ હતો.

છતાં આઇરિશ અતિથિ-ભાવનાને વશ થઈ કેટલાંક કુટુંબોની સ્ત્રીઓને વારાફરતી 'ચા-પાણી' માટે નોતરવાનું તેમણે શરૂ કર્યું. ચા-પાણી કે ઉપાહારના નામે થતા સહભોજનને ન્યાતનાં બંધન નહોતાં. એ ઉપરથી અમારા એક બ્રાહ્મણ પ્રાધ્યાપકે સ્ટાફનાં માણસો તથા તેમની પત્નીઓને સાથે ચા-પાર્ટી આપવાનો વિચાર કર્યો. બધાંને એમાં કંઈક નવું લાગ્યું. સાધારણરીતે ઘરમાં પુરુષ જમવા બેસે અને પત્ની પીરસે. પણ આ પાર્ટીમાં તો સૌ જ સૌનું સ્વાગત કરે. પછી તો એવી પાર્ટીઓ અનેક વાર અનેક ઠેકાણે થવા માંડી. તેનાં સંસ્મરણો આલેખતાં મિસિસ કઝિન્સ લખે છે:

"એક તરુણ અને તેજસ્વી અધ્યાપક તેની નાજુક પત્ની સાથે કૉલેજની નજીકમાં ઘર રાખી રહેતો હતો. તે યુવતી અમને મળવા આવી ત્યારે, કદી યુરોપિયનો સાથે વાત કરેલી નહિ તેથી, શરમાતી શરમાતી એક છાયાની પેઠે ભીંત પાસે બેસી ગઈ હતી. એટલી ઓળખાણ પછી ત્રીસે વરસે, એનું જાતે વહોરેલું શરમાળપણું તો ક્યાં યે ઓસરી ગયું અને તે અમારી કૉલેજની કાર્યકર્તા અને ગ્રૅજ્યુએટ યુવતી બની, યુનિવર્સિટીની સેનેટર થઈ, ડિસ્ટ્રિક્ટ બોર્ડમાં નિમાઇ, અને સાથે ઑનરરી મૅજિસ્ટ્રેટ બની! આવી તો કેટલી યે ભારતીય સન્નારીઓ ઉપર આવવાના સંકેતની જ રાહ જોતી હતી.

અમારી ચા-પાર્ટીમાંથી સ્ત્રીઓ એકબીજીની સમીપ આવતી થઇ. પહેલાં તો તેમની સાથે રહેનારની વાહવાહ ને બહાર રહે તેમની ટીકા થતી. ઉત્સાહમાં 'અબલા-અભિવર્ધિની સમાજ' સ્થપાયો. સ્ત્રીનું આવું ગૌણ પદ દર્શાવતું નામ નિભાવી લેતાં મને ઘણો સમય લાગેલો.

અમારા કાર્યના ખબર અડ્યારમાં મિસિસ ડૉરૉથી જિનરાજદાસને મળ્યા અને અમારા 'સમાજ' પરથી તેમણે ૧૯૧૭માં 'ઇન્ડિયન વીમેન્સ એસોસીએશન' (ભારત મહિલા સમાજ) સ્થાપ્યું. 'અબલા અભિવર્ધિની સમાજ' તેની પહેલી શાખા બન્યો. એસોસીએશન ૭૦ સભ્યોથી સ્થપાયું અને મિસિસ ઍની બેસાન્ટ તેનાં પ્રમુખ બન્યાં.

એ જ વર્ષની ઉનાળાની રજામાં અમે અડ્યાર ગયાં તે વખતે સેવાનાં શુભ કાર્યમાં લાગી રહેલાંઓ માટે 'બ્રધર્સ ઑવ સર્વિસ'(સેવાબંધુઓ)નું બિરુદ ત્યાં દાખલ કર્યું હતું. તેમણે પોતે 'ચીફ બ્રધર'નું પદ ધારણ કર્યું. આવું જૂનવાણી, પુરુષવાચક, એકપક્ષી અભિધાન રાખવા સામે મારો વાંધો હતો; પણ પુરુષો તરફથી કહેવામાં આવ્યું કે 'બ્રધર્સ' અને 'બ્રધરન' શબ્દોમાં બંને જાતિઓ માનવાનો રિવાજ પડ્યો છે! મેં તો અમારી 'નારીદિન'ની સભામાં તે શબ્દ સામે મોરચો કર્યો. કોઇએ મારા વિરોધની વાત ઉપર પહોંચાડી અને બેસાન્ટ આગળ એ બિરુદ મને આપવાની દરખાસ્ત મૂકી. પણ તેઓ મારી આ શબ્દ માટેની નારાજી જાણતાં હતાં. એટલે મેં વાતને મોરચે લાવવા પૂરા સભ્યપદ માટે અરજી મૂકી. આથી તેમણે મને રૂબરૂ બોલાવી ખૂબ લાંબી ને ટક્કરભરી ચર્ચા પછી પૂરા મહત્ત્વ સાથે એ પદ આપવા નક્કી કર્યું. બીજે દિવસે સવારે વિધિપુરઃસર તેમણે મને દીક્ષા આપી. પોતાને સુકોમળ હાથે રૂપાની સાંકળી અને પેન્ડન્ટ (ચકતું) પહેરાવ્યું, તથા મારે કાંડે ભૂરી પટ્ટી બાંધી. થોડા વખત પછી હું આ સંસ્થાની એક મુખ્ય અધિકારી બની ત્યારે મારા પતિને નીચે સૌની સાથે બેસવાનું હતું.

૧૯૧૭ના સપ્ટેમ્બરમાં બેસાન્ટ જેલમાંથી મુક્ત થયાં. કૉલેજમાં રજા પડી. અડ્યારથી આજ્ઞા થઇ કે બૉય-સ્કાઉટની ટુકડી તેમના સંમાન-સરઘસ માટે રવાના કરવી. અમે બંને પણ ત્યાં પહોંચી ગયાં. લોકોના ઉત્સાહનો પાર નહોતો. અરધા કલાકને બદલે બે કલાકે સરઘસ હૉલમાં પહોંચ્યું. ચિક્કાર મેદનીવાળી સભાઓ થઈ. સ્કાઉટના કાર્યક્રમો થયા.

એવામાં લંડનથી મિ. મૉન્ટેગ્યુ (તે વખતના સેક્રેટરી ઑવ સ્ટેટ ફૉર ઇન્ડિયા) ભારત આવે છે એવા સમાચાર મળ્યા. ઘણીઘણી જાતની ચર્ચા-વિટંબણા પછી તાર કરવામાં આવ્યો કે ૧૯૧૭ની ૧૮મી ડિસેમ્બરે ભારતનું નારીમંડળ નારીહક્કો માટે મુલાકાત આપનાર છે.

મને ભારતમાં આવ્યાને બે જ વર્ષ થયાં હતાં ને ભારતના ઇતિહાસનું પ્રકરણ બદલવું એ બચ્ચાંનો ખેલ નહોતો. વિરાટ ભારતની વાસ્તવિક સ્થિતિ વિષેનું મારું અજ્ઞાન મને મૂંઝવતું હતું. વેદકાળના ઉત્તમ લગ્નપથાઓ અને આદર્શો તથા સૈકડો વર્ષોના સામાજિક અધઃપતન વચ્ચેનું અંતર, તિરુપતિના રેલવેપ્લૅટફૉર્મ પર એક જડ માણસ તેની પત્નીને ઝૂડી રહ્યો હતો તેમાં મને દેખાયું. એની અમાનુષતા અને નીચતા જોઈ લાલ વીજળિક રેખાની ઝડપે હું મારા કંપાર્ટમેન્ટમાંથી ધસી ગઇ અને પેલા માણસને સ્ત્રી-પુરુષના સમગ્રે ખૂબ સંભળાવ્યું.

મનની સમતુલા કરી મેં ભારતીય નારીના હકપત્રની માગણીનો ખરડો તૈયાર કર્યો. એમાં મને શું શું વીતી તે અંગત વાત છે, પણ છેવટે બધાં સભ્યોએ તેને મંજૂરી આપી. તેમાં ખાસ લખ્યું કે 'લોકલ સેલ્ફ ગવર્ન્મેન્ટ જલદી મળવું જોઇએ અને તેમાં સ્ત્રીઓને પૂર્ણ અધિકાર મળવો જોઇએ. બ્રિટિશ સામ્રાજ્યમાં છેલ્લાં વીસ વર્ષમાં જ્યાં જ્યાં આવો નિયમ કર્યો છે ત્યાં ત્યાં તે સફળતા પામ્યો છે. આ વર્ષે એક નારીરત્નને કૉંગ્રેસનું પ્રમુખપદ અપાયું છે, તેથી ભારતનો અવાજ સ્પષ્ટપણે સ્ત્રીઓને જવાબદાર અને માન્ય નાગરિક તરીકે મંજૂર રાખે છે. કેળવણીમાં પણ સુધારો કરવો જોઇએ. આજે દર સો છોકરાના પ્રમાણમાં એક છોકરીને કેળવણી મળે છે. કેળવણીનું ધોરણ ભારતમાં સમધારણ થવું જોઇએ. સ્ત્રીઓ માટે મેડિકલ કૉલેજ પણ થવી જોઇએ.

સૂતિકાકાર્યના ટૂંકા અભ્યાસક્રમો જોઈએ. તે માટે શહેર તથા ગામડાં-ની સ્ત્રીઓને શિષ્યવૃત્તિઓ અપાવી જોઈએ. આ બધું હાલ નહિ સ્વીકારાય તો સુધારા વ્યર્થ જશે.' આ બધું કોઈ અદૃષ્ટ યોગથી પ્રેરાઈ મેં લખ્યું હતું. કોઈ ઊંડી વિચારણા કે આંચકા વગર, મારી જાતે, કોઈ ઘાટ આપ્યા વગર જ તે લખાઇ ગયું. મેં પછી તેમાં કંઇ ફેરફાર કર્યો નહિ તેમ બીજાઓએ કંઈ ઉમેરો પણ કર્યો નહિ.

૧૯૧૭ની ૧૮મી ડિસેમ્બરે શ્રી જિનરાજદાસે અમારાં પ્રતિનિધિઓ ને વહેલાં તૈયાર કરી, સવારે નવ વાગ્યે બેસાન્ટની મોટરમાં ભરીને ગવર્નમૅન્ટ હાઉસ પર ૧૧ વાગ્યે હાજર કરી દીધાં હતાં. ત્યાં વાઇસરૉય અને મૉન્ટેગ્યુ બંને સાથે મુલાકાત થઇ. વાઈસરૉય પૂર્ણ સજ્જન લાગ્યા, પણ તેમની બુદ્ધિપ્રભાની છાપ અમારા પર ન પડી. સેક્રેટરી ઑવ સ્ટેટ મિ. મૉન્ટેગ્યુ ઘણા મિલનસાર, બુદ્ધિમાન અને નિષ્ઠાપૂર્ણ લાગ્યા. જાણે પોતે જ લખ્યું હોય એવી છટાથી શ્રીમતી નાયડુ અમારું નિવેદન વાંચી ગયાં. તુરત કંઈ જવાબ મળ્યો નહિ. અમારા પૈકી ચાર જણને વ્યક્તિગત મુલાકાત મળી. હું તો સેક્રેટરી હતી એટલે તેમાં મારું નામ નહોતું. બપોરે ગોખલે હૉલમાં સૌને મળવાનું હતું. ત્યાં મુંબાઈનાં કુ. ડૉ. જોષી નામનાં એક મધુર સન્નારી સાથે જીવનભરની મૈત્રી મળી. એ નાગુતાઇ જોષી પાછળથી 'રાણી રાજવાડે' થયાં."

રાષ્ટ્રીય કેળવણીનું કાર્ય

સ્ત્રીઓનું પ્રતિનિધિમંડળ મદ્રાસ આવી પહોંચ્યું તે અરસામાં બે-ત્રણ દિવસ અધારમાં શાંતિથી પસાર કરીને પછી શિયાળુ રજાઓમાં કલકત્તા જવાનું અમે ઠરાવ્યું, કેમકે શ્રી બેસાંટ ત્યાં નૅશનલ કૉંગ્રેસનાં પ્રમુખ થવાનાં હતાં. હું અને ત્રિલોકીકર અધાર પહોંચ્યા ત્યારે વિદ્યાર્થીઓની એક જંગી સભા યોજાઈ હતી. ત્યાં કેટલાક ઉશ્કેરાએલા યુવાનો દરવાજેથી મારો હાથ પકડીને મને અંદર પ્રમુખસ્થાને ખેંચી ગયા. સરકારે વિદ્યાર્થીઓને રાજકીય સભાઓ ભરવા મનાઈ ફરમાવતો (G. O. 559) નામનો ખરો કાઢ્યો હતો તેના વિરોધમાં એ સભા હતી. શ્રીમતી સરોજિની નાયડુ ત્યાં બોલવાનાં હતાં. હું મંચ ઉપર પહોંચ્યો ત્યાં તેમણે મને ઉમળકાભર્યો આવકાર આપ્યો. હર્ષનાદો અને તાળીઓના ગગડાટ વચ્ચે મારે એકદમ એ આવકારને માન આપી પ્રમુખપદ લેવું પડ્યું. શ્રીમતી નાયડુએ એક કલાક સુધી એમની રંગીલી છટાથી ભાષણ કર્યું. અંતે મારો વારો આવ્યો ત્યારે મેં કહ્યું, 'તમે શાનો વિરોધ કરો છો? કંઈક તમારી કે કંઈક સરકારની ભૂલ થઈ છે. સરકારે એના હુકમને G.O.559 કહ્યો છે. G.O. કેમ બોલશો? G.O. ગો એટલે તો જવું!' અને બધે હસાહસ થઈ ગઈ.

૨૨મી ડિસેમ્બરે અમે ૪૦ કલાકની કલકત્તાની મુસાફરીએ ઊપડ્યાં. કૉંગ્રેસનાં પ્રમુખ એ જ ટ્રેનમાં હતાં. કલકત્તા પહોંચતાં અપાર મેદની સ્ટેશનમાં જામી હતી. શણગારેલી ઘોડાગાડીઓ, ચોપદારો અને દેવછત્રો વગેરેથી દેખાવ ભવ્ય બન્યો હતો. અમને સર જૉન વૂડરોફ તેમની નિખાલસ મૈત્રીને દાવે લેવા આવ્યા હતા અને તેમના કલામય નિવાસમાં મોટરમાં બેસાડી લઈ ગયા. સાંજે જમતી વખતે શ્રી અવનીન્દ્રનાથ, શ્રી ગગનેન્દ્રનાથ અને સમરેન્દ્રનાથ, એ ત્રણ ટાગોર ભાઇઓનો સાથ કોઈ અચાનક મેળ કરનારો બન્યો. કલા, સૌંદર્ય અને ઉચ્ચ તત્ત્વજ્ઞાનની હવામાં અમને આરામ મળ્યો.

અમારા જવાનો પ્રધાન આશય તો બોર્ડ ઑવ નૅશનલ એડ્યુકેશનની પહેલી રીતસરની સભામાં હાજર રહેવાનો હતો. બંગાળ અને ભારતના સંસ્કારવિધાતાઓનું એ વિશાળ અને તેજસ્વી સંમેલન ઘણું પ્રેરક અને અસરકારક બન્યું. બેસાન્ટ તેના પ્રમુખસ્થાને બિરાજ્યાં. થીઓસૉફિકલ એડ્યુકેશન ટ્રસ્ટ રાષ્ટ્રીય કેળવણી વિસ્તાર-ની નવી યોજનાની એક મૂળ સંસ્થા તરીકે તેમાં જોડાઇ ગયું. નૅશનલ યુનિવર્સિટી (રાષ્ટ્રીય વિદ્યાપીઠ) સ્થાપવાનું ઠર્યું અને મુલતવી રહેલી પછીની ૩૦મીની સભામાં સર રવીન્દ્રનાથ ટાગોર તેના ચાન્સેલર (ઉપકુલપતિ) નિમાયા. શ્રી બેસાન્ટ કાર્યસમિતિનાં અધ્યક્ષ થયાં અને મિ. એરુંડેલ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર થયા.

૨૬મી ડિસેમ્બર કલકત્તાનું મહાન રાજદ્વારી પર્વ બની રહી. ૩૩મી રાષ્ટ્રીય મહાસભાના અધ્યક્ષસ્થાને પ્રથમ સ્ત્રીપ્રમુખ તરીકે શ્રી બેસાંટ હતાં. રવીન્દ્રનાથ તે વખતે કીર્તિની ટોચ પર હતા. એમણે અમને બંનેને જોયાં એટલે નજર મેળવી ને વંદન કર્યાં. તે અમારી અમૂલી સ્મૃતિ છે. સભા-પ્રારંભ કરવાને તે ઊંચી વ્યાખ્યાનપીઠ પર ધીર ગૌરવથી ચડ્યા અને પોતાના બંગાળી ગીતનું રૂપાન્તર લયપૂર્ણ અંગ્રેજીમાં બોલ્યા. મંચ પરથી એ ઊતર્યા તે તો ઇતિહાસ જોઈ રહે એવી અકૃત્રિમ નાટ્યછટા હતી. મિસિસ બેસાંટ પોતાની ખુરશીમાંથી ઝડપથી ઊભાં થઈ ગયાં અને કવિની સામે જઇ પોતાનો હાથ ધર્યો અને તેમનો હાથ પોતાના કપાળે લગાડ્યો. તુરત કવિએ પોતાના બંને હાથ બેસાન્ટના હાથમાં મૂકી પોતાની ઊંચી દેહયષ્ટિ નમાવી મસ્તકથી તેમના હાથનો સ્પર્શ કર્યો.

કૉંગ્રેસનું કામ ચાલતું રાખી અને ગ્રેટાને શ્રીમતી નાયડુનું ભાષણ સાંભળતાં મૂકી હું ભારતીય ચિત્રપ્રદર્શનમાં ગયો અને બે કલાક સુધી તેના પુનિત સૌંદર્યનું પાન કર્યું. રાત્રે ટાગોરભવનમાં કુટુંબનાં જ માણસોએ ભજવેલું રવીન્દ્રનાથનું 'ડાકઘર' (પોસ્ટ ઑફિસ) નાટક જોયું. એમાં વડીલો, પુત્રો ને પૌત્રો સુદ્ધાંએ ભાગ ભજવ્યા હતા. બીજી પણ ઘણી મુલાકાતો અને સમારંભોનો આ તકે લાભ લીધો.

પ્રવાસ

એવામાં અશક્યની શક્યતા ઊભી થઈ. એને આસમાની ગોઠવણ જ કહું. મને ફરમાન થયું કે પહેલા 'રાષ્ટ્રીય કેળવણી સપ્તાહ' માટે કરાચીમાં વ્યાખ્યાનો–વાર્તાલાપો માટે મારે જવું. માર્ગમાં આવતી શાળાઓ અને સંસ્થાઓ આ મધ્યસ્થ સભામાં જોડાય તે માટે સંપર્કો કરવાના હતા. રેલવેનો નકશો જોવા માંડ્યો, ત્યાં મારવાડ જંક્શન જોયું. મિત્રો પાસેથી જાણ્યું કે ત્યાંથી જ રાણી મીરાંબાઈના રાજપૂત પતિના રાજ્ય મેવાડમાં જવાય છે એટલે ચિતોડગઢ જોવાની પણ તક મળશે. ૨૧મી માર્ચે સૌની દિલોજાનભરી વિદાય લઈ નીકળ્યો.

પૂના પહોંચી વિજયનગરનાં ખંડેરો જોવા એક ચક્કર માર્યું. પૂના તો મુંબાઈ ઇલાકાનું બીજા નંબરનું શહેર છે. પણ ત્યાં મારી વાતનો ઊલટો જ અને વિરુદ્ધ પડઘો પડ્યો. પૂના એટલે કેળવણી-પ્રવૃત્તિઓનું જબ્બર કેન્દ્ર. એને બહારથી આવતી નવી પ્રવૃત્તિમાં કશો રસ ન પડ્યો. એ તો અત્યંત બુદ્ધિમાન ને ગણતરીબાજ હતું. ધર્મની વાતને કેન્દ્રમાં રાખનારી કેળવણી તેમને જોઈતી નહોતી. મારે માટે જાહેર સભા મુશ્કેલ બની. વૈજ્ઞાનિક ચોકસાઇઓ આપણને જ્યાં ને ત્યાં રાખે છે. બીજી તરફ, આંતરદૃષ્ટિના મુક્ત વિહાર અને ઉચ્ચત્તર ભાવનાઓ (જેમાં માનવેતર ભાવનાઓના નવા પ્રદેશ ખુલ્લા થાય છે એવી ઉચ્ચતર ભાવનાઓ) વચ્ચે પરસ્પરનાં મૂલ્યો સરખાવતાં મેં રાત વિતાવી. પરંતુ સાથેસાથે મેં એક બીજું પૂના પણ જોયું. તે ઓછું બુદ્ધિમાન હશે, પણ જીવંત હતું. તેમાંથી ઘણી શાળાઓએ અમારી સંસ્થા અસ્તિત્વમાં આવે ત્યારે જોડાવા સંમતિ આપી.

મુંબાઈમાં પણ કશું કામ થયું નહિ. એક દિવસ કેટલાક સિંધી વિદ્યાર્થીઓ સાથે એલિફન્ટાની ગુફાઓ જોઈ. તેમાં આઠમા સૈકાના પ્રતિમા-નિર્માતાઓની આંતરદૃષ્ટિ, કલ્પના ને કર્મકુશળતા જોઈ લાગ્યું કે સદા બદલાતાં મૂલ્યોવાળા આ જગતમાં ઇતિહાસ અને વ્યક્તિનાં આવરણો-થી મુક્ત આ સર્જનોનું રહસ્ય કદી ગુલ થવાનું નથી. (અનુ. પૃ. ૩૫૯)



ખંડ ૧૧ : ગજમદોની મુલાકાત

સિંહરાજપુરથી વીસેક કોસ પૂર્વમાં જલધિમંત્રી ગજમદોની ગઢી હતી. ત્યાં ત્રણે બાજુએ ઊંચી પહાડી વચ્ચે નાનકડી ખાડી હતી. બલી અરમારનું અહીં મુખ્ય થાણું હતું. પહાડ નીચેની પટ્ટીમાં નાવિકોનાં દળ રહેતાં હતાં. ખાડી પાંચેક કોસ દૂર હતી ત્યાં જ ધાધલ અને એના સાથીઓને અટકાવવામાં આવ્યા. ધાધલે પોતા સાથે આણેલી કુમાર અમિતશીલોની મુદ્રા દેખાડી. નાવિકોએ અહીંથી એનો સાથ કર્યો અને ગઢી પાસે લઇ આવ્યા. રસ્તામાં અનેક ઠેકાણે અટકાયત થતી રહી, પરંતુ છેવટે અરમારના અડ્ડા પાસે આવી પહોંચ્યા. એમના વિષેના ખબર ગઢીમાં પહોંચાડવામાં આવ્યા અને ઠેઠ સાતમે દહાડે મંત્રીની મુલાકાત નક્કી થઈ.

બલીમાં અષ્ટ રાજકુલ હતાં. એના મુખી 'રાજન્' કહેવાતા. મંત્રી ગજમદો પણ એવો રાજન હતો. ક્ષત્રિય કુળ અને મહારાજાનો નાનો ભાઈ હોવા ઉપરાંત ગજમદો દરિયાસારંગ હતો. નાવિકોમાં એ શૂર અને સાહસી ગણાતો હતો.

ધાધલને અને અજયપાળને એણે ગઢ બહારના ઉપવનમાં મુલાકાત આપી. શરૂઆતથી જ ધાધલ સમજી ગયો કે ગજમદોએ પોતાના મુલાકાતીઓ વિષે ઉપલબ્ધ એટલી બધી જ માહિતી મેળવી લીધી હતી. ધાધલ અને અજયપાળના વંશ, કુળ, 'રાવળનાથ'નાં સાહસ વગેરે બાબતો વિષે ગજમદોને એટલી બધી ખબર લાગતી હતી કે ધાધલ અચંબો પામ્યો. આ ગઢીમાં ગજમદો દરિયાસારંગ નહિ પણ જલધિમંત્રી હતો. ધાધલને મંત્રીઓની મુત્સદ્દીગીરીનો રજમાત્ર પણ અનુભવ ન હતો. ગજમદો જો પોતાની અરમારના તૂતક ઉપર ઊભો હોત તો ધાધલ એને જરૂર સમજી શકત!

ગજમદોએ મુલાકાતનું કારણ પૂછ્યું. ધાધલે ટૂંકામાં અગ્નિગળમાં કુંવરીઓ ચડી ત્યારથી સ્મરાંગ બંદર સુધીની વાત કહી સંભળાવી. 'કસ્તલાન્દર'ની હુતાશણીની વાત ગજમદો જાણતા લાગતા હતા, પણ એ અકસ્માત ન હતો એ જાણી એ અજાયબ, ને કંઇક ખુશી, થયો લાગ્યો. હવે એની આંખો અજયપાળને વધારે ધ્યાનથી જોવા લાગી.

આ મુલાકાત ટૂંકી હતી. ચંપકમ્ અને તંગમ્ વિષે બને તેટલી શોધ કરાવવાનું આશ્વાસન આપી ગજમદોએ મુલાકાતીઓને રુખસદ આપી. ધાધલ કંઈક વિચારમાં પડી ગયો. અજયપાળ નિરાશ થઈ ગયો.

ખંડ ૧૨ : અજયપાળ ગુમ થાય છે

ધાધલે હવે સિંહરાજપુરમાં ડેલો રાખ્યો ને પોતાનું કામ ઉપાડ્યું. પહેલાં તો 'અમ્બન્' પિરાહુ તૈયાર કરવાનું હતું. એનો માલિક જરૂમુદ્દી અહમદ સુપર્વો હતો. ધાધલે એને બાર મહિનાની સફર માટે તૈયાર કરવા માંડ્યું. બલીલિંગની ખાડીમાં એને સુક્કે નાખ્યું અને સુતારો તથા લુહારોની ત્યાં કતાર બાંધી દીધી.

અજયપાળના મનને વણપરો મળે એ હેતુથી 'અમ્બન્'ને તૈયાર કરવાનું કામ ધાધલે એના ઉપર નાખ્યું. અને હવે એણે જાતે જ નાયર કુંવરીઓ વિષે આસપાસ પૂછપરછ શરૂ કરી.

એક દહાડો ધાધલ જ્યારે બલીલિંગ પાછો આવ્યો ત્યાં ખબર મળ્યા કે અજયપાળ રાત્રે ક્યાંક ગયો ત્યારથી એનો પત્તો ન હતો! દેવરાજ આ ખબરથી સડક થઈ ગયો! અજાજીને તંગમ્ વિષે કંઈક ભાળ મળી હોય અને એની ધૂનમાં જ એ નીકળી ગયો હોય, એ અનુમાન જ એને વાજબી લાગ્યું. પણ આ અજનબીબ દેશમાં એ એકલો નીકળી પડે એમાં ધાધલને એની સલામતી માટે અંદેશો ઊપજ્યો. ધાધલે અહમદ સુપર્વોને બોલાવ્યો. એના જેટલા ઓળખાણ-પિછાનવાળા હોય એને અજયપાળના સગડ ઉપર મૂકવાનું કહી, ધાધલ પોતે તાબડતોબ ગજમદોની ગઢી તરફ ઊપડ્યો. ચંપકમ્ અને તંગમ્નો હજુ કંઈ પત્તો ન હતો ત્યાં હવે અજયપાળ ગુમ થયો હતો!

રસ્તામાં ધાધલ પોતાને ડેલે થવા આવ્યો ત્યાં એને ખબર મળ્યા કે ગજમદોએ પોતે જ સામેથી મુલાકાતનું તેડું મોકલ્યું છે. ક્ષણના પણ વિલંબ વગર એ ગઢી તરફ રવાના થઈ ગયો. આ વખતની મુલાકાત ગઢીમાં ન હતી. ગજમદો અરમારી જહાજ 'હરિમાઉ' ઉપર હતો. 'હરિમાઉ' એટલે વાઘ. ત્યાં બીજા પણ બે મહેમાનો હતા.

ગઢીનો ગજમદો, અને અરમારના તૂતક ઉપરનો ગજમદો, એ ધાધલને જાણે બે જુદા જ માનવીઓ લાગ્યા. ગઢીમાં એ રાજપુરુષ હતો: મીઠી પણ આડકતરી વાતો, મુત્સદ્દીનો વિનય, રાજપુરુષનો દમામ, સદા રમતું સ્મિત અને ભાવ વગરની આંખો! 'હરિમાઉ'ના તૂતક ઉપર એ કસાએલો દરિયાસારંગ લાગતો હતો: ટૂંકાં વાક્યો, સ્પષ્ટ શબ્દો, વિનય તો હતો જ પણ નકામી તાલીમ નહિ, ને શબ્દોમાં આવે તે પહેલાં આંખમાં ઊડતા ભાવો. નાખવાને આ ગજમદો ગમી ગયો.

ગજમદોની બેઠકમાં બીજા બે જણ બેઠા હતા. એક હતો ભદ્રશીલો: અરમારનો સરનૌકાપતિ અષ્ટકુલ રાજન્ અને બલીના મહારાજાની એકની એક પુત્રી પટ્ટકુમારી વૈજયન્તીનો શ્વસુર; બીજો હતો મેઘસુવર્ણો: બલીનો જબ્બર વહાણવટી. (દરજ્જે તો એ પણ અષ્ટકુલ રાજન્.) મયંકબાહુકુલનો મુખ્ય પુરુષ. એની પાસે ગબ્બર પિરાહુઓ હતાં, પણ એ વેપારી વહાણવટી હતો. એ પોતે માલમી ઇલ્મનો અઠંગ ઉસ્તાદ હતો અને મહિનાઓ સુધી પોતાનાં પિરાહુઓનું તૂતક સંભાળતો હતો.

ધાધલને પ્રથમ લાગ્યું કે પોતાને 'હરિમાઉ' ઉપર માત્ર પરોણા તરીકે જ બોલાવવામાં આવ્યો છે. પોતે તો નાયરકુંવરીની કંઈ ભાળ મળી કે નહિ એ પૂછવા આવ્યો હતો, સાથે અજયપાળના ગુમ થવાની વાત પણ કહેવા આવ્યો હતો. એને ગજમદો સાથે એકાંત જોઇતું હતું, જ્યારે ગજમદો તો ત્રણે મહેમાનોની પરોણાગતમાં વ્યસ્ત લાગતો. ધાધલે એકબે વાર ગજમદોને આંખના ભાવથી સમજાવવા કોશિશ કરી, પણ ગજમદો સમજ્યા છતાં ન સમજ્યો હોય એમ ત્રણે સામે ખાનપાનની વસ્તુઓ મુકાવ્યે જતો હતો, અને અરમારની સામાન્ય વાતો કર્યે જતો હતો. ધાધલ હવે અધીરો થઈ ગયો. મનની વાત એ ત્યાં ને ત્યાં હવે બોલી નાખવા જતો હતો, ત્યાં ગજમદોએ જાતે જ એને વહાણ બતાવવાને બહાને સુકાની તૂતક ઉપર આવવા કહ્યું. ધાધલને લાગ્યું કે ગજમદો પણ એકાંતની વાટ જોતો હતો.

ખંડ ૧૩ : જલધિમંત્રીનું અનુમાન

'અનક દેવરાજ!' ક્ષત્રિયોમાં નાના ભાઇને બલીમાં અપાતું સંબોધન વાપરી ગજમદોએ કહ્યું, 'તમે નાયર કુંવરીઓની જે હકીકત કહી હતી એ વિષે મને કંઈક ભાળ મળી છે, પણ એનો અર્થ એ છે કે હાલ એ ક્યાં છે અને કેવી હાલતમાં છે એ વિષે પૂરો સંદેહ છે!'

ગજમદોએ ધીમેધીમે બોલવા માંડ્યું. હવે ફરી રાજપુરુષ બોલતો હતો. એકેએક શબ્દ વજન કરીકરીને.

અગ્નિ-એશિયામાં ભારતીય સંસ્કૃતિ

આ 'મુવાંગ થાઇ.' એનો અર્થ આઝાદ માનવી(થાઈ)નો દેશ (મુવાંગ). અને આ બૅન્ગકૉકઃ થાઈ નકશામાં 'રંગ-દ્વીપ'.

કંઈક સંસ્કૃત ભણ્યો, ક્યાંકથી સાગર સાથે પ્રીત બંધાઈ અને આજે એ સાગરસાવઝોની સાહસભૂમિ ભૂતકાળ જગાડે છે. જાણેલું અને સાંભળેલું અને વાંચેલું. એ બધું આજે પ્રત્યક્ષ કરું છું, ત્યારે 'મૂગે કો સપનો ભયો' એવો અનુભવ થાય છે.

અગ્નિ-એશિયા ને ભારતનો સંબંધ ઘણુંખરું પ્રાગૈતિહાસિક કાળમાં શરૂ થયો લાગે છે. બંનેના વેપારીઓ બે ય ભાગમાં આવેલાં સમુદ્રપત્તનોમાં ત્યારથી આવજાવ કરતા હોય એમ જણાય છે. અગ્નિ-એશિયામાં ભારતીય સંસ્કૃતિની અસર જણાવા લાગી તેની પૂર્વે અગ્નિ-એશિયાનાં બંદરોમાં ભારતીય વેપારનાં થાણાં સ્થપાયાં હતાં; અને એ જ રીતે જાવા, સુમાત્રા, બલી, મલયૂ વગેરેના વેપારીઓએ બંગાળ અને તમિળનાડમાં પોતાનાં વેપારી થાણાં નાખ્યા હતાં. આ વાત ઉપર ખાસ ભાર મૂકવાની જરૂર છે, કેમકે આ સંબંધ કેવળ ભારતીય સાહસને લીધે જ નહિ પરંતુ ઉભયના સાહસને લઇને બંધાયો હતો. આવો સંબંધ બહુ લાંબા કાળ સુધી ચાલુ રહ્યો. ત્યાર પછી ઇતિહાસે જે મહત્ત્વની વાત નોંધી છે તે એ, કે આખા અગ્નિ-એશિયામાં ઠેરઠેર ભારતીઓનાં રજવાડાં સ્થપાવા લાગ્યાં. બરમા, થાઈ અને મલયૂ, ઇન્ડોચીન અને કોચીનચીનથી બનેલા દ્વીપકલ્પ ઉપર જ નહિ પરંતુ જાવા, સુમાત્રા, બલી, બોર્નિયો, સે'લબીસ વગેરે અસંખ્ય ટાપુઓ ઉપર પણ ભારતીય ધર્મસંપ્રદાય, ભારતીય કલા ને ભારતીય આચારવિચાર વિસ્તાર પામી રહ્યાં; અને એ સમગ્ર દેશોમાં સંસ્કૃત પવિત્ર ભાષા બની રહી. આ સાંસ્કૃતિક વિપ્લવ તે તે સ્થળેથી શરૂ થયો જે સ્થળોને, સાગર સમીપ હોવાથી, ભારતીય નાવિકોએ પોતાનાં ગૃહાન્તર બનાવી દીધાં હતાં, અને જે પત્તનોમાં સ્મરણાતીત કાળથી એ નાવિકો આવતા રહ્યા હતા.

આ સંસ્કૃતિનાં ચાર તત્ત્વો અગ્નિ-એશિયામાં ઓતપ્રોત બની ગયાં: એક તો હિંદુ અને બૌદ્ધ ઇતિહાસે રંગેલી 'નરાણામ્ ચ નરાધિપઃ'ની કલ્પના; બીજું, સંસ્કૃત દ્વારા સાહિત્યની ઉત્પત્તિ અને પ્રચાર; ત્રીજું, મહાભારત અને રામાયણની કથાઓનો લોકકથામાં સુમેળ; અને ચોથું, ધર્મશાસ્ત્રનું પ્રમાણ–ખાસ તો માનવધર્મશાસ્ત્ર–મનુસ્મૃતિનો સર્વાંગી અને સર્વત્ર 'પ્રમાણમ્' તરીકે સ્વીકાર.

ભારતીય સંસ્કૃતિનો આ એકાંતિક વિજય સંભવિત બન્યો, કારણ અસલથી જ અગ્નિ-એશિયાની પ્રજાઓના આચારવિચાર ઘણે અંશે ભારત જેવા જ હતા. આથી હિંદુ તેમજ બૌદ્ધ ધર્મશાસ્ત્રો એમને નૂતન ન લાગ્યાં. સંસ્કૃત સાહિત્ય તેથી જ એમને બહુ સુરમ્ય લાગ્યું અને એમણે એ ભાષા ખૂબ અપનાવી લીધી. આજે પણ અહીં એ 'મૃત' ભાષા નથી.

અગ્નિ એશિયાનાં પ્રાચીન શહેરો અને નગરીઓનાં થોડાંક નામ વાંચો : અનિન્દિતપુર, અમરાવતી, અયોધ્યા, વૈશાલી, બંગ, ધર્મપત્તનમ્, સુખોદય, કામ્બુજ, ચમ્પા, કલિમંથન, શૂલવેપી, બલી, બલીગોપન, લમ્બક, લિંગજાતિ, શ્રીક્ષેત્ર, સુખદાન, વ્યાઘ્રપુર વગેરે. અને આ વિશેષ નામો: વિપુલસંગ્રામ, મહિદલ, મનુધર્મ, પ્રીતિધર્મ, સુકર્ણ, સુદર્શન, શસ્ત્રામિતજય, સુમંત્ર, રામ, વજ્રયુધ, વીરરાજ, અમોઘવર્ષ, ભદ્રવર્મન, જયવર્ધિની, જાતપ્રિયા, ચન્દ્રકાન્તા વગેરે. અને આ રસ્તાનાં નામો : રાજધામ નૅર ઍવેન્યૂ, યુવરાટ રોડ, સૂર્યવંશ રોડ,—અને જે હોટેલમાં હાલ હું રહું છું તે સૂર્યાનંદ હોટેલ; જરા દૂર રત્નકોપી હોટેલ. અને અહીં દોકડાને શતાંક કહે છે–'નયા પૈસા' નહિ. આ નામો તો માત્ર નમૂના રૂપે આપ્યાં છે. મારી મેજ ઉપર લંડન યુનિવર્સિટીના પ્રોફેસર ડી. જી. ઈ. હૉલ(Hall)નું A History of South-East Asiaનું હમણાં જ પ્રકટ થએલું પુસ્તક પડ્યું છે, તેની વિષયસૂચિથી આમતેમ પાનાં ઉથલાવતાં સહજ દેખાતાં આ નામો દેખાડે છે કે સંસ્કૃત ભાષાનો પ્રભાવ જ્યારે ખુદ ભારતની રથ્યાવીથીઓ–જીવનની અને નગરની–માંથી લુપ્તપ્રાય થઈ રહ્યો છે ત્યારે અહીં આ દેશોમાં હજુ સદોદિત બની રહ્યો છે.

રડયાર્ડ કિપ્લિંગને જ્યારે અંગ્રેજી સામ્રાજ્યના અનસ્તસૂર્યત્વનો નશો ચડયો ત્યારે એણે લખ્યું, 'What do they know of England, who only England know ?'આ સમસ્ત અગ્નિ-એશિયામાં પ્રાચીન ભારતનું અનસ્તગૌરવ આજે લોકજીવનમાં ઓતપ્રોત વણાઈ ગયું છે એ જોતાં, કિપ્લિંગની એ ઉક્તિ ભારતવાસીઓ માટે વાપરવા જેવી લાગી જાય છે.

આ બૃહદ્ ભારત ન હતું–આ ભારત જ હતું–અને અહીં એના ભવ્ય નાવિકો એને બબ્બે હજાર વર્ષ સુધી લાવી રહ્યા હતા.

એ નાવિકોની અનાલેખ્ય રેખા દેવરાજ ધાબલમાં આલેખવાનો પ્રયત્ન કરવો એ સાહસ જેવું લાગી જાય છે, છતાં જેના શ્રવણમાત્રથી મુખરિત બની જવાય એવાં સાહસોની આ ભૂમિઓ જોઈ એ દેવરાજના પુરખાઓને મૂક અંજલિ આપી રહ્યો છું.

—'સુકાની'

(બૅંગકૉકથી ગયા માસમાં લખેલો પત્ર)

'જે દહાડે ઉસ્તલાન્દર બરછો બલીલિંગની ખાડી તરફ હેરિયાં કરતો હતો તે કયો દિવસ એ નક્કી થઈ શકયુ છે. બલીલિંગના કામ્પોંગ–(ગામડા)ના એક વૃદ્ધ માછીમારે એને જોયો હતો, અને વલંદા બરછા તરીકે ઓળખ્યો પણ હતો. એણે એ વિષે પરબકલ (કામ્પોંગના પટેલ)-ને પણ વાત કરી હતી.

ઠેઠ ખાડીના મુખ પાસેના કામ્પોંગમાં માછીઓ રહે છે. એક માછણે તે જ રાતે એક બીજુ પિરાહુ પણ જોયું હતું. એ પિરાહુ જાણે વલંદાની નજર ચુકાવતું હોય એમ ભૂશિરની આડમાં આવી, સંતાઈ ગયું હતું; અને વલંદો દૂર ગયો એટલે ફરી બહાર પડયું હતું. એ માછણના કહેવા મુજબ એ પિરાહુમાં ચીનીઓ હતા, કારણ પિરાહુએ જ્યારે ફરી સઢ છોડવા માંડયા ત્યારે હુકમો ચીનીમાં દેવાતા હતા.

અનક ધાધલ! અમારા બલી રાજ્યમાં હજારો ચીનીઓ વસે છે. સામાન્ય રીતે અહીં સૌ બલી ને ચીની બંને બોલી સમજે છે, પરંતુ આ બાઈના કહેવા મુજબ પિરાહુના ચીનીઓ, બલીની ચીની નહોતા બોલતા.

જો નાયર કુંવરીએ બલીલિંગની ખાડીના બારા પાસેની પ્રવાલ ધાર પાસે ઝંપલાવ્યું હોય,' ગજમદાએ એક નકશો ઉઘાડતાં કહ્યું 'તો

એ બનાવ અહીં બન્યો હોય.' ગજમદોએ નકશા ઉપર લેખણીથી દેખાડયું, 'તે રાતે વોત્તમ્ (તમીળમાં ઓત્તમ=ઓટ) હતી. પાણીની તાણ તે વખતે મોટા દરિયા તરફ હોવી જોઇએ. એટલે અહીં પડેલું માણસ ખાડીમાં દાખલ ન થઈ શકે, પણ એ દરિયામાં તણાય.' ગજમદોએ નકશો વીંટાળતા કહ્યું, 'અને નાયર કુંવરીઓ વલંદાના હાથમાંથી છૂટી જાવાસાગરને ખોળે શાન્ત થઈ હોય એ બનવાજોગ છે.'

આ શબ્દોની ધાબલ ઉપર શી અસર થાય છે એ જોવાને હોય એમ ગજમદો બોલતો બંધ થઈ ગયો.

ધાબલે કહ્યું: 'વલંદાઓ બે ય નાયર કુંવરીઓને અમ્સ્તરદામ મોકલવાના હતા એમ અમે સાંભળ્યું છે. ત્યાં કદાચ એને ઈસાઇ બનવું પડત. ધરમભ્રષ્ટ થવા કરતાં શીળો જાવાસાગર શો ખોટો?'

ગજમદો ધારીધારીને ધાબલ સામે જોઈ રહ્યો. એણે આવા જ જવાબની અપેક્ષા રાખી હતી એમ લાગ્યું. એનું મોં જરા મલકયું. એણે ફરી બોલવા માંડયું: 'અનક દેવરાજ! પણ બનવાજોગ છે કે કુંવરીઓને પાછલા પિરાહુએ બચાવી પણ લીધી હોય. જો એમ હોય તો આપણી શોધ બલીમાં પૂરી થાય છે. પણ વધતી શોધ હવે કયાં શરૂ કરવી એ અહીં કોઈ જાણતું નથી; કારણ—'

ગજમદોએ સીડી ચડતા ભદ્રશીલો અને મેઘસુવર્ણો તરફ જોઇને ઉમેર્યું: 'કારણ, પિરાહુ પર બલી અને ચીની બંને બોલીમાં હુકમ અપાતા હતા. એ ચીની બલીની ન હતી; એટલે પિરાહુની જાત વિષે એક જ અનુમાન થઈ શકે છે, કે એ પિરાહુ 'ગજવિમોચન'ની જહાજાતમાંનું હોવું જોઇએ.'

આ શબ્દો સાંભળી મેઘસુવર્ણો જરા ખચકાયો લાગ્યો; ભદ્રશીલો શાન્ત ઊભો રહ્યો. અને ગજમદોએ બોલવાનું પૂરું કરતાં કહ્યું: 'અનક, તમારા બીજા પ્રશ્નનો જવાબ પણ આપી દઉં. ગઈ કાલે મધરાતે ફરી એક 'ગજવિમોચન' પિરાહુ બલીલિંગની ખાડીમાંથી બહાર પડયું હતું!'

ધાબલ ચકિત થઈ ગયો! ગજમદોના કહેવાનો ભાવાર્થ એ હતો કે કુંવરીઓ જ નહિ પરંતુ અજયપાળ પણ 'ગજવિમોચન' પિરાહુ પર જ ગુમ થયો હતો! જોકે એણે હજુ અજયપાળ વિષે એકે ય શબ્દ નહોતો ઉચ્ચાર્યો. છતાં એના મનમાંના અણપૂછેલા પ્રશ્નનો પણ ગજમદો જવાબ દેતો હતો!

ધાબલનું આશ્ચર્ય જોઈ ગજમદોએ કહ્યું: 'અનક ધાબલ! બલીની આસપાસના સાગરમાં ભૂતાવળ જાગી છે. એ જાણવા તમને 'ગજવિમોચન'ની પણ કથા કહેવી પડશે.'

'દેવ!' મેઘસુવર્ણો બોલ્યો, 'એ કથા અમારા મયંકકુલની કથા છે. આજ્ઞા હોય તો હું જ અનક દેવરાજને કહી સંભળાવું.'

'બેઇ (બેશ).' ગજમદોએ કહ્યું. 'દરમ્યાન આ બે દહાડા, ધાબલ અરમારની મહેમાની સ્વીકારશે તો હું બહુ ઋણી થઈશ.'

ધાબલ આ મુત્સદ્દીમંડળમાં મૂંઝાઈ ગયો.

ખંડ ૧૪: મયંકબાહુનું કુલકલંક

તે દહાડે સાંજે આગલા તૂતકના એકાંતમાં મેઘસુવર્ણોએ ધાબલને 'ગજવિમોચન'ની કથા કહી સંભળાવી.

'દેવરાજ, આ કથા અમારા મયંકબાહુ કુળની કલંકકથા છે. આજે એ કુળનો હું મુખ્ય પુરુષ છું, એટલે મારે મોંએ જ એ તમને કહું છું.

બલીમાં મીનાંકબાહુ કુળના ક્ષત્રિયો છે. અમે મયંકબાહુ, જાવામાં અને મલક્કામાં વિશેષ છીએ. બલીમાં અમારાં થોડાંક કુટુંબો ઘણા કાળથી આવી વસ્યાં છે. અમારા મુખ્ય કુળને બલીના મહારાજાએ 'અષ્ટકુલરાજન્'માં ગણ્યું છે, ને એ ઋણ અમારા ઉપર સદા ય રહેશે. અમે બલીના સિંહાસનના રાજભક્ત સેવકો છીએ.

ત્રણેક વર્ષ પર વલંદાઓએ બલી પર હુમલો કર્યો. મલક્કાના મયંકબાહુ મહારાજે એમાં સાથ પુરાવ્યો. તે વખતે બલીઓના મયંકવંશી કુળોમાંથી પણ કેટલાકોએ રાજદ્રોહ કરેલો. આ રાજદ્રોહમાં મારા પિતાતુલ્ય મોટા ભાઈ ઇન્દ્રસુવર્ણોને છાંટા ઊડયા. ઇન્દ્રસુવર્ણોની રાજભક્તિ ઉપર સંદેહ ઊપજ્યો. ઇન્દ્રસુવર્ણો તે વખતે જલધિમંત્રી હતા. અગાધ સાહસમૂર્તિ હતા. દેવ ગજમદો ત્યારે સરનૌકાપતિ હતા.

દેવરાજ! તમે રાજખટપટ કયાંથી જાણો? ઇન્દ્રસુવર્ણોને દેહાંતદંડની સજા થઈ! અમારા કુળને સદાની કાળી ટીલી ચોંટી ગઈ. ખેર! મારા વડીલ બંધુને સંતાનમાં એક જ પુત્રી હતી. અમારા બંને વચ્ચે એ એક જ સંતાન છે. અમે એને પુત્રવત્ ઉછેરી છે. એણે અમારી સાથે અનેક સફરો ખેડી છે. માલમી વિદ્યામાં એ પારંગત છે. તલવારબાજીમાં એ અજોડ છે. લાડમાં ઊછરેલી, એટલે એનો સ્વભાવ બહુ ઉગ્ર છે. એનું નામ અલકનંદા.

મહારાજાને પણ એક જ સંતાન છે. તે પટ્ટકુમારી વૈજયંતી. અલકનંદા અને વૈજયંતી ગાઢ સખીઓ છે. બે શરીર પણ એક જીવ.

પિતાને દેહાંતદંડની સજા થઈ ત્યારે અલકનંદાએ સખી પાસે પિતાના જીવનની ભિક્ષા માગી. પટ્ટકુમારીએ મહારાજાને બહુ વીનવ્યા, પણ એ ન માન્યા. આમ, મારા વડીલ ભાઇનો અકાળે કાળ થયો. અલકનંદા દુ:ખથી ગાંડી થઈ ગઈ. એ દેશ છોડી ચાલી ગઈ. એની સાથે મારા ભાઇને વફાદાર એવા સેંકડો નાવિકો પણ ગયા. કોઈક અગોચર ટાપુમાં અલકનંદાએ પોતાનું થાણું નાખ્યું છે. ત્યાંથી એનાં માણસો જાવાસાગરમા બહારવટું ખેલે છે.

બલીનો ઝંડો ઐરાવત હાથીના ચિહ્નથી અંકિત છે. મીનાંકબાહુ રાજકુળની એ પતાકા છે. અલકનંદાના નેજા ઉપર, ઝૂડે ગળેલા પગવાળો હાથી અંકિત છે. અલકનંદાના નાવિકોએ બલીના ગજરાજનો જાણે પગ ઝડપ્યો છે. અમે એ નેજાને 'ગજવિમોચન' કહીએ છીએ, પણ અમારા ગજનું વિમોચન હજુ નથી થયું.

મેં પોતે અનેક વાર અલકનંદા સામે ચડાઈ કરવાનું માથે લીધું છે, પણ મહારાજા અને ગજમદો મને એ ચડાઈ કરવા નથી દેતા. આજે મહારાજા વૃદ્ધ થયા છે. એ શાસ્ત્રાભ્યાસ અને ધર્માનુષ્ઠાનમાં જ રત છે. મંત્રીમંડળ જ રાજ્ય ચલાવે છે. એ મંડળની અધિષ્ઠાત્રી પટ્ટકુમારી વૈજયંતી છે. એને અલકનંદા ઉપર હજુ પણ અપાર પ્રીતિ છે.

પટ્ટકુમારીનાં લગ્ન ભદ્રશીલોના પુત્ર દિવ્યશીલો સાથે થયાં છે. અલકનંદાનાં લગ્ન દિવ્યશીલોના જોડિયા ભાઈ વિક્રમશીલો સાથે થવાનાં હતાં, પણ વિધિએ કંઈ બીજું જ નિરધાર્યું હતું. દેવરાજ! આજે વિક્રમશીલો ગજમદની અરમારમાં દરિયાસારંગ છે, ને અલકનંદા એ અરમાર સામે બહારવટે ચડી છે. તમારી નાયર કુંવરીઓ અને કદાચ અજયપાળ પણ એ 'ગજવિમોચન'ને કબજે પડયાં હોય એમ લાગે છે.

આ અમારા કુળનાં ગૌરવ અને કલંકની કથા છે.'

ખંડ ૧૫: ગજમદોની શીખ

ગજમદોએ પોતાના સરજહાજ ઉપર મહેમાનોને બેને બદલે સાત દિવસ રોકી રાખ્યા. દરમ્યાન એણે 'ગજવિમોચન'ની વાતનો ફરી ઉચ્ચાર સરખો પણ ન કર્યો. સાતમે દહાડે એણે મહેમાનોને વિદાય આપી તે પહેલાં એકાંતમાં એણે ધાબલને થોડી શીખ આપી.

"અનક ધાબલ! તમારું અંબન્ હવે તૈયાર હશે. તમે જાવા સાગરમાં આઠનવ મહિના સફર કરવાના છો. બલીને તમે પોતાનાં ઘરૂકાં પાણી બનાવશો તો અમે કૃતાર્થ થઈશું તમારી કીર્તિકથા અમે અનેક સ્થળેથી રોજ સાંભળીએ છીએ. દરમ્યાન અમને લાગે છે કે તમારું ને અમારું ધ્યેય એક જ છે. નાયર કુંવરીઓ તથા અજયપાળ 'ગજવિમોચન'ને

કબજે હોય, એમ અમને લાગે છે. તમારે વહેલોમોડો 'ગજવિમોચન' સાથે મુકાબલો કરવો પડશે. અમારો પણ એ જ ઇરાદો છે.

અમારાં પટ્ટકુંવરી શ્રી વૈજયંતી અમારાં ભાવિ મહાદેવી છે. અમારા મંત્રીમંડળનાં આજે એ અધિષ્ઠાત્રી છે. એની સખી અલકનંદા બલી ઉપર અત્યાચાર કરે એ શ્રી વૈજયંતીને માનવામાં નથી આવતું.

ભદ્રશીલો અમારી અરમારના સરનૌકાપતિ અષ્ટકુલરાજન્ છે, અમારા સંબંધી ને મંત્રીમંડળના સદસ્ય છે. એમને બે બેડલા પુત્ર છે. દિવ્યશીલો પટ્ટકુંવરીના પતિ છે, વિક્રમશીલો અરમારમાં નૌકાપતિ છે. અલકનંદા વિક્રમશીલોની વાગ્દત્તા હતી. બે ય વચ્ચે ગાઢ પ્રીતિ હતી.

ભદ્રશીલો પણ માને છે કે અલકનંદા બલી ઉપર અત્યાચાર ન કરે. ખુદ મહારાજા મારા જ્યેષ્ઠ બંધુ છે. પટ્ટકુંવરી મારે ખોળે મોટી થઈ છે. અલકનંદા એની બાળસખી હોઈ એ પણ મારે જ ખોળે રમી છે. હું પણ માનું છું કે અલકનંદા બલી ઉપર અત્યાચાર ન કરે.'

ગજમદો ક્ષણભર મૌન રહ્યા. પછી બોલ્યા, 'છતાં આજે બલી સામે બહારવટું ખેલાઈ રહ્યું છે. જેટલી વૈજયન્તી શાન્ત છે, એટલી જ અલકનંદા ઉગ્ર છે. પણ તે તો સ્વાભાવિક છે. વૈજયન્તીને અમે ભાવિ સિંહાસનને અનુરૂપ શિક્ષા આપી છે; પિતા ઇન્દ્રસુવર્ણોએ અલકનંદાને 'દરિયા-સારંગ'ની તાલીમ આપી છે. સમગ્ર બલી પ્રજા એને 'નાવિક-નંદા'ના બિરદથી વધાવતું હતું. અલકનંદાના મનમાંથી જો પિતાના મૃત્યુનો કાંટો નીકળી જાય તો એ નારીરત્ન ફરી બલીને સાંપડે.

બલી અરમાર નાવિક-નંદાની 'ગજવિમોચન' અરમાર સામે અ-સહાય કહેવાય છે એનું ખરું કારણ જુદું જ છે. સદ્ગત ઇન્દ્રસુવર્ણો જ્યારે જલધિમંત્રી હતા ત્યારે હું એનો અવ્વલ સરનૌકાપતિ હતો. હું માનું છું કે મયંકબાહુઓના રાજદ્રોહનો એના ઉપર દોષ મુકાયો અને મંત્રીમંડળ પાસે તે પુરવાર થયો એમાં સંજોગો જ બળવાન હતા, પરંતુ ઇન્દ્રસુવર્ણો નિર્દોષ હતો. બલીમાં અષ્ટકુલ બહુ પ્રભાવશાળી છે. એ કુળોમાં પરસ્પર પક્ષાપક્ષી છે. ઇન્દ્રસુવર્ણોના તેજોવધમાં અનેકને સ્વાર્થ હતો. સમૃદ્ધિમાન જ્યારે અસત્યનો પક્ષ લે છે ત્યારે સત્ય થોડો વખત પાછું પડે છે. અમારા મહાઅમાત્ય પેદન્દ (પંડિત), બ્રહ્મર્ષિ સુદર્શનો કહે છે કે અમારા પૂર્વજોએ તેથી જ કહ્યું છે, કે 'હિરણ્મયેન પાત્રેણ સત્યસ્યાપિહિતં મુખમ્'–સત્યના મોં ઉપર સુવર્ણનું ઢાંકણ છે.

આ હું તમને સહજ કહું છું. ગજવિમોચનની તમારી શોધ આ બધા વિચાર અને સ્વાર્થાસ્વાર્થથી વિમુક્ત છે. તમને આ કામમાં જે કંઈ સહાય જોઇએ તે આપવા મેં ભદ્રશીલોને કહી રાખ્યું છે.

હું મહિનોમાસ દ્વીપની સમુદ્ર-પ્રદક્ષિણા કરવા ઊપડું છું. રાજન્ મેઘસુવર્ણોને મેં મારી સાથે સફરે આવવા રોકી લીધા છે. એટલે કદાચ હું પાછો ફરું ત્યાર પહેલાં તમારું 'અંબન્' સફરે નીકળી ગયું હશે; એમ થાય તો 'યાવત્ પુનર્દર્શનમ્' અનક દેવરાજ !"

ખંડ ૧૬ : વિચારસાગર

ધાબલ ફરી પોતાને ડેલે આવ્યો. પણ એ સાવ બદલાઈ ગયો હતો. એ ગુમસુમ ફરતો હતો. ગજમદોની એકેએક વાત સાદા શબ્દોમાં કહેવાઈ હતી; પણ ધાબલને લાગ્યું કે એ દરેક વાક્ય પછવાડે ઘણો અણકહ્યો અર્થ હતો. 'માળાં આ દરબારી માણસો! બોલે એવું કે અરથ ન સમજાય! એના કરતાં તો ઝંઝાસુર સારો. તડ ને ફડ પોતાના ભેદ ખોલી દે!' ધાબલના મનમાં ગજમદોની વાત ડહોળાવા લાગી. એના શબ્દો કાનમાં રમવા લાગ્યા. એ વિચારસાગરમાં ડૂબી ગયો.

સાતસાત સાગરના પેટ ઉપર પહાણો ખેલનાર ધાબલ, વિચાર-સાગરમાં પગ મૂકતાં જ પથ્થર પેઠે તળિયે જ પહોંચ્યો ! રાતદિવસ એ વારંવાર માથાં ધુણાવવા લાગ્યો, ને એક દહાડો, એકાએક માથામાં કંઈક ખટાકો બોલ્યો !

તૂતક ઉપર ઊભો હોય એવી અદાથી એ હુકમો છોડવા લાગ્યો. એણે ડેરો ઉઠાવવા માંડ્યો. પસારો બધો 'અંબન્' ઉપર મોકલાવવાનો એણે હુકમ કર્યો. બીજે દહાડે, બલીલિંગની ખાડીના મોં પાસેની પટ્ટી ઉપર આવેલા માછીમારોના કામ્પોંગમાં બે ઝૂંપડાં લઈ એણે વસવાટ શરૂ કર્યો. વસવાટ નામનો હતો. અનેક ખાડીઓ અને અનેક બંદરો-માં એ આંટાફેરા કરવા લાગ્યો. ઠેઠ લબકની સામુદ્રધુનીમાં સાબા ને સાનૂર બંદરે જઈ આવ્યો; ને સપ્તમુદાના ટાપુએ પણ જઈ આવ્યો; અને એક દિવસ જેમ ડેલો સંકેલ્યો હતો તેમ જ અચાનક એણે ઝૂંપડાં પણ સંકેલ્યાં અને 'અંબન્' ઉપર આવી પહોંચ્યો.

હવે એણે પિરાહુને મલક્કાની વેપારી સફર માટે તૈયાર કરવા ફરમાવ્યું. અને બીજે દહાડે, ખરેખર, વેપારીઓનો માલ આવવા મંડ્યો.

સફરે ઊપડવાની આગલી સવારે, ઓચિંતો, એ ભદ્રશીલોને ડેલે આવી ઊભો ! એણે રાતભર સફર કરી હતી, છતાં ભદ્રશીલોએ ખાન-પાનનો આગ્રહ કર્યો તે નકારી એને એકાંતમાં ઘસડી ગયો.

ટૂંકાક્ષરી વાક્યો અને બને એટલાં થોડાં વાક્યો બોલનાર ધાબલે આજ ચાર ઘડી સુધી વાત જ કરી. વિચારસાગરમાં ડૂબકીથી માંડી ઠેઠ 'અંબન્'ની તૈયારી સુધીની વાત સંભળાવી. ભદ્રશીલોને બહુ જ આશ્ચર્ય થયું. પણ ધાબલની વાતો એને અકારણ ન લાગી. એણે જોઈતી તમામ સહાય આપવાનું માથે લીધું. ધાબલે કંઈક શોધી કાઢ્યું હતું, અને એ એકલો મહાસાહસમાં ઝંપલાવવા તૈયાર થયો હતો. 'અંબન્' બીજી સાંજે મલક્કા તરફ ઊપડી ગયું. (ચાલુ)

અનુસંધાન] **કુલપતિ કઝિન્સ** [પૃ. ૩૫૫થી


બીજે દિવસે અમદાવાદ પહોંચ્યો ત્યારે શ્રી બેસાન્ટે પ્રચારેલા 'સ્વાતંત્ર્ય પહેલું, બીજું બધું પછી'ના મંત્રે આખા દેશમાં રાષ્ટ્રીય સ્વાયત્તતાની જે હવા ફેલાવી હતી તેનો લાક્ષણિક અનુભવ થયો. ઘણી-ઘણી સંસ્થાઓએ સુગંધી ગુલાબો ને મોગરાની માળાથી મને વધાવ્યો. હું તો રાષ્ટ્રીય કેળવણીનું નિશાન લઈ નીકળ્યો હતો. એ વખતે મહાત્મા ગાંધી અને શ્રી બેસાન્ટ વચ્ચે કેટલોક મતભેદ પ્રવર્તતો હતો. જોકે બંનેનું લક્ષ્ય તો 'સ્વરાજ' જ હતું. પણ એમના ભેદ નજીવા હતા. બેસાન્ટના આ સરદારને મોટરમાં સાબરમતી આશ્રમ લઈ ગયા. ત્યાં નાસ્તો થયો. મહાત્માજી ખેડૂતોના કામ માટે બાજુના પ્રાંતમાં ગયા હતા, પણ એમનાં શાંત પણ કાર્યક્ષમ પત્ની કસ્તૂરબાએ મહેમાની કરી.

ગુજરાતના કલાકારો વચ્ચે પહેલી વાર

"પછીની એક મુલાકાતમાં શહેરના ગીચગલીચ ભાગમાં થઇ મને એક સાંકડા અંધારા દાદર પરથી એક ભૂખરુ લાગતા ખંડમાં લઈ જવામાં આવ્યો. પણ જમીન પરની ગાદી પર બેઠો ત્યાં થોડી જ પળોમાં લાગ્યું કે આકાશના અંધારમાં તારામંડળ ચળકે છે તેમ આ ભંગાર ઘરમાં મારી ચોમેર વીંટળાએલા જુવાન ચિત્રકારો ચમકતા હતા. તેમનાં ચિત્રો કોઈ સર્જક દેવતાની પેઠે મારા હાથમાં નિરીક્ષણ માટે મુકાતાં ગયાં. આ રીતે એક એવા આત્મા સાથે મૈત્રી થઈ કે જેનામાં તરુણ પ્રજામાં રહેલી અભિવ્યક્તિનો વેગ બહાર લાવવાની પ્રતિભા હતી. એ શ્રી રવિશંકર રાવળની એ સમયે એવી કારકિર્દીની શરૂઆત હતી કે જેણે મુંબાઇ ઇલાકાના એક ઉપપ્રાન્તને કલાભિમુખ બનાવ્યો."

આ જ દિવસે પછીથી ડૉ. કઝિન્સ કવિશ્રી નાનાલાલને પણ મળ્યા હતા. ગુજરાત વિદ્યાપીઠમાં મીરાંબાઈનાં ભજનો સાંભળ્યાં ને પ્રેમાભાઈ હૉલમાં રાષ્ટ્રીય કેળવણી પર વ્યાખ્યાન આપ્યાં હતાં. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં



ભાદરવો ૧૯૮૭
અંક ૯૩

'હવે મૂર્તિઓ અને મંદિરોના કટકા થવાનો કાળ શરૂ થાય છે. હિંદુઓ રાજસત્તા ગુમાવતા, પણ ધર્મને ચીવટથી વળગી રહ્યા હતા. જ્યાં જાય ત્યાં દાવાનળ પ્રગટાવતી મુસલમાની સત્તાની જ્વાળામાંથી બચવા ઈરાનીઓ પવિત્ર અગ્નિના થોડા તણખા બચાવતા લગભગ સાતમી-આઠમી સદીથી દીવ અને સંજાણને કિનારે આવી પહોંચ્યા હતા.'

એમ કહીને શ્રી સુરેશ દીક્ષિતે પોતાના 'ગુજરાત: સંસ્કાર ને સંસ્કૃતિ'ના આ માસના છેલ્લા હપતામાં ૧૩મી સદીથી આજસુધીનું વિહંગાવલોકન કર્યું છે, જેમાંથી માહિતી તથા વિચારણાની દૃષ્ટિએ થોડા મુદ્દા તારવીએ:

'ઇતિહાસના અવલોકન તથા લેખનની બાબતમાં હિંદુઓ ઊતરતા છે. સત્યને કલ્પનાના રંગ લગાડી તેમણે ઇતિહાસ લખવા જતાં પુરાણ લખ્યાં છે. મુસલમાનો સીધો ઇતિહાસ આલેખતા. હિંદનો ઘણો જૂનો ઇતિહાસ અરબીમાં લખાયો છે. અલબરની ઈ. સ.ની ૧૧મી સદીની હિંદની રાજકીય ને ધાર્મિક સ્થિતિનો સારો પરિચય આપે છે.

ઈ.સ. ૧૨૩૧માં કુતુબુદ્દીનના સાળા અલ્તમશે ઉજ્જૈનમાં મહાકાળનું મંદિર તોડયું. મલીક નસરતે રુદ્રમાળ તોડી બીજાં અનેક મંદિર ભાંગ્યાં. ગુજરાતમાં લૂટ ઉપર લૂટ ચાલવા માંડી. અલ્લાઉદ્દીને દાણાદૂણીના ભાવ નક્કી કર્યાં, તો તઘલખે સોનાને બદલે તાંબાના સિક્કા ચલાવ્યા. હિંદુઓ પર જજિયાવેરો શરૂ થયો.

૧૩૪૫માં મહમદ તઘલખે સૂરત, ભરૂચ અને ખંભાત લૂટયાં. તે જમાનામાં ગુજરાતની આવક બે કરોડ તનખા હતી. એ કાળનો ઇતિહાસ ધનાઢ્ય શહેરો તથા રાજધાનીઓની ચડતીપડતીના ઇતિહાસ જેવો છે. મોટો કેર તો મહમૂદ બેગડાએ ૧૪૫૯માં કર્યો. ચાંપાનેર અને જૂનાગઢના હિંદુ સંસ્કારના રક્ષણ જેવા કિલ્લા સર કરી એણે રહીસહી હિંદુ સત્તાનો અંત આણ્યો.

પંદરમી સદીના અસ્તકાળે હિંદના ઇતિહાસમાં કદી યે નહિ બનેલો એવો કમનસીબ બનાવ બન્યો. જે દેશનો ટૂંકો રસ્તો શોધવા જતાં કોલંબસ બીજે રસ્તે જઈ ચડેલો, તે દેશને કાંઠે વાસ્કો ડી ગામાએ ઈ. ૧૪૯૮માં નીલગિરિની છાયા નીચે આવેલા કાલિકટમાં પગ મૂક્યો. હિંદ આવવાને મોકળો થએલો એ દરિયાઈ રસ્તો એ હિંદના ભાવી માટે કાયમની પનોતી બેસવા જેવું હતું. મુસલમાનો કુરાન અને તલવાર લઈ હિંદ આવ્યા હતા, તો યુરોપની ખ્રિસ્તી પ્રજા જમે ઉધારની ખાતાવહી સાથે બાઈબલ અને બંદૂક લઇને આવી. આજ સુધી હિંદમાં પ્રવેશવાને ખૈબરઘાટના સાંકડા દરવાજા જ માત્ર હતા, હવે આખો યે દરિયાકિનારો હિંદના પ્રવેશદ્વાર તરીકે ખુલ્લો થયો. ગુજરાતનાં બારાં એના દરવાજા બન્યા.

દિલ્હીના રાજાઓ તિજોરીમાં નાણાં ખૂટે કે લશ્કરને કવાયત આપવા જોઇએ ત્યારે ગુજરાત લૂટવા લોભાતા; કેમકે સૂરત અને ખંભાત બંદરે અઢળક લક્ષ્મી જમા થતી. કુતુબુદ્દીને ગુજરાત લૂટયું, મહમદ તઘલખે ગુજરાત લૂટયું.

ગુજરાતમાં એક બાજુ જ્યારે જમીન ઉપર લડાઇઓ થતી ત્યારે તેથી વધારે ભયંકર લડાઇઓ દરિયાઈ સત્તા માટે થતી હતી. મુંબાઈથી અઠ્ઠાવીસ માઈલે ચાઉલ સુધી ગુજરાતનો કિનારો ગણાય. દીવ અને ઘોઘામાં ગુજરાતનું તરી-લશ્કર રહેતું. ઈજિપ્ત ને તુર્કના કાફલા દીવ સુધી લડવા આવતા. ફિરંગીઓએ પણ દરિયાઈ સત્તા હાથ કરવા ભયંકર ગંડાણ માંડયું. ચાંચિયાનું જોર પણ સખત હતું. ૧૫૦૬માં ઘોઘાના કાફલાએ ફિરંગી વહાણોને હરાવ્યાં.

પોર્ચ્યુગીઝ ખ્રિસ્તીઓ પણ મુસલમાનોથી ધર્માંધપણામાં ઊતરે એવા નહોતા. હિંદુઓના મોટા જથ્થાને તેઓએ ખ્રિસ્તી બનાવ્યો. પોર્ચ્યુગીઝો બાદશાહના લશ્કરમાં પણ દાખલ થઈ ગયા. તોપખાનાથી ભયંકર લડવાની રીત બાબરના વખતથી શરૂ થઈ. તે પહેલાં તોપમાં પથ્થરના ગોળા વપરાતા. મકાઇ, બટાટા ને તમાકુ જેવી વસ્તુઓ એ પોર્ચ્યુગીઝ સત્તાના અવશેષો જેવી છે. ૧૬૦૪માં તમાકુનો પહેલો દમ અકબરે માર્યો. ત્યાર પછી જહાંગીરે તમાકુ પીવાની બંધ કરાવી, છતાં યે તેનો શોખ તો વધતો જ ગયો. જહાંગીરના લશ્કર સાથે પંજાબમાંથી બ્રહ્મક્ષત્રિયો ગુજરાતમાં આવી વસ્યા. શાહજહાંના વખત(૧૬૩૦-૩૨)માં ગુજરાતમાં એટલો સખત દુકાળ પડેલો કે લોકો ઘરબાર છોડી નાઠા. ગરીબોએ છોકરાં વેચેલાં. લોટ ભેગાં હાડકાં દળાઇને વેચાતાં.


મુઘલ કાળ એકંદરે જાહોજલાલીનો હતો. બાદશાહો જાતે સાદા, શોખીન અને કર્તવ્યપરાયણ હતા, છતાં ય વ્યક્તિગત સત્તા એ મુઘલ શહેનશાહતની મોટી ખામી હતી. આજે પણ જહાંગીરીનો અર્થ સારો થતો નથી. સૂરત અને અમદાવાદમાં મુઘલ ટંકશાળ હતી. મહમૂદી અને મહોરથી નાણાં ગણાતાં.

મુઘલ બાદશાહો સવારે સાડા ચારે ઊઠતા ને મધરાતે સૂતા. ઝરૂખામાં જઈ પ્રજાને દરરોજ દર્શન આપવાં, સર અવસરે સોનારૂપાથી તુલા કરાવવી, એવા હિંદુ રાજધર્મો મુઘલોએ અપનાવ્યા હતા. મુઘલ રાજાઓ સાક્ષર અને સુશિક્ષિત હતા. લીલાવતીનું ગણિત, ઉપનિષદ, ભગવદ્‌ગીતા, યોગવાસિષ્ઠ અને રામાયણનાં ફારસી ભાષાંતર શાહજાદા દારાએ કરેલાં. મુસલમાની લેખનકળાની અસર હિંદુ લહિયા ઉપર થઈ છે. ચોખ્ખા અક્ષર એ મુસલમાની કળા છે.

પણ મુસલમાની સત્તાની હિંદુ સમાજ ઉપર સંસ્કારછાયા એકંદરે સારી ન પડી. હિંદુઓ હતાશ બની ગયા. હિંદુઓના નૈતિક અને ધાર્મિક પાયા મૂળમાંથી હાલી ગયા. તેની પહેલી અસર તેમના સ્ત્રીજીવન પર થઈ. સ્ત્રીઓએ લાજ કાઢવી શરૂ કરી. હિંદુઓના ધર્મને ઇસ્લામે સંકુચિત બનાવ્યો. મદિરા ને અફીણનાં ઘેન તેમને મુસલમાનોએ લગાડયાં. પહેરવેશથી માંડી રાચરચીલાંમાં ફેરફાર થઈ ગયો. સાઠમારી, આતશબાજી, કુસ્તી, શેતરંજ, પાનાં, હાંડીતકતા, ગાદીતકિયા વગેરે મુસલમાન રાજ્યના વારસા જેવાં છે. રંગરોગાન ને ગાનતાનથી માંડીને ખાવાનાં પકવાન સુધી ઇસ્લામની અસર હિંદુઓ ઉપર થએલી. મુસલમાનોના આવવા સાથે ગુજરાતમાં કાગળ બનવા માંડયા અને એ કાળથી લખવાના સાધન તરીકે કાગળનો ઉપયોગ થવા માંડયો.

દિલ્હીનો મધ્યવર્તી દોર ઢીલો પડતાં હિંદુ રાજાઓ અને મુસલમાન સૂબાઓ સ્વતંત્ર થવા ટાંપી રહેતા. ઔરંગઝેબના અંત પહેલાં તો મુઘલ સત્તાની ઘોર દક્ષિણના ઘાટમાં શિવાજી ખોદતો થઈ ગયો હતો.

મુઘલાઇની સંધ્યા સમયે હિંદમાં ત્રિરંગી લડત શરૂ થઈ હતી. પોર્ચ્યુગીઝની પાછળ વલંદા, ફ્રેંચ અને અંગ્રેજી વેપારી પેઢીઓ આવી હતી. ૧૬૦૭માં 'હેક્ટર' નામના વહાણમાં હાકીન નામનો અંગ્રેજ પહેલવહેલો સૂરત આવ્યો. સૂરત, ખંભાત, ઘોઘા ને અમદાવાદમાં સાડા ત્રણ ટકા જકાત લઇને જહાંગીરે જ્યારે અંગ્રેજોને કોઠી નાખવા પરવાનગી આપેલી ત્યારે કોને ખબર હતી કે એ પ્રજા આંગળી આપતાં પાછળથી પોંચો કરડશે? મુઘલ અને પેશ્વાઈ દરબારમાં જેના એલચી સાત કદમ દૂરથી



કોતરણી ઉપરનો અમદાવાદના શિલ્પીઓનો પ્રેમ કંઈ અદ્દ્ભુત છે! શિલ્પીઓના હાથ જ જાણે નિરાંત વાળીને નથી રહેતા. જ્યાં જુઓ ત્યાં એણે રૂપ રૂપ ને રૂપ જ ઊભાં કર્યાં છે. તેમાંયે સીદી સૈયદની મસ્જિદની જાળીઓ તો જગવિખ્યાત છે. (એમાંની એક આ ઉપર આપી છે.) ઇસ્લામની મનાઇને લીધે અમદાવાદના શિલ્પીઓથી મનુષ્યાકૃતિઓ, મૂર્તિઓ કે દેવદેવીની પ્રતિમાઓમાં પોતાની કલ્પનાશક્તિ કે હૃદયના ભાવો બતાવી શકાતાં ન હતાં, ત્યારે એમણે પોતાની પ્રતિભા મકાનોના ઉઠાવમાં, જાળીઓની ઉત્કૃષ્ટતામાં અને ફૂલપાનનાં લાવણ્ય કોતરવામાં બતાવી. ભૂમિતિના આકારોમાં એમણે તરેહતરેહની અસંખ્ય રચનાઓ રચી, અને સજીવ ચિત્રોને જ્યારે એ ચેતનથી નૃત્ય ન કરાવી શક્યા ત્યારે ભૂમિતિની આકૃતિઓને એમણે જાણે રાસ રમાડ્યા!

મુજરો કરતા તે મનમાં આખા યે હિંદને જમે બાજુમાં ગણવા મથતા. ગુજરાતનાં બંદરો સારા યે હિંદનાં આયાતનિકાસનાં દ્વાર જેવાં હતાં. ઈ. સ. ૧૬૧૭માં અમદાવાદના સૂબાએ ગળીના પાકનો ઇજારો એકહાથ કરેલો. ૧૬૩૨-માં સૂરતના સૂબાએ દાણાદૂણી ઉપર ઇજારો રાખેલો. ઈ.સ. ૧૬૧૯ થી ૭૦ સુધી સૂરતના વીરજી વોરા પાસે સારા યે વેપારની ચાવી હતી. જગતભરમાં તે મોટો અને પૈસાદાર વેપારી ગણાતો. અંગ્રેજ કંપનીનો એ શરાફ હતો. તે જ અરસામાં (૧૬૩૩) આરમીનિયનો અને આબીસીનિયાના હબસીઓ કાઠિયાવાડને કિનારે આવી વસ્યા. ઈ.સ. ૧૬૬૪-માં ખરશેદજી પોચાજીને મુંબાઇનો કિલ્લો બાંધવા અંગ્રેજોએ કરાર કરી આપ્યો. પછીનો અંગ્રેજ સત્તાનો ઇતિહાસતો ગઈ કાલ જેવો જ તાજો છે. આપણી લાચારી અને ગરીબાઈના ઇતિહાસનું મંડાણ એ સાથે થાય છે.

ગુજરાતના ઘડતરમાં ધર્મનીતિ ને વેપારવણજ મૂળથી છે. એમાં વૈશ્યનું સાહસ ને શૂદ્રનો સેવાભાવ છે. સ્ત્રીઓની સ્વતંત્રતા તેના પાલવે છે. ધર્મ ખોયે આપણે સંસ્કૃતિ ખોઈશું; વેપારવણજ ખોયે આપણે લક્ષ્મી ખોઇશું. જ્ઞાનજ્યોત જેવા પંડિતો, સાધુઓ, જ્ઞાન ને ધર્મના પ્રચારકો, કળાકારો ને કારીગરો, ખેડૂત ને ખેતી, વહાણ ને વેપાર, એ જ આપણા સંસ્કાર અને સંસ્કૃતિના પાયા છે.'

અમદાવાદનાં સ્થાપત્યોનો પરિચય આપતા 'ભારતનાં શિલ્પ-સ્થાપત્ય'ના આ વખતના હપતામાંથી અમદાવાદના ઉત્કૃષ્ટ કલારત્ન 'સીદી સૈયદની મસ્જિદની જાળી'નો પરિચય (ચિત્ર સાથે) સાથેના પાને ઉતાર્યો છે.

અને છેલ્લે પ્રકીર્ણ લેખો પૈકી 'બૂમરૅંગ'નો સિદ્ધાંત ને બનાવટ સમજાવતો એક રસમય ફકરો તથા છેલ્લા પાનાની એકાદ બે વાનગી:

'બૂમરૅંગ એક એવી ચીજ છે કે તમે ફેંકો એટલે હવામાં ફરતુંફરતું અમુક અંતર સુધી જઈ પાછું તમારી પાસે જ આવીને પડે!



બૂમરૅંગ બનાવવા માટે એક પોસ્ટકાર્ડ જેવું પૂઠું લો;–બહુ જાડું નહિ. પછી ચિત્રમાં બતાવેલી પહેલી ત્રણ આકૃતિમાંથી ગમે તેના જેવી એક મોટી આકૃતિ તેમાં સરસરીતે ચીતરી, તે કાતર કે તીક્ષ્ણ ચપ્પુથી કાપી કાઢો. પૂઠું તદ્દન સપાટ હોવું જોઇએ ને તેના ખૂણા ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ગોળ હોવા જોઇએ. કાપતી વેળા લીટીઓ કરકરિયાળી ન થઈ જાય તેની સાવચેતી રાખવી, નહિ તો બૂમરૅંગ બરોબર કામ નહિ આપે. વળી તેના ખૂણા ચિત્ર પ્રમાણે બરાબર ગોળ કરવાનું ખાસ ધ્યાનમાં રાખવું; નહિ તો બૂમરૅંગ પાછું નહિ આવે.

બૂમરૅંગ તૈયાર થઈ જાય એટલે ચિત્ર નં. ૪માં બતાવ્યા પ્રમાણે કોઈ ચોપડી કે પૂંઠા પર તે રાખી, ચોપડી ડાબા હાથમાં પકડો. પછી જમણા હાથમાં પેન્સિલ લઈ બૂમરૅંગને જોરથી ઝટકો મારો. તે હવામાં તરતું તરતું દૂર જશે ને ફરી પાછું હતું ત્યાં જ આવીને પડશે! જો એ બરોબર પાછું ન આવે તો કાપવામાં કયાંક ભૂલ થઈ હશે અથવા તો પૂઠું જાડું હશે.

પણ એ બૂમરૅંગ પાછું શાથી આવે છે? બૂમરૅંગની રચના જ એવી છે કે તેના અમુક ભાગ પર હવા વધારે દબાણ કરે છે. તેથી તે વધતાઓછા પ્રમાણમાં ફરતુંફરતું આવે જાય છે. શરૂઆતમાં જ્યારે તે પૂર વેગમાં જાય છે ત્યારે સીધું જાય છે, પણ વેગ ઢીલો થયા પછી તે ગોળાકાર લે છે ને મોટું કે નાનું ચક્કર લઈ મૂળ જગ્યાએ પાછું ફરે છે. ઑસ્ટ્રેલિયાના આદિવાસીઓ બૂમરૅંગને હથિયારતરીકે વાપરે છે.તેઓ લોઢાનાં તીણાં બૂમરૅંગ વડે પશુપક્ષીઓનો શિકાર કરે છે. કહે છે કે એ લોકો તો ઝાડ પાછળ સંતાઇને ઊભેલા માણસ પર પણ બૂમરૅંગ ફેંકી તેને મારી શકે છે. બૂમરૅંગ ફરતુંફરતું જાય ને ઝાડ પાછળ ઊભેલા માણસને મારી પાછું ચાલ્યું આવે! આપણે મહાભારતમાં વાંચીએ છીએ કે અર્જુનનું બાણ અને શ્રી કૃષ્ણનું સુદર્શન ચક્ર દુશ્મનને ઘાયલ કરી પાછા ચાલ્યાં આવતાં. આ બૂમરૅંગને ધ્યાનમાં લેતાં એ કંઈ અશક્ય નથી લાગતું.'

વેહમાં પોચો પડી ગએલો સ્ક્રૂ સજ્જડ કરવા માટે વેહમાં રાળની થોડી ભૂકી અને એક ઝીણી સળી નાખી પછી, સ્ક્રૂને ગરમ કરીને ઉતારવો. તેથી રાળ ઓગળી જશે અને સળીને સ્ક્રૂની સાથે વેહમાં સજ્જડ કરશે.

લવીંગિયાની લૂમ



'એમ મારી સામે આંખો ના તતડાવતી મમ્મી! હું કાંઈ પપ્પા નથી!

ડિપાર્ટમેન્ટ સ્ટોરમાં એક માણસ ચિરૂટ ફૂંકતો હતો તેનું એક કારકુને ધ્યાન ખેંચતાં કહ્યું, 'સાહેબ, અહીં બીડી પીવાની મના છે.'

'પણ આ ચિરૂટ મેં અહીંથી જ ખરીદી છે.' પેલાએ દલીલ કરી.

'જુઓ સાહેબ, એમ તો અમે અહીં જુલાબની ગોળીઓ પણ વેચીએ છીએ.'

ડૉક્ટર: તમારા પતિને આરામ અને શાંતિની જરૂર છે, તે માટે હું આ ઊંઘવાની બે ગોળીઓ આપું છું.

સ્ત્રી: તે એમને ક્યારે આપવાની છે?

ડૉક્ટર: તે એમને નહિ, તમારે લેવાની છે.

બાપ: કેમ સાહેબ, અમારો સુરેશ ઇતિહાસમાં કેવોક છે? હું ભણતો ત્યારે મને તો ઇતિહાસ જરા પણ નહોતો આવડતો.

શિક્ષક: મને લાગે છે કે ઇતિહાસનું પુનરાવર્તન થાય છે.

દાક્તર: તમારો રોગ હું હજી બરોબર પારખી શક્યો નથી. મને દારૂની અસર જણાય છે.

દર્દી: તો પછી આપ જ્યારે પીધેલા નહિ હો ત્યારે હું આવીશ.

ગામડાનાટાવર પાસે ઊંચી નિસરણી ઊભી કરીને એક માણસ તેના ઉપર કાંઈક સમારકામ કરતો હતો. એટલામાં કોઇ ચોવટિયો ત્યાંથી નીકળ્યો; તેણે પૂછ્યું, 'કેમ, ઘડિયાળને કાંઈ થયું છે?'

પેલાએ ચપકો ચોડયો: 'નારે, આ તો હું જરા, ટૂંકી નજરવાળો છું ને તેથી વખત જોવા અહીં ચડયો છું!'



એવા કદનાં દુનિયાભરના શહેરો કરતાં વધુ જાહેર ઈમારતો ધરાવતા પ્રિટોરિયામા ટેકરીના ઢોળાવ પર બાંધેલું સરકારી કચેરીનું મકાન, જ્યાંથી સુંદર નગરચોકો, અગાશી જેવાં ઉદ્યાનો ને વૃક્ષાવલિઓથી આચ્છાદિત રાજમાર્ગોવાળું પ્રિટોરિયા નીચે પથરાએલું જણાય છે

સંસારનાં શહેરો


૭૪–પ્રિટોરિયા

'ઉત્સવપ્રિયા : ખલુ મનુષ્યા :' એ સંસ્કૃત ઉક્તિને સાર્થ કરતા, દુનિયાના દેશેદેશ અને શહેરેશહેરને પોતીકા ઉત્સવો હોય છે. દક્ષિણ આફ્રિકાના પ્રિટોરિયાનો એવો એક ઉત્સવ એ 'જૅકરૅન્દ-ઉત્સવ' છે. આ જૅકરૅન્દ તે પ્રિટોરિયાના એક વૃક્ષવિશેષનું નામ છે. દર સાલ ઑક્ટોબર–નવેમ્બર માસમાં તે સોળે કળાએ મહોરી ઊઠે છે. ત્યારે પ્રકૃતિની સાથે એકરસ બની પ્રિટોરિયનો પોતાના એ ઉત્સવને ચિરસ્મરણીય બનાવે છે.

પરંતુ ગઈ સાલ તો એ ઉત્સવ પ્રિટોરિયાના ઇતિહાસમાં અમર બની ગયો. ગયા નવેમ્બર માસની ૧૬મીએ દક્ષિણ આફ્રિકાના ગણતંત્રના આ રાજનગરને સો વર્ષ પૂરાં થયાં. અપૂર્વ ઉત્સાહથી લોકોએ આ નગર-શતાબ્દી ઊજવી. દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રના સ્થાપક સાત દેશો (હૉલંડ, ઇંગ્લંડ, સ્કૉટલંડ, બેલ્જિયમ, જર્મની, ડેન્માર્ક ને સ્વીડન)ના લોકનર્તકોએ અહીં આવી આંતરરાષ્ટ્રીય લોકનૃત્યો દ્વારા હવાના કણેકણને ઉત્સવમય બનાવી દીધો હતો. આ ઉત્સવનું મહત્ત્વ માત્ર એક નગરની શતાબ્દી પૂરતું જ સીમિત નથી. પ્રિટોરિયાના વિકાસ સાથે દક્ષિણ આફ્રિકા—અને ફલતઃ આફ્રિકા સમસ્તના વિકાસની મહત્ત્વની કડીઓ સંકળાએલી છે.

દ. આફ્રિકાના ટ્રાન્સવાલ પ્રાંતનું આ મુખ્ય શહેર વાલ નદીની ઉત્તરે આવેલ મૅગાલિઝબર્ગ પહાડની તળેટીમાં સમાંતર ટેકરીઓ વચ્ચે, સુરક્ષિત અને સુરમ્ય સ્થાને, લિમ્પોપો નદીને જઈ મળતી આપીઝ નદીને બંને કિનારે વસેલું છે. તે જોહાનિસબર્ગની ઉત્તરે સીધું ૨૬ માઈલ અને રેલવે-રસ્તે ૪૫ માઈલ દૂર આવેલું છે. લંબચોરસ ખંડસમૂહની મનોરમ રચનામાં ગોઠવાએલા ને જૅકરૅન્દ સિવાય બીજાં લાખેક જેટલાં વૃક્ષની પ્રાકૃતિક સમૃદ્ધિ ધરાવતા આ શહેરની કુલ વસતિ ૩ લાખ જેટલી છે, જેનો અર્ધો ભાગ તો માત્ર ગોરા લોકો છે. ઈ. ૧૯૨૬માં અહીંની ગોરા લોકોની વસતિ આખીપાખી ૫૪,૩૨૬ની જ હતી. ત્રીસ વર્ષમાં થએલો આ ત્રેવડો વધારો એ આ દેશને માત્ર ગોરાઓ માટે જ અનામત ગડપ કરી જવાની નીતિને ખુલ્લી પાડે છે અને ત્યાંની રંગભેદની નિંદનીય નીતિની એ ભૂમિકા છે.


ટ્રાન્સવાલ પ્રાંતના અગાઉ બે વિભાગો હતા : પૉટ્ચેફ્સ્ટ્રૂમ અને રસ્ટનબર્ગ. તેમને એકઠા કરીને ઈ. ૧૮૫૫ના નવેમ્બરની ૧૬મી તારીખે એક નવો જ પ્રદેશ, અને તેના કેન્દ્ર



રૂપે આ નવું જ શહેર પ્રિટોરિયા રચવામાં આવ્યાં. એ શહેરનું નામ દક્ષિણ આફ્રિકાના ગણતંત્રના પ્રથમ પ્રમુખ માર્થિનેયસ પ્રિટોરિયસના પિતા અને વૂરટ્રેકર્સ લોકોના પ્રખ્યાત નેતા આંદ્રીસ પ્રિટોરિયસની સ્મૃતિમાં પાડેલું.


પછી ઈ. ૧૮૬૦માં દક્ષિણ આફ્રિકાના ને લીડનબર્ગનાં ગણતંત્રો વચ્ચે સુલેહ થતાં એ બંનેનું સંયુક્ત રાજ્ય રચાયું ને તેના પાટનગર તરીકે પણ પ્રિટોરિયાની વરણી થઈ. પણ ટ્રાન્સવાલના ચાલતા આંતરિક ઝગડાનો ૧૮૬૪ સુધીમાં અંત ન આવ્યો ત્યાં લગી સરકારી દફ્તર તો પૉટ્ચેફ્સ્ટ્રુમમાં જ રહેતું ઈ. ૧૮૯૯માં બોર લોકો(દક્ષિણ આફ્રિકાના ડચ વસાહતી જાગીરદારો અને ખેડૂતો)એ બ્રિટિશ રાજ્યઅમલ સામે બળવો કર્યો, તેમાં બ્રિટિશ સેનાપતિ લૉર્ડ રૉબર્ટ્સે પ્રિટોરિયા કબજે કર્યું. અંતે ઈ. ૧૯૦૨માં સુલેહ થતાં દક્ષિણ આફ્રિકાને બ્રિટિશ રાજ્યના એક સ્વશાસિત રાજ્યનો અધિકાર મળ્યો ને ટ્રાન્સવાલની પ્રથમ પાર્લમેન્ટ પ્રિટોરિયામાં જ બેઠી. પરંતુ પ્રિટોરિયાની ઉન્નતિનો શ્રેષ્ઠ તબક્કો તો ઈ. ૧૯૧૦માં દક્ષિણ આફ્રિકાના ગણતંત્રની રચના થતાં પ્રિટોરિયા તેનું વહીવટી રાજનગર બન્યું ત્યારથી શરૂ થયો.

ઈ. ૧૯૧૦-૧૩માં જનરલ સ્મટ્સે ટ્રાન્સવાલ સરકારની જમા થએલી મોટી પુરાંતો વાપરી શહેરના મધ્ય ભાગમાં આવેલા ટેકરાળ પ્રદેશ પર મોટી ઈમારતો બંધાવી. પ્રિટોરિયાના વાસ્તુસ્થાપત્યના ગૌરવ સમી માત્ર કેન્દ્ર-સરકારની એ ઈમારતોનો ખર્ચ એ કાળના ૧૮ લાખ પાઉંડ જેટલો થવા જાય છે. કચેરીના હજારથી યે વધારે કાર્યકરોનો તેમાં સમાવેશ થઈ શકે છે. ટેકરીના નીચલા ઢોળાવો પર



ડાબી બાજુ: વૂરટ્રેકર નેતા આંદ્રીસ પ્રિટોરિયસ, જેના પરથી પ્રિટોરિયા નામ પડ્યું; તથા (જમણી બાજુ) તેનો પુત્ર માર્થિનિયસ પ્રિટોરિયસ, જે દ. આફ્રિકાના નવોદિત ગણરાજ્યનો ઈ. ૧૮૫૬માં પહેલો પ્રમુખ બન્યો.

↓ દક્ષિણ આફ્રિકાના જે વૂરટ્રેકર (ડચ) વસાહતીઓએ કેપ કૉલૉની છોડી આગળ વસવાટ કરવા માટે દક્ષિણ આફ્રિકાનો આંતરિક, અણજાણ ને અંધારો પ્રદેશ વીંધીને તથા આદિવાસી ઝૂલુઓ સામે લડીને નવો પ્રદેશ વસાવ્યો તે પાયોનીઅર્સ(અગ્રચારીઓ)ના સ્મરણમાં પ્રિટોરિયામાં ઊભું કરેલું ભવ્ય અને (એમના જેવું જ) ખડતલ સ્મારક. જે બળદ-ખટારાઓમાં તેઓ એ સાહસે નીકળેલા તે ખટારા 'જંગલનાં જહાજ' નામથી ઓળખાતા, અને તેનાં શિલ્પ આ સ્મારકના અગ્રભાગમાં કોરેલાં જણાય છે.



રીજીઅનલ રીસર્ચ લૅબોરેટરી

દખ્ખણ હૈદરાબાદની પ્રાદેશિક સંશોધન-સંસ્થા



તેલી બીઆં અને તેમાંથી નીકળતાં વનસ્પતિ-તેલો, કોલસો, માટી, કીમતી ખનિજો, જંગલોની પેદાશના પદાર્થો-આવા વિધવિધ ઉદ્યોગોમાં ઉપયોગી કાચા માલના પદાર્થોની સમૃદ્ધિ હૈદરાબાદ (દખ્ખ-ણ)ના પ્રદેશમાં સભર પડી છે. આથી એ રાજ્યે ૧૯૪૪માં વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન માટે એક મધ્યસ્થ લૅબોરેટરી કાઢવાની યોજના કરી. સ્થાનિક કાચા પદાર્થો પ્રાદેશિક ઉદ્યોગોમાં મદદરૂપ થાય એવાં સંશોધનો કરવાનો તેનો ઉદ્દેશ હતો. વીસેક વર્ષ થયાં ચાલતી એ રાજ્યની જ ઔદ્યોગિક પ્રયોગશાળાને વિસ્તારવાનું નક્કી થયું, મકાન અને સાધનસામગ્રી માટે જરૂરી નાણાં પણ મંજૂર થયાં; પરંતુ રાજકીય પરિસ્થિતિની અસ્થિરતાને લીધે યોજના ખોરંભે પડી.

પણ હૈદરાબાદ રાજ્ય હિંદમાં ભળી ગયા પછી તેની વૈજ્ઞાનિક ખિલવણી સ્વાતંત્ર્યને અનુકૂળ થાય એવી એક નવી યોજના કરવામાં આવી અને ૧૯૪૯માં હૈદરાબાદના લશ્કરી ગવર્નર મેજર ચૌધરીએ 'સેન્ટ્રલ લૅબોરેટરી ફૉર સાયન્ટિફિક ઍન્ડ ઇન્ડસ્ટ્રીઅલ રીસર્ચ'(વૈજ્ઞાનિક ને ઔદ્યોગિક સંશોધન માટે મધ્યસ્થ પ્રયોગશાળા)ના નવા મકાનનો પાયો નાખ્યો. ૧૯૫૪માં વડાપ્રધાન પંડિત નેહરુએ તેનું ઉદ્‌ઘાટન કર્યું.

હૈદરાબાદના વેપાર-ઉદ્યોગના પ્રધાનના હસ્તક અર્ધ-સ્વતંત્ર ખાતા તરીકે કામ કરતી આ લૅબોરેટરી મુખ્યત્વે ઔદ્યોગિક પ્રશ્નોના સર્વાંગી સંશોધનમાં રસ લે છે.સ્થાનિક કાચા પદાર્થોમાંથી ઉદ્યોગો સ્થાપી શકાય એ હેતુ પ્રધાન રાખીને સંશોધન થાય છે. સંશોધનનું કાર્ય ૧૪ વિભાગોમાં વહેંચી નાખવામાં આવ્યું છે. નિયામક અને ઉપનિયામક ઉપરાંત અન્ય વૈજ્ઞાનિક કાર્યકરોની સંખ્યા ૧૨૫થી પણ વધુ છે. પ્રથમથી જ ડૉ. એસ. હુસેન ઝહીર લૅબોરેટરીના નિયામક છે.

ચાલુ વર્ષના એપ્રિલથી હિંદી સરકારની C. S. I. R.એ આ પ્રયોગશાળાને પોતાના હસ્તકની રાષ્ટ્રીય પ્રયોગશાળાઓમાં દાખલ કરી હોઈ હવે તેનું નામ 'રીજીઅનલ રીસર્ચ લૅબોરેટરી' રખાયું છે. અત્યાર સુધી બીજી રાષ્ટ્રીય પ્રયોગશાળાઓ સાથે સંયુક્ત રીતે કામ કરતી હતી, હવે તેનું કાર્ય પૂરક બનશે.

બીજી રાષ્ટ્રીય પ્રયોગશાળાઓ કરતાં આ સંસ્થા એ બાબતમાં જુદી પડે છે કે આવી બીજી સંસ્થાઓનો કાર્યપ્રદેશ વિજ્ઞાનની કોઈ એક જ શાખા પૂરતો મર્યાદિત હોય છે, જ્યારે આ બધા પ્રકારનું આયોજિત ઔદ્યોગિક સંશોધન હાથ ધરે છે અને ઉદ્યોગોને સક્રિય મદદ કરે છે. તેના કાર્યપ્રદેશમાં કોલસો, તેલ, માટીના પદાર્થો, રસાયનો, ઔષધો, હાથબનાવટનો કાગળ અને વિવિધ ઉદ્યોગો આવે છે. આ કામમાં મદદ કરવા રાસાયનિક એન્જિનીઅરીંગ, ઔદ્યોગિક સંશોધન, ભૌતિક રસાયન, ક્ષ-કિરણો, જંતુવિજ્ઞાન વગેરે વિભાગો કાઢવામાં આવ્યા છે. સુસજ્જ વર્કશૉપ પણ તેનું અંગ છે. લાયબ્રેરીની પૂરતી સગવડ પણ છે.

કોલસાનું ઓછી ઉષ્ણતાએ કાર્બનાઇઝેશન, તેમાંથી મળતા પદાર્થોનું અન્વેષણ, શક્તિ અને ગરમી માટે ગૅસ, હાથબનાવટનો કાગળ, ખાતરો, કપાસિયામાંથી મળતાં પદાર્થોનો અભ્યાસ, સાબુ, રંગરોગાન આદિ ઉદ્યોગોને લગતી યોજના વગેરે વિષયો બીજી પંચવર્ષીય યોજના માટે સરકાર આગળ રજૂ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ગંધકનો તેજાબ, ઍસ્પિરીન, ઈથર, ફુઝેલ ઑઇલ વગેરે જુદાજુદા ઉદ્યોગો માટે પણ યોજનાઓ અનુસાર કામ ચાલે છે. ઉપરના કેટલાક ઉદ્યોગોમાંથી સંશોધનને આધારે નાનાનાના પાઇલોટ-પ્લૅન્ટ પણ લૅબોરેટરીમાં ચાલે છે. એરંડિયા તેલમાંથી રંગરોગાનમાં વપરાય એવું અળસીના તેલ જેવું 'ડ્રાઇંગ તેલ' સસ્તી કીમતે તૈયાર કરવામાં આવ્યું છે. ખોળમાંથી તેલ મેળવવા સૉલ્વન્ટ રીતનો અભ્યાસ કરવામાં આવ્યો છે. પામરોઝા તેલમાંથી જીરાનીઓલ (ગુલાબની સુગંધવાળો પદાર્થ) કાઢવાની રીત સુધારવામાં આવી છે. પાનમાં ખવાતા કાથામાંથી કાઢેલું કટેચીન જો તેલમાં ઉમેરવામાં આવે તો તેલમાં ગંધાઈ જવાને લીધે પેદા થતી ખટાશ થતી અટકે છે. સીતાફળનાં બીમાંથી જંતુઘ્ન પદાર્થ કાઢવામાં આવ્યો છે. ખાંડના મોલાસીસને આથીને સાઇટ્રિક ઍસિડ અને બીજા ઍસિડો બનાવવાની રીત પાર ઉતારી છે. ટર્પેન્ટાઈન તેલના સંશોધન દ્વારા મેન્થૉલ બનાવવાનો અભ્યાસ ચાલુ છે. હિંદની મોનાઝાઈટ રેતીનું પણ ક્ષ-કિરણો વડે અન્વેષણ હાથ ધરવામાં આવ્યું છે.

પ્રયોગશાળાએ ૨૧ પેટન્ટો લીધાં છે. ઓસ્માનિયા યુનિવર્સિટીના પીએચ.ડી. વિદ્યાર્થીઓને સંશોધનની સગવડો આપવામાં આવે છે. આમ આ પ્રયોગશાળા ઉચ્ચ શિક્ષણ અને સંશોધનના ક્ષેત્રમાં ઉપયોગી ફાળો આપી રહી છે.

નરસિંહ મૂ. શાહ

અગાશી જેવા ખુલ્લા સુંદર બગીચા બનાવવામાં આવ્યા છે. 'બર્ગર પાર્ક', 'પ્રિન્સ પાર્ક' અને પ્રાણિસંગ્રહસ્થાનના બગીચાઓ ઉપરાંત બીજા પણ અનેક બગીચાઓ ને રમતનાં મેદાનો અહીં છે. શહેરના મધ્ય ભાગમાં 'ચર્ચ સ્ક્વેર' છે, જ્યાંથી શહેરના મુખ્ય માર્ગો ફાટે છે. તેની ઉત્તરે અદાલતો, દક્ષિણે રેનેઝાં યુગની ઢબે ઈ. ૧૮૯૨માં બંધાએલાં પ્રાદેશિક ધારાસભાનાં મકાનો તથા કચેરીઓ ને પશ્ચિમે પોસ્ટઑફિસ આવેલાં છે. ઉપરાંત શહેરમાં ઍંગ્લિકન દેવળ, અનેક શાળાઓ, નૉર્મલ ટ્રેનિંગ કૉલેજ અને ટ્રાન્સવાલ યુનિવર્સિટી કૉલેજ આવેલાં છે.

દક્ષિણ આફ્રિકાને ખનિજ દ્રવ્યોની નૈસર્ગિક બક્ષિશ છે. ત્યાંનાં બીજાં મોટાં ને સમૃદ્ધ શહેરોની માફક પ્રિટોરિયા પણ ઉદ્યોગનું ઉપયોગી મથક છે. નૅશનલ આયર્ન ઍન્ડ સ્ટીલ ઈન્ડસ્ટ્રી (ISCOR)ની સ્થાપના પછી તેનો લોખંડ ને પોલાદનો ઉદ્યોગ ખૂબ વિકસ્યો છે. વાલનદીના નીચલા ભાગમાંથી હીરા ને કિનારાના ભાગમાંથી સોનું કાઢવામાં આવે છે. સિમેન્ટનો ઉદ્યોગ પણ સારા પ્રમાણમાં ખીલ્યો છે. વળી તેના ઔદ્યોગિક તથા ભૌગોલિક મહત્ત્વને કારણે પ્રિટોરિયા અગત્યનું રેલવે જંકશન પણ છે. તે કેપટાઉન સાથે ઈ. ૧૮૯૩માં અને લૉરેન્સો માર્ક્વિસ તથા ડર્બન સાથે ઈ.૧૮૯૫માં રેલવેમાર્ગથી જોડાએલું.

દક્ષિણ આફ્રિકાનું પ્રધાનમંડળ હાલ પ્રિટોરિયામાં જ બેસે છે, ને રાજ્યનાં મુખ્ય ખાતાંઓ પણ અહીં જ આવેલાં છે. પરંતુ પાર્લામેન્ટ બેસે છે ગણતંત્રના ૪૫ વર્ષજૂના, લવાદ-પંચના નિર્ણય મુજબ છેક ૧,૦૦૦ માઈલ દૂર કેપ-ટાઉનમાં! છતાં એક દિવસે પ્રિટોરિયાને દક્ષિણ આફ્રિકાનું સ્વીકૃત અને અવિભક્ત રાજધાનીનું શહેર બનવાનું સદ્‌ભાગ્ય નિઃશંક પ્રાપ્ત થશે તેમ પ્રિટોરિયાના ઝડપી વિકાસ પરથી લાગ્યા વગર રહેતું નથી.



મધુકરી


સોનાવરણી સીમ બની મેહુલિયે પ્રાથી ન્હેર રે
ભાઈ! મોસમ આવી મહેનતની.
નદિયુંનાં જલ નીતર્યા, લોકોમાં લીલાલ્હેર રે ભાઈ૦
લીલો કંચન બાજરો ને ઊજળો દૂધ કપાસ રે ભાઈ૦
જુવાર લોથે લૂમેઝૂમે ને હૈયામાં હુલ્લાસ રે ભાઈ૦
ઉપર ઊજળા આભમાં કુંજડિયુંના કિલ્લોલ રે ભાઈ૦
વાતા મીઠા વાયરા ને લેતા મોલ હિલોળ રે ભાઈ૦
લિયો પછેડી દાતરડાં આજ સીમ કરે છે સાદ રે ભાઈ૦
રંગે સંગે કામ કરીએ, થાય મલક આબાદ રે ભાઈ૦
લીંપીગૂંપી ખળાં કરો લાવો ઢગલેઢગલા ધાન રે ભાઈ૦
રળનારો તે માનવી ને દેનારો ભગવાન રે ભાઈ૦

(જનતાને કંઠે)
નાથાલાલ દવે

લોકસભાના નવા ઉપાધ્યક્ષ : સરદાર હુકમસિંહ

એ પણ એક કાળ હતો જ્યારે પંજાબના મૉન્ટગોમરી શહેરના રસ્તાઓ પર ખેલાતાં હિચકારાં હુલ્લડોમાં ઊછળતા છરાઓની વચ્ચે સરદાર હુકમસિંહ હુલ્લડખોરોને સમજાવવા-મનાવવા માટે ઊભા હોય, અને છતાં પોતાનું જીવન જ્યાં ઉછેરાઈ-પોષાઇ ઘડાઈ મોટું થયું હતું અને એ જ જીવન જેના કલ્યાણ અર્થે ન્યોછાવર થઇ રહ્યું હતું તે મૉન્ટગોમરી શહેરનાં તેમને સંઘરવા માટે જગ્યા પણ ન હોય! પરંતુ આજ આખા યે દેશે તેમનું સમાન્ય નેતૃત્વ સ્વીકાર્યું છે. વડા પ્રધાન પં. નેહરુએ પોતે લોકસભાના ઉપાધ્યક્ષપદે તેમની વરણી કરી છે.

તેમનો જન્મ પંજાબના મૉન્ટગોમરી શહેરમાં ઇ. ૧૮૯૫ની ૩૦મી ઑગસ્ટે થયો હતો. તેમના પિતાનું નામ હતું શ્યામસિંહ. શરૂનું શિક્ષણ ગુરુમુખીમાં ગુરુદ્વારામાં લઇ તેઓ સ્થાનિક હાઈસ્કૂલમાં દાખલ થયા. મૅટ્રિકનો અભ્યાસ શરૂ પણ નહોતો કર્યો ત્યાં તેમના પિતાનું અવસાન થયું; પરંતુ તેમના મોટા ભાઇએ કૌટુંબિક જવાબદારી પોતાને માથે લઈ હુકમસિંહને અભ્યાસ માટે નિશ્ચિત બનાવી દીધા. મૅટ્રિક થઇને તેઓ ખાલસા કૉલેજમાં દાખલ થયા અને ચાર વર્ષ બાદ ઈ. ૧૯૧૭માં ગ્રૅજ્યુએટ બન્યા. કૉલેજ-કાળ દરમ્યાન તેઓ એક તેજસ્વી વિદ્યાર્થી તરીકે સૌનું ધ્યાન ખેંચતા, ઉપરાંત રમતગમતમાં પણ એવા જ પાવરધા હતા. હૉકીના તો તેઓ આખી યુનિવર્સિટીના પ્રતિનિધિ ખેલાડી ગણાતા. આ ઉપરાંત રાષ્ટ્રીય જાગૃતિનું ભાન ત્યારે તેમનામાં સારા પ્રમાણમાં જાગ્યું હતું, અને અંગ્રેજવિરોધી ચળવળમાં તેમણે ભાગ પણ લીધેલો. વિદ્યાર્થીઓ પ્રત્યે લાગણીશીલ ને પરગજુ પ્રિન્સિપાલ વાથેનની સહાયથી તેઓ સહકારી મંડળના ઇન્સ્પેક્ટર બન્યા. પણ બે વરસ બાદ તેમના ખાતાના એક ઉપરીની કોમવાદી નીતિને કારણે રાજીનામું આપી તેમણે કાયદાનો અભ્યાસ શરૂ કર્યો અને તેમાં ઉત્તીર્ણ થઈ ઈ. ૧૯૨૧માં મૉન્ટગોમરીમાં વકાલત શરૂ કરી.



ધંધાદારી કારકિર્દીમાં પ્રગતિ સાધવા સાથે તેમણે શહેરના આગેવાન નાગરિક તરીકે પણ પ્રતિષ્ઠા સંપાદન કરી. તેમનાં પ્રામાણિકતા, ઉમદા ચારિત્ર્ય ને કાર્યતત્પરતાએ લોકોમાં આદર મેળવ્યો અને તેમનું કાર્યક્ષેત્ર ઉત્તરોત્તર વિકસતું જ ચાલ્યું.

આ વખતે ગુરુદ્વારાના વહીવટના સુધારા માટેની ચળવળથી શીખોમાં રાજકીય જાગૃતિ આવતી જતી હતી. સરદાર હુકમસિંહે શીખોનાં પવિત્ર સ્થાનો પરના પાદરીઓના કબજા સામેના વિરોધમાં સેવા અને આત્મભોગની તક જોઈ. એ માટે રચાએલી શિરોમણિ ગુરુદ્વારા પ્રબંધક

આપણાં પ્રાણીઓ-૨૪
શિયાળ



મધરાતે ને પ્હો ફાટતાં પહેલાં, જેના અગણ આત ચિત્કારો (લારી) એક પછી એક કાને પડે છે તે શિયાળ જાતે મનુષ્યોનું એટલું પરિચિત નથી.

અગ્નિ યુરોપ, ભારત, લંકા ને બ્રહ્મદેશસુદ્ધાંમાં જોવા મળતા આ બે-અઢી ફૂટ લાંબા શિયાળનું શાસ્ત્રીય નામ Canis Aureus છે. વરુ અને કૂતરાને એ બહુ જ મળતું આવે છે. એનો ભૂખરો રંગ, સોનેરી ઝાંયવાળા વાળ, કાળા ટોપકાવાળી ગુચ્છા જેવી પૂંછડી, લાંબુ મોં, ટૂંકા કાન—એ બધું ખાસ આકર્ષક નહિ; તેમજ દેખાવે એ કદરૂપું પણ નહિ. પરંતુ એના શરીરમાંથી ખૂબ જ અસહ્ય દુર્ગંધ નીકળે છે.

સ્વભાવે એ બીકણ, શરમાળ ને નરમ. ઉભયભોજી: એટલે એને કુમળું જરઠ, તાજું-સડેલું, ગમે તેવું માંસ પણ ખપે ને વનસ્પતિ પણ ખપે. લાગ હોય તો ગલૂડિયાં, લવારાં ને મરઘાં પણ ઉડાવે. ક્યારેક ખેતરમાં ઝાડ પર બાંધેલા ખોયામાંથી બાળકોને ય ઉપાડી જાય ને ભોંયમાં દાટેલાં બાળકોનાં મડદાં પણ ખોદી ખાય. મોસમમાં બોર ને શેરડીની મોજ તો પ્રસન્નતાથી માણે. કશું જ ન મળે તો છેવટે ઉકરડાનું છાણ પણ વીણી ખાય.

મનુષ્યોની નિકટમાં સીમાડાનાં વાડી-ખેતરોની આસપાસ ખાડા ખોદી, ઉકરડામાં કે ગાઢા ઘાસમાં એ મોટા ભાગે રહે. સંધ્યાકાળ પછી બહાર નીકળે ને પરોઢ પહેલાં પોતાની જગ્યાએ જતું રહે. પણ દિવસ ખૂબ જ ઉકળાટભર્યો હોય તો પીવા માટે કે પડ્યા રહેવા માટે પાણી ખોળવા, ને ટાઢો-વાદળિયો હોય તો પ્રસન્ન થઇ ફરવા પણ નીકળી પડે. બીક લાગે ત્યારે 'ફીઆઉ' 'ફીઆઉ' કરે.

ઉપદ્રવ કરતાં એની ઉપયુક્તતા ઘણી. રોગચાળો પ્રકટાવે એવું નિકૃષ્ટ માંસ એ સાવ ચટ કરી જાય છે.

આશરે બારેક વર્ષ જીવતા આ પ્રાણીના ગૃહજીવનની ઘણી વિગતો હજી અજ્ઞાત છે. માદા વર્ષમાં ગમે ત્યારે ચારેક બચ્ચાં જણે છે.

(શ્રી 'વનેચર'ના લેખ પરથી તારવીને)

સમિતિના તેઓ સભ્ય બન્યા, જેને ઈ. ૧૯૨૪ની ૭મી જાન્યુઆરીએ સરકારે ગેરકાયદે જાહેર કરી. પોલીસ-સુપરિન્ટેન્ડેન્ટ મિ. જેફરી શીખ નેતાઓની ધરપકડ માટે અમૃતસરના સુવર્ણમન્દિરમાં પહેરેલે જોડે દાખલ થયો. આથી લોકલાગણી અત્યંત ઉત્તેજિત બની અને શીખ લોકોના ટોળાએ તેને બહાર ફેંકી દીધો. ટોળામાંનાં તોફાની તત્ત્વોની પોલીસે યાદી કરી. જેમનાંજેમનાં તેમાં નામ હતાં તે સૌ સામે ચાલી ધરપકડ માટે આગળ આવ્યા, પણ પોલીસ-સુપરિન્ટેન્ડેન્ટે ડરી જઈ ધરપકડની ના પાડી. આથી ૬૧ અકાલીઓ પોતાની ધરપકડ કરાવવા હિંમતપૂર્વક છેક પોલીસ-સ્ટેશન સુધી ગયા. સરદાર હુકમસિંહ તે માંહેના એક હતા. તેમાં તેમને બે વર્ષની જેલ મળી.

ઈ. ૧૯૨૬ના સપ્ટેમ્બરમા જેલમાંથી છૂટયા બાદ તેમણે ફરી પોતાનો વ્યવસાય ઉપાડી લીધો. હવે ગુરુદ્વારા પ્રબંધક સમિતિ ઉપરાંત તેઓ સિંહસભા અને ખાલસા હાઈસ્કૂલના સભ્ય તેમજ બાર-એસોસીએશન (વકીલમંડળ)ના પ્રમુખ નિમાયા.

એ વેળા શીખ ધર્મમાં બે પક્ષ પડી ગયા હતા. માસ્ટર તારાસિંહનું અકાલી દળ અને ગ્યાની શેરસિંહનું મધ્યસ્થ અકાલી દળ. આ બંને પક્ષો વચ્ચે લાંબા સમયથી અંટસ પ્રવર્તતો હતો. આથી તગ આવી ગએલા લોકમાનસને લક્ષ્યમાં લઇને તે બંને વચ્ચે દરમ્યાનગીરી કરવાનું કોઈ તરફથી તેમને કહેવામાં આવ્યું. ઝનૂને ચડેલા આ બંને પક્ષોને સમજાવવા એ કપરું કામ તો હતું જ, ઉપરાંત તેમાં જાનનું પણ પૂરું જોખમ હતું. બંને પક્ષો વચ્ચે અંટસનો મામલો અંતે એટલા હદ સુધી વણસી ગયો કે ઠેરઠેર હુલ્લડો થવા લાગ્યાં. આવે વખતે લોકસેવાના આદર્શને જ નજર આગળ રાખી, જાનની પરવા કર્યા વિના તેમણે બંને પક્ષ વચ્ચેની દરમ્યાનગીરીનું કામ ઉપાડી લીધું. શહેરના ગમે તેવા જોખમી લત્તાઓમાં જતાં પણ તેઓ અચકાતા નહિ. ઠેરઠેર ફરીને શાંતિ માટે લોકોને સમજાવતા અને હુલ્લડમાં માર્યા ગએલાઓને દાટવાની તેમજ મરતાઓને ઇસ્પિતાલે પહોંચાડવાની વ્યવસ્થા કરતા. આ વેળા હુલ્લડખોર તત્ત્વોએ તેમને જીવતા કે મરેલા પકડી આણનારને રૂ. ૨૫,૦૦૦નું ઇનામ આપવાનું પણ જાહેર કર્યું હતું! પરિણામે પંજાબની શાંતિ ને સંવાદિતાના આ સૂત્રધારને પોતા માટેના લોકોના આવા પ્રચંડ વિરોધને કારણે શહેર બહાર રહેવું પડતું. લાયલપુર અને મૉન્ટગોમરી તાલુકાઓના શીખ હિંદુ વિસ્તારોને અંકુશમાં રાખવાની સરકારને અરજી કરતો કાયદેસરનો કેસ પણ તેમણે તૈયાર કર્યો હતો, જોકે સરકાર તરફથી નિમાએલું સીમાપંચ તો તેથી ઊલટું જ વર્ત્યું.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી ત્રીજે દહાડે, ઈ. ૧૯૪૭ની ૧૮મી ઑગસ્ટ ને ઈદને દિવસે મૉન્ટગોમરી શહેર કોમી હુલ્લડોની આગમાં બળતું હતું. એક નિર્દોષ વ્યક્તિને તેનો પહેલો ભોગ બનતી જોઇને હુકમસિંહ તેની મદદે દોડયા. આ જોખમ વહોરવા માટે પોલીસે તેમને ઠપકો દીધો. પણ તેમનો અફસોસ માત્ર એટલો જ હતો કે પોતે એ નિર્દોષ વ્યક્તિનું જીવન ન બચાવી શકયા. આ પછી પોતાનું વાહન લઈ ચારે કોરથી શબો એકઠાં કરીકરીને તેમણે તેની અંતિમક્રિયા કરવા માંડી. હુલ્લડનો ભોગ લોકો એટલી ત્વરાથી બનતા કે અંતિમ વિધિ માટે પણ સમય ન રહેતો, અને છ–સાત–આઠ શબ તેમને એકીસાથે બાળવા પડતાં. એવામાં કર્ફ્યુ દાખલ થયો. કર્ફ્યુની મુદત વીસમી તારીખે પૂરી થતાં વેંત તેઓ ઇસ્પિતાલના વિસ્તારમાં જઇ પહોંચ્યા ત્યારે તેમની પાછળ 'થ્રી નૉટ થ્રી'નો ગોળીબાર ચાલી રહ્યો હતો. એમાં કોઇ કૉન્સ્ટેબલ તેમનું જ નિશાન લેતો હતો ત્યાં જ ચોંકી જઇને એક પોલીસ-સબ-ઇન્સ્પેક્ટરે તેને રોકી લીધો.

સરદાર હુકમસિંહનું ઘર ત્યારે પંજાબની શાંતિ-પરિષદોનું સભાસ્થાન બની ગયું હતું. શહેરના મુસ્લિમ લીગના નેતાઓ અને હિંદુ તથા શીખ પ્રતિનિધિઓ વારંવાર તેમને ઘેર ભેગા મળી શાંતિ અને સંવાદિતાનું માર્ગદર્શન, અને તેથી યે વધુ તો તે ધ્યેયને અનુલક્ષતી તેમની સહાય મેળવતા. એ સૌને તેમના વચનમાં અડોલ વિશ્વાસ અને તેમની સલાહ ઉપર અટલ શ્રદ્ધા હતી. પરંતુ હુલ્લડખોરોને લાગ્યું કે સમાધાનમાં તો પોતાની બધી ઝનૂની યોજનાઓને એઓ ધૂળભેગી મેળવી દે છે, એટલે તેમણે અમના માથા માટે મોટી રકમનું ઇનામ જાહેર કર્યું! અને સાહસિકોની એક ટુકડીએ સ્વેચ્છાએ તે કામ ઉપાડી પણ લીધું! પરંતુ હિંદી લશ્કરી અફસરોને આ કાવતરાની ગંધ આવતાં તેમણે તેમને ખબર પણ પડે તે પહેલાં યુક્તિથી સલામત જગ્યાએ ખેંચી લીધા ને પછી એક યુરોપિયન મેજર તેમને સલામતી ખાતર ફિરોઝપુર લઇ ગયો.

તેમના કાયદાના જ્ઞાનથી પ્રભાવિત બનેલા કપુરથલાના મહારાજાએ તેમને પોતાના રાજ્યની હાઈ કોર્ટના ન્યાયાધીશ બનવા માટે આમંત્ર્યા. મહારાજા તો તેમને પોતાના રાજ્યના એક પ્રધાન પણ બનાવવા માગતા હતા, જેથી તેમની શક્તિઓની બેમૂલ સહાય પોતાના રાજકાજમાં મળી શકે. પરંતુ તેમની કાર્યક્ષમતા માટે તેથી યે વિશાળ ક્ષેત્ર તેમને જ્યારે ભારતની 'બંધારણ સભા'માં લેવામાં આવ્યા ત્યારે મળી ગયું. ત્યાં જે વિષયની ચર્ચા ચાલતી હોય તેની બંને બાજુઓ બરાબર જોઈ-ચકાસીને પ્રસ્તુત વિષયનું સંપૂર્ણ દર્શન પામ્યા પછી જ નિર્ણય પર આવવાનો તેઓ આગ્રહ રાખતા. સભાનો દરેક સભ્ય તેમને શાંતિ ને એકાગ્રતા પૂર્વક સાંભળતો; ને જ્યારે વિરોધ પક્ષ ગોઠવાતો ત્યારે સરદાર હુકમસિંહને તેમના પક્ષના સુકાનરૂપ મંત્રીપદ સોંપાતું.

૧૯૫૦માં અમૃતસર ખાતે મળેલા શીખ અધિવેશનમાં તેમને અકાલી દળના પ્રમુખ નીમવામાં આવ્યા, જે પદેથી લગભગ ત્રણ વર્ષ સુધી તેમણે કોમને ડહાપણભર્યું માર્ગદર્શન કરાવેલું. ૧૯૫૧માં લુધિયાણામાં મળેલી અકાલી વાર્ષિક પરિષદમાં તેમણે આપેલું ભાષણ કોઈ પણ વિષયને ઊંડાણ અને વિશદતાપૂર્વક અવલોકનારી તેમની દૃષ્ટિના દસ્તાવેજ જેવું છે. તેમણે શીખો માટેનું અંગ્રેજી સામયિક 'ધ સ્પોક્સમન' પણ કાઢેલું. જે તેમણે ખંતપૂર્વક વર્ષો સુધી ચલાવેલું.

છેલ્લી સામાન્ય ચૂંટણીઓમાં તેઓ પાંચિક ચૂંટણી મંડળના અધ્યક્ષ નિમાયા હતા અને પંજાબ તથા પેપ્સુના ઉમેદવારોની ચૂંટણીનું સફળ સંચાલન કર્યું હતું. તેઓ પોતે પણ પેપ્સુ તરફથી પાર્લામેન્ટની ચૂંટણી માટે બંધારણીયરીતે ઊભા રહેલા, જેમા તેમને ઝળકતી ફતેહ મળી.


કૅબિનેટ કમિશન સાથેની વાટાઘાટો દરમ્યાન અકાલી દળના મુખ્ય પ્રતિનિધિઓમાંના તેઓ એક હતા. લોકસભાના ઉપાધ્યક્ષપદે વડા પ્રધાન પં. નેહરુએ પોતે તેમનું નામ સૂચવ્યું એ જ તેમની આજ સુધીની મૂંગી છતાં ઉમદા સેવા-કારકિર્દીના ઉત્તમ દૃષ્ટાંતરૂપ છે.

આજ સરદાર હુકમસિંહ દેશના શક્તિશાળી અને શાણા રાજપુરુષોમાંના એક છે. તેમનું દર્શન સ્પષ્ટ છે, વ્યક્તિત્વ અત્યંત મધુર અને ચારિત્ર્ય પણ એવું જ નિર્મળ.

હૉકી

ક્રિકેટ વગેરે રમતોની માફક ધંધાદારી તત્ત્વથી અલિપ્ત રહેલી, અને જગતની જૂનામાં જૂની તથા લોકપ્રિય આ મેદાની રમત હાલ ભારતમાં જેટલી રમાય છે તેવી બીજે નથી રમાતી; અને દુનિયાની હરીફાઇઓમાં ભારત તેમાં વિજયી ને મોખરે રહેતું આવ્યું છે. એ રમતમાં જગત-ઑલિમ્પિકોમાં સદા અજેય રહીને દુનિયાભરમાં ભારતનું નામ રોશન કરનાર ધ્યાનચંદનું ચરિત્ર આ અંકમાં આપ્યું છે.

આ રમતની પ્રાચીનતા વિષે જે પ્રમાણભૂત મુદ્દાઓ મળી આવે છે તેમાં જૂનામાં જૂનો અવશેષ ઈ. પૂર્વ ૫૧૪-૪૯૯ દરમ્યાન થેમિ-



સ્ટૉકલ્સે બંધાવેલા એક મકાનની ભીંતમાં કોરેલા ભાસ્કર્યનો છે. અત્યારની રમતમાં 'બુલી' નામથી ઓળખાતી ક્રિયા રમતા છ યુવાનોનું તેમાં આલેખન છે. કહેવાય છે કે પશ્ચિમમાં આ રમત પૂર્વમાંથી આવી છે, અને ઇરાનમાંથી તે ગ્રીક લોકોમાં અને ત્યાંથી રોમનોમાં દાખલ થઇ. વળી અમેરિકાના આદિવાસી 'આઝટેક ઇન્ડિયનો'માં તે હજારો વર્ષથી રમાતી આવતી હોવાના પુરાવા મળે છે. આટલા ઐતિહાસિક પુરાવાની સાથોસાથ છેક શ્રીકૃષ્ણના નામ સાથે જોડાએલી ભારતમાંની તેની પરંપરાગત પ્રાચીનતા તો નિર્વિવાદ છે, જે આપણાં પ્રાચીનતમ લોકસાહિત્યોમાં 'ગેડીદડા'ને નામે જાણીતી છે.

ઐતિહાસિક પુરાવાઓ જાળવી રાખવાની ચોક્કસાઈવાળા ઇંગ્લંડમાં તેનો પહેલો ઉલ્લેખ ઈ. ૧૧૭૫માં ફિટ્ઝસ્ટિફને કર્યાનો મળે છે. પણ તેનો રીતસરનો વિકાસ ઈ. ૧૮૮૩માં ત્યાં 'વિમ્બલડન કલબ' સ્થપાવા સાથે થયો, અને ૧૮૮૬ની ૧૮મી જાન્યુઆરીએ ત્યાં સ્થપાએલ 'હૉકી એસોસીએશને' તેને વ્યવસ્થિત રૂપ આપી તેનાં નિયમો તથા શાસ્ત્ર રચ્યાં. ત્યાર પછી ૧૮૯૦ના અરસામાં તો બીજી પચ્ચીસેક ક્લબો એ એસોસીએશન સાથે જોડાઈ અને ઈ. ૧૯૦૦માં એક આંતરરાષ્ટ્રીય સમિતિ ત્યાં નિમાઈ. ઈ. ૧૮૮૯માં જેની સંખ્યા આંગળાને વેઢે ગણી શકાય તેટલી હતી તે હૉકી ક્લબો ઈ. ૧૯૨૯ સુધીમાં તો વધીને એકલા ઇંગ્લંડમાં જ હજાર ઉપરાંતે પહોંચી.

૧૦૦ વાર લાંબા ને ૫૫-૬૦ વાર પહોળા લંબચોરસ મેદાનમાં, અગિયાર અગિયાર ખેલાડીઓની બનેલી બે ટુકડીઓ વચ્ચે, હૉકીસ્ટિક (ગેડી) અને દડા વડે આ રમત ૩૫ મિનિટનો એક એવા બે હપતામાં, અનુક્રમે મેદાનની બંને બાજુએથી રમાય છે. લાંબી બાજુઓ તે 'સાઇડ લાઇન્સ' ને ટૂંકી બાજુઓ તે 'ગોલ લાઈન્સ' ગણાય છે. અને મેદાનની વચ્ચે આડી 'કેન્દ્રરેખા' દોરાય છે. દરેક સાઈડ લાઇનથી ૭ વાર છેટે જે એક એક તુટક લીટી દોરવામાં આવે છે તે 'સેવન યાર્ડ્ઝ લાઈન' નામે ઓળખાય છે. બંને છેડાની અંતિમરેખા તે ગોલ લાઈન. તેની મધ્યમાં ચારચાર વારને અંતરે સાતસાત ફૂટ ઊંચા બે સ્તંભ ઊભા કર્યા હોય છે, જે ઉપરથી ત્રીજા સ્તંભ વડે જોડાએલા હોય છે. એ 'ગોલ' કહેવાય છે. દરેક ગોલની બરાબર સામે, તેને સમાંતર પણ ૧૫ વાર દૂર એકએક સફેદ લીટી દોરવામાં આવે છે. પ્રત્યેક સ્તંભને કેન્દ્ર બનાવીને ૧૫ વારની ત્રિજ્યા લઇને ગોલના પડખાંમાં બબ્બે ચોથિયાં વર્તુળો દોરવામાં આવે છે. બે વૃત્તખંડો ને એક ચાર વારની લીટીથી ગોલલાઈન પર ઘેરાએલા મેદાની ભાગને 'સ્ટ્રાઇકિંગ સર્કલ' કહે છે. મેદાનને ચારે ખૂણે ચાર ને દરેક સાઇડ લાઇનની મધ્યમાં એકએક એમ, ઓછામાં ઓછી ૪ ફૂટ ઊંચી દાંડીવાળા છ ધ્વજ ખોડવામાં આવે છે. દરેક બાજુએ રમનારા અગિયાર ખેલાડીઓમાં પાંચ 'ફૉરવર્ડ', ત્રણ 'હાફબૅક', બે 'બૅક' અને એક 'ગોલકીપર' હોય છે.

હૉકી છેડેથી વળેલી ને તેનો ડાબો ભાગ સપાટ જ્યારે જમણો ભાગ ગોળાકાર હોય છે. વળેલો ભાગ 'ઍશ' નામના લાકડાનો બનેલો ને હાથો (કયારેક વચ્ચે રબરના પાતળા પટ્ટા મૂકેલા) નેતરનો હોય છે. હૉકીની પહોળાઈ બે ઇંચ કરતાં ને વજન ૨૮ ઔંસ કરતાં વધારે ન હોય એવો નિયમ છે. દડો ક્રિકેટનો જ, પણ સફેદ રંગેલો યા તો સફેદ ચામડાનું જ પડ ચડાવેલો. મેદાનમાં બરફ પડ્યો હોય તો રંગેલો દડો ય ચાલે. વજન સાડા પાંચ ઔંસ સુધીનું જ.

મેદાનના કેન્દ્રમાં પડેલા દડાની આજુબાજુ, બંને ટુકડીનો એક-એક ખેલાડી એક વાર પોતાના ક્ષેત્રમાં ને બીજી વાર હરીફની હૉકી પર એમ આંતરેઆંતરે ત્રણત્રણ ફટકા 'બુલી' મારે, ને એ બુલી પૂરી થતાં જ કુશળ ખેલાડી ત્વરાથી દડાને સામાન્ય રમતમાં સરકાવી દે. પછી બંને ટુકડીઓ ગોલ કરવા માટે અતૂટ પ્રયાસો કર્યા કરે.

દડાને શરીરના કોઇ પણ ભાગથી રોકી શકાય. હાથથી તો ઝીલી સુદ્ધાં શકાય, પણ એમ ને એમ પકડી જ રાખી શકાય નહિ. તરત છોડી દેવો જોઇએ. પગથી દડો રોકયો હોય તો પગ પણ તરત જ ખસેડી લેવો જોઇએ. રમત દરમિયાન દડાને ફટકો મારતાં કે મારી લીધા પછી પણ હૉકી ખભા કરતાં ઊંચે તો ન જ જવી જોઇએ. રમતી વખતે હૉકીની સપાટ બાજુ જ વાપરી શકાય, ગોળાકાર નહિ.

ક્રિકેટનો એક અદ્‌ભુત વિશ્વવિક્રમ

ક્રિકેટજગતના શોખીનોમાં સનસનાટી ફેલાવે તેવો અને ઇંગ્લંડ-ઑસ્ટ્રેલિયાની ટેસ્ટ મૅચોમાં અસાધારણ ગણાય એવો વિશ્વવિક્રમ હમણાં ઇંગ્લંડમાં રમાએલી માન્ચેસ્ટરની ચોથી ટેસ્ટ મૅચ વખતે ઇંગ્લંડના બોલર જિમ લેકરે નોંધાવ્યો છે. એણે ઑસ્ટ્રેલિયાના બે દાવમાં કુલ ૨૦ વિકેટમાંથી ૧૯ વિકેટ લીધી એ એક વિલક્ષણ સિદ્ધિ છે અને દુનિયાના ક્રિકેટ-ઇતિહાસમાં કદી નથી નોંધાયો એવો વિશ્વવિક્રમ છે.

આજથી ૪૩ વરસ પૂર્વે દક્ષિણ આફ્રિકા સામેની મૅચોમાં ઇંગ્લંડના બોલર સિડની બાર્ન્સે આનો જે વિક્રમ ૧૭ વિકેટો લઇને કર્યો હતો તે જિમ લેકરે તોડયો છે, અને હવે બીજો કોઈ બોલર ૧૯ કરતાં વધુ વિકેટો ખેરવે નહિ ત્યાં સુધી એ વિક્રમ તૂટવાનો નથી. ખરું જોતાં તો એ તૂટવો શકય પણ નથી લાગતો, કેમકે સત્તાવાર મૅચોમાં બંને દાવની બધી જ વિકેટો એક જ બોલર ખેરવી નાખે એ લગભગ અસંભવિત છે. જિમ લેકરની સિદ્ધિ પણ કેવળ અણધારી અને લગભગ અશકય જેવી જ કહી શકાય, છતાં ક્રિકેટજગતમાં સદાને માટે એણે અમરત્વ પ્રાપ્ત કર્યું છે અને તેનો વિક્રમ તોડનારો વીસમી સદીમાં કોઈ પાકે એવો સંભવ જણાતો નથી. (ગુજરાત સમાચાર)

કોઢનો એક ઉપચાર

ચાર તોલા કાળી સુગંધી બાવચી ને એક તોલો વરખી સોનાપત્રી હરતાલ લઈ વાટીને ચૂર્ણ કરવું. એ ચૂર્ણને ગોમુત્રમાં ખૂબ ઘૂંટીને કોઢવાળા ભાગ પર લેપ કરવો. કંટાળ્યા વગર એકધારો ત્રણચાર મહિના લેપ કર્યે રાખવો. વળી દિવસમાં એક વખત આખે શરીરે ગોમૂત્ર ચોપડીને પછી અર્ધો કલાક રહીને ચોખ્ખા પાણીએ સ્નાન કરવું. આ દર્દ મટાડવામાં ગાયમાતાની બધી વસ્તુ પંચામૃતનું કામ કરે છે: ગાયનું દૂધ, ગાયના દૂધનાં જ માખણ ને ઘી, એનાં જ દહીં ને છાશ ને ગોમૂત્રનો ઉપયોગ.

મીઠું ખાવાનું બિલકુલ બંધ કરવું. ઉપરાંત તેલ, મરચું, લસણ, ડુંગળી તથા ચણા તુવેર વગેરે કઠોળ તેમજ ખટાશ માત્ર બંધ, અને સાત્વિક ખોરાક, દૂધ, મોળું દહીં, મોળી છાશ, ભાજીપાલો, ફળ વગેરે ખવડાવવું. ખોરાકમાં ગરમ વસ્તુ બહુ ઓછી ખાવી. શરબત જેવાં સાકરનાં પીણાં પણ ન પીવાં. મીઠું, મરચું, હિંગ ન ખાવાં, પણ તેને બદલે જીરું, ધાણા, લીલી હળદર, આદુ એ બધું ખૂબ ખાવું. (ચેતમછંદર)

આ માસ (સપ્ટેમ્બર) ઈતિહાસમાં: દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: ઢેબરભાઈ



જન્મ સૌરાષ્ટ્રના ગંગાજળા ગામમાં તા. ૨૧-૯-'૦૫ના રોજ 'કાઠિયાવાડ ટાઇમ્સ'ના તંત્રીખાતામાં કામ કરતા ગરીબ સ્થિતિના પિતાને ઘેર. ◘ '૨૨માં મૅટ્રિક, બાદ એફ.વાય.માં નાપાસ થતાં એક પેઢીમાં નોકરી શરૂ કરી. ◘ '૨૮માં વકાલતની પરીક્ષા પાસ કરી સત્યપક્ષી વકાલત શરૂ કરી. ◘ દેશસેવાની ઝંખનાને પ્રથમ થોરાળામાં મૂર્ત કરી. ◘ 'કાઠિયાવાડ રાજકીય પરિષદ'ને પુનર્જીવિત કરીને સફળ રીતે ભરી. ◘ જન્માષ્ટમીના જુગાર ને તેમાં રાજકોટ દરબારના ઈજારાનો વિરોધ પોકાર્યો. ◘ તેમની જવાબદાર રાજ્યતંત્રની માગણી નકારાતાં ગાંધીજીના ઉપવાસ. ◘ સૌરાષ્ટ્ર-દુષ્કાળ-રાહતમાં અગ્રભાગ લીધો. ◘ '૪૭માં દેશ આઝાદ થયે સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાન અને ગયે વર્ષે કૉંગ્રેસ પ્રમુખ બન્યા.

દિનવિશેષ

તા. ૨ આલ્ફોન્ઝો આલ્બુકર્કે તિરૂમમ્‌પુરમાં હિંદુસ્તાન ખાતે પહેલું કારખાનું નાખ્યું, ૧૦૩૫.
તા. ૪ જગત-ઈતિહાસમાં અપૂર્વ અસહકાર-લડતનો ઠરાવ કૉંગ્રેસે પસાર કર્યો, ૧૯૨૦.
તા. ૬ 'મેફ્લાવર' જહાજમાં 'પિલ્ગ્રિમ ફાધર્સ' ઇંગ્લંડથી અમેરિકા જવા ઊપડયા, ૧૬૨૦.
તા. ૧૨ શિકાગોની સર્વધર્મસભામાં સ્વામી વિવેકાનંદનું પહેલું યાદગાર ભાષણ, ૧૮૯૩.
તા. ૧૮ ઠેરઠેર ફાટી નીકળેલા કોમી દાવાનળ સામે ગાંધીજીના પ્રથમ ૨૧ ઉપવાસ, ૧૯૨૪.
તા. ૧૯ હિંદુસ્તાન પર ચડાઈ લાવવા તૈમૂર લંગે અટક આગળ સિંધુ નદી ઓળંગી, ૧૩૯૮.
તા. ૨૩ શ્રી હરવિલાસ સારડાનું બાળલગ્નનિષેધક બિલ વડી ધારાસભામાં પસાર થયું, ૧૯૨૯.
તા. ૨૮ મુઘલ સલ્તનતનો છેલ્લો બાદશાહ બહાદુરશાહ દિલ્હીની ગાદીએ આવ્યો, ૧૮૩૭.

પ્રસંગવિશેષ: જાપાને રશિયા પર જીત મેળવી, ૫મી સપ્ટેમ્બર ૧૯૦૫

રશિયાએ કબજે કરેલા મંચૂરિયાના બંદર પૉર્ટ આર્થરને ફરી મેળવવાના પ્રયાસ રૂપે જાપાને રશિયા સામે ઈ. ૧૯૦૪ની ૬ઠ્ઠી ફેબ્રુઆરીએ યુદ્ધ જાહેર કર્યું. જૂનથી જાપાને પૉર્ટ આર્થરને ઘેરો ઘાલવા માંડચો, ને ઈ. ૧૯૦૫ની ૨જી જાન્યુઆરીએ તેણે ૧,૦૦,૦૦૦ સૈનિકોની ખુવારીને ભોગે રશિયાને નમાવ્યું. મુકદન ખાતે ઈ. ૧૯૦૫ના ફેબ્રુઆરી-માર્ચમાં લડાએલી મોટી લડાઈનું પરિણામ રશિયાને માટે ગજબ નીવડચું. દરિયાઈ લશ્કરી કાફલાઓ નાશ પામ્યા, અને ઈ. ૧૯૦૫ના મે માસમાં જગતને ખૂણેખૂણે પ્રભુત્વ સ્થાપવા માગતા તેના બાલ્ટિક કાફલાનો પણ સુશીમાની સામુદ્રધૂનિ આગળ સમૂળો નાશ થયો. આખરે અમેરિકાની દરમ્યાનગીરી નીચે રશિયા અને જાપાન વચ્ચે અમેરિકાના શહેર પૉર્ટસ્મથ આગળ વાટાઘાટો ચાલી, અને ઈ. ૧૯૦૫ની ૫મી સપ્ટેમ્બરે સંધિના કરારો થયા, જેની રૂએ રશિયાએ જાપાનને પૉર્ટ આર્થર, લિયોટાંગ દ્વીપકલ્પ, પોતે મંચૂરિયામાં બાંધેલી મોટા ભાગની રેલવે તથા જાપાનની ઉત્તરે આવેલો સખાલીનનો ટાપુ પાછાં સોંપ્યાં, અને કોરિયા ઉપરના બધા દાવાઓ તજી દીધા. જાપાન વિજયી થયું અને મહાન સત્તાઓના વર્તુળમાં તે દાખલ થયું. ટચૂકડા જાપાનની વિરાટ રશિયા પરની જીતને લીધે 'એશિયાવાસીઓ માટે એશિયા'નો બુલંદ પોકાર ખૂણેખૂણે ગાજી ઊઠચો.

સાહિત્યસંપર્ક

દ્વિઅર્થી સંસ્કૃત પદ

सत्पक्षा मधुरगिरः प्रसाधिताशा मदोद्धतारम्भाः।
निपतन्ति धार्तराष्ट्राः कालवशान्मेदिनीपृष्ठे॥

સંસ્કૃતનાં જે કેટલાંક ઉત્તમ વ્યંગ puns)વાળાં પદો છે તેમાં ભટ્ટનારાયણના 'વેણીસંહાર'નું આ પદ પણ ગણાય છે. મહાભારતમાંથી લેવાએલા કથાવસ્તુવાળા આ નાટકના પ્રારંભે જ સૂત્રધારના મુખે આ પંક્તિ મૂકવામાં આવી છે. તેમાં 'ધાર્તરાષ્ટ્રાઃ'ને હંસ તરીકે લેતાં આખા પદનો અર્થ આમ થાય છે: 'શોભાયમાન પાંખો અને મધુર ગીતોવાળા, દિશાઓને શોભાવનારા અને આનંદને લીધે ગર્વિષ્ઠ થએલી ક્રિયાવાળા હંસો ઋતુની અસરને લીધે પૃથ્વી ઉપર નીચે ઊતરે છે.' ¶. પરંતુ 'ધાર્તરાષ્ટ્રાઃ'નો અર્થ 'ધૃતરાષ્ટ્રના પુત્રો' લેતાં આખા પદનો અર્થ આ પ્રમાણે થાય છે: 'સારા પક્ષવાળા, મીઠી વાણીવાળા અને દિશાઓને જીતનારા તથા મદને લીધે ઉદ્ધત કાર્યોવાળા ધૃતરાષ્ટ્રના પુત્રો નસીબને લીધે જમીન ઉપર પડે છે.' ¶. આ પદમાં સૂત્રધારના મુખેથી આખા યે નાટકના કથાવસ્તુનો ખયાલ ખૂબીપૂર્વક આપી દેવામાં આવ્યો છે, અને સાથેસાથે તેનો શબ્દેશબ્દ દ્વિઅર્થી છે.

—ભાઈશંકર એમ. સેવક

વર્ણક-સમુચ્ચય : ભાગ ૧

આપણે સાધારણરીતે એમ જ માનીએ છીએ કે પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં ગદ્ય લખાતું નહિ, અને જે કાંઈ ગદ્યરૂપે લખાતું તે માત્ર પત્રો અને રડ્યુખડ્યુ નાટ્યસાહિત્ય. પરંતુ વસ્તુતઃ તો આપણા જૂના સાહિત્યમાં સારા એવા પ્રમાણમાં ગદ્ય લખાતું, અને તે યે કેવે વિશિષ્ટપણે રસાળ, પ્રાસાદિક અને વિગતસમૃદ્ધ સ્વરૂપે તેની પ્રતીતિ આપણા વિદ્વાન ભાષાસંશોધક શ્રી ભોગીલાલ સાંડેસરાએ સંપાદિત કરેલા આ ગ્રંથ પરથી થાય છે. આ વિશિષ્ટ ગદ્યપ્રકાર 'વર્ણક' તરીકે ઓળખાય છે. 'વર્ણક' એટલે કોઈ પણ વિષયના વર્ણનની, પરંપરાથી લગભગ નિશ્ચિત થએલી એક ધાટી. એમાં કવિતાની માફક અક્ષર, માત્રા કે લયનું કોઇ પણ પ્રકારનું બંધન નહિ, છતાં એક પ્રકારના પ્રાસવાળું, અપદ્યાગદ્ય જેવા લયવાળું પ્રવાહી ગદ્ય ખરું.

આ પુસ્તકમાં, માણભટ્ટો જેવા પ્રાચીન જૈન કથાકારો પોતાનાં પ્રવચનો વેળા, શ્રોતાઓનાં જ્ઞાન, ઉપદેશ તથા મનોરંજન માટે જે વિવિધ વસ્તુઓનાં વર્ણનો, એવી લયબદ્ધ શૈલીમાં કરતા તેનો સંગ્રહ કરેલો છે. એમાં ભોજનની વાનીઓ, સભાશૃંગાર, આભૂષણો, જમણવાર વખતે પહેરવાનાં વસ્ત્રો તથા અલંકારો, હસ્તિવર્ણન, હથિયારોનાં વિવિધ નામ દર્શાવતા વર્ણકો, ૩૬૦ જાતનાં કરિયાણાં, ૬૮ પ્રકારનાં વસ્ત્રો, ૧૪૨ જાતનાં આભરણો, ૩૦ જાતના રાગ, ૩૬ પ્રકારના દંડયુદ્ધની સામગ્રી, સ્ત્રીપુરુષની કળાનાં વર્ણનો, સર્વે રોગો ને ધર્મના પ્રકારો, નગરો વનો અને પ્રકૃતિનાં વર્ણનો, રાજા રાણી પ્રધાન ધર્માચાર્ય આદિનાં લક્ષણ-ગુણો, વગેરે નાનાવિધ વસ્તુઓ વર્ણવતા 'વર્ણકો'નો સંગ્રહ છે; તે એટલે સુધી કે અમદાવાદ શહેરનું વર્ણન, ગુજરાતના સુલતાનોની પ્રશસ્તિ, તથા જૂના વખતમાં ગુજરાત-રાજસ્થાનમાં પરણનાર પુરુષની બુદ્ધિની પરીક્ષા કરવા સારુ તેનાં સાસરિયાં તરફથી સાળાઓ તથા બીજાં સગાંઓ જે સમસ્યાઓ–કોયડા પૂછતા તેના પણ ઉત્તરરૂપ રચનાઓ, 'અહો સ્યાલક (સાળા) બોલિ' એ મથાળા નીચે, આપેલી છે! આજથી બસો વર્ષ પહેલાં, વિક્રમના ૧૬માથી ૧૮મા સૈકા દરમ્યાન ગુજરાતની સાંસ્કૃતિક તથા આર્થિક સમૃદ્ધિ કેવી હતી તેનો ખયાલ આ પુસ્તક પરથી આવે છે. ગ્રંથમાંની વર્ણકની હસ્તપ્રતની બે ફોટો–આર્ટપ્લેટો પરથી તે સમયની લેખનપદ્ધતિનો તાદૃશ ખયાલ આવી શકે છે. સાંસ્કૃતિક ઇતિહાસ તેમજ સાહિત્યની દૃષ્ટિએ આ વર્ણકોનું અધ્યયન હવે પછી જુદા પુસ્તકરૂપે પ્રકટ થશે. પ્રકાશક: મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા, કિંમતઃ રૂા.૭-૮ ૦.

વેળાવેળાની છાંયડી

'કુમાર'ના ૩૦૦મા અંકમાં આવી ગએલી, ગુજરાતના યુવાન અને શક્તિશાળી નાટ્યકાર તથા વાર્તાકાર શ્રી ચુનિલાલ મડિયાની 'વેળાવેળાની છાંયડી' વાર્તાએ 'કુમાર'ના વાચકવર્ગમાં રસભર્યું આકર્ષણ જમાવેલું. એ જ વાર્તા પછી નવલકથા રૂપે 'જનશક્તિ' દૈનિકમાં હપતે-હપતે પ્રકટ થએલી, તેનું આ ગ્રંથરૂપ છે.

આજે લગભગ વિલુપ્ત થઈ રહેલા સોરઠી જીવનના એક ઊજમાળા પાસાનું પહેલદાર ચિત્ર ઉપસાવતી ને અંશતઃ સત્ય ઘટનાઓના તાણાવાણા ધરાવતી આ નવલકથામાં જીવનયજ્ઞની આકરી તાવણી સર્જનારાં દકુભાઇ જેવાં સ્વાર્થનાં પૂતળાં સમાં પાત્રો, ને એ તાવણીમાં તવાઈ કંચન સમાં શુદ્ધ બની બહાર નીકળનારાં ઓતમચંદ જેવાં પાત્રો—હલકીથી માંડી ઉચ્ચ કક્ષા સુધીનાં સર્વે પાત્રોને લેખકે સજીવ કર્યાં છે. સૌરાષ્ટ્રી તળપદી ભાષા પરનો લેખકનો કાબૂ વાર્તાનાં વસ્તુ તથા વાતાવરણને ઉઠાવ ને આકાર આપવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. પ્રકાશક: વોરા ઍન્ડ કં. પબ્લિશર્સ લિમિટેડ, ૩ રાઉન્ડ બિલ્ડિંગ, મુંબાઈ ૨; કિં.: રૂા.૭ ૦-૦.

'પાર્વત્ય-તન્ત્રમ્' : હિમાલય પ્રાંતના રાનીખેતમાં હિમાલયની વનૌષધિઓ તેમજ ખનિજ દ્રવ્યોના પરિચય, અન્વેષણ તથા સંગ્રહને માટે અખિલ ભારતીય કક્ષા ઉપર એક 'પાર્વત્ય તન્ત્રમ્' નામના પુસ્તકની રચના થઈ છે. જેમાં ૨,૦૦૦ સંસ્કૃત શ્લોકો એના હિંદી અનુવાદ સહિત આપેલા છે.

નારંગી : ઑક્સફર્ડ તથા વેબ્સ્ટરના પ્રસિદ્ધ શબ્દકોષોમાં 'નારંગી' એ મૂળ શબ્દ અરબી 'નારંજ'પરથી આવ્યો હોવાનું કહેલું છે. ટર્નરે પોતાની 'નેપાલી ડિક્શનરી'માં મૂળ ફારસી 'નારંગી' માનેલો છે. પરંતુ આ ત્રણે ય માહિતી બરાબર નથી.

સંસ્કૃતમાં 'નારંગી' માટે 'નાગરંગ' શબ્દ છે. સંસ્કૃતમાં 'નાગ'નો અર્થ છે સીસું અથવા સિંદૂર. સિંદૂરના જેવા રંગવાળી નારંગી હોવાથી 'નાગરંગ' નામ સંસ્કૃતજ્ઞોએ આપેલું છે, અને તે યથાર્થ લાગે છે. આ 'નાગરંગ' શબ્દ ઉપરથી જ ભારતીય વિવિધ ભાષાઓમાં 'નારંગી' નામ પડ્યું છે. ફારસીમાં તથા અરબીમાં પણ એ સંસ્કૃત ઉપરથી જ 'નારંગ' થઈ. અરબી ભાષામાંથી આ શબ્દ યુરોપીય અન્ય ભાષાઓમાં પહોંચ્યો. લાટિનમાં એનું રૂપ 'ઑરૅંજિયા' મળે છે; પોર્ટુગીઝ ભાષામાં 'લારંજ', સ્પૅનિશમા 'નારંજ', ફ્રેન્ચમાં 'આરૅંજ', પુરાણી અંગ્રેજીમા 'ઑરૅંજ' તથા જર્મન અને અંગ્રેજીમાં 'ઑરૅંજ' થયું છે. ('આજકલ'માંથી)

નવાં પુસ્તકો

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય (ભદ્ર પાસે અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઈ-૨)નાં પ્રકાશનો

હિંદુ ધર્મની બાળપોથી: આપણા જાણીતા વિદ્વાન તત્ત્વવિચારક આચાર્ય આનંદશંકર બાપુભાઈ ધ્રુવનું આપણા ધર્મની અને તેનાં મુખ્ય અંગો તથા આચારવ્યવહારોની ટૂંકાણમાં અને સામાન્ય માણસ સમજી શકે એવી સરળ રીતે માહિતી આપતું, તથા હિંદુ ધર્મના વ્યાપક, વિશાળ અને પવિત્ર સ્વરૂપનો

ખયાલ આપતું આ પુસ્તક કેટલાંક વર્ષોથી અપ્રાપ્ય હતું, જે હવે જરૂરી સુધારાઓ સાથે બહાર પડયું છે. હિંદુ ધર્મ ઉપરાંત જૈન ને બૌદ્ધ ધર્મોનો પણ પરિચય આ પુસ્તકમાં વિગતભર્યો અપાયો છે. તાત્ત્વિક માહિતીઓથી સમૃદ્ધ આ પુસ્તકની સરળતા અને સુગમતા અદ્ભુત છે. ચાલુ વર્ગે શિક્ષક-વિદ્યાર્થીઓ વચ્ચેના વાર્તાલાપ રૂપે તે સળંગ લખાયું છે. બૌદ્ધિક કે માનસિક કેળવણી એ જીવનકેળવણીનો આવશ્યક પણ ગૌણ અંશ છે, તે માટે પ્રધાન તો છે આધ્યાત્મિક કેળવણી; અને એ કેળવણી માટેની આ અધિકૃત 'બાળપોથી'નું દરેક જિજ્ઞાસુએ વાચન, ચિંતન ને પરિશીલન કરવું જરૂરી છે. કિંમત રૂા. ૨.

કબીર સાહેબનાં ભજનોનો સંગ્રહ, કઠિન શબ્દોના ટિપ્પણ તથા કઠિન ભજનોના ભાવાર્થ સાથે, સંકલનકર્તા: મણિલાલ તુ. મહેતા, ૦-૮-૦; **ભક્ત પીપાજી:** ત્રણેક સૈકા પહેલાં થઈ ગએલા એ રાજર્ષિ ભક્તનું શ્રી શાસ્ત્રી જયનારાયણ ભટ્ટે પ્રયોજેલું ટૂંકું જીવનચરિત્ર, ૦-૬-૦; **બોધમાળા:** જીવનબોધક ૧૦૮ સુવાક્યોનો સંગ્રહ, લેખક: સ્વ. મગનલાલ હરિભાઈ વ્યાસ, ૦-૩-૦; **પાઘડીનો વળ છેડે:** જીવનમૂલ્યો અને આચાર વિષે સામાન્ય જનસમુદાયને ઉપયોગી શ્રી ગુણવંતરાય આચાર્યની નવલકથા, ૧-૮-૦; **શકુન્તલા:** મહાકવિ કાલિદાસ કૃત જગવિખ્યાત નાટક 'અભિજ્ઞાનશાકુન્તલ' ઉપરથી વાર્તારૂપે, પ્રયોજક: જયનારાયણ ભટ્ટ; ૦-૧૦-૦; **આસમાની ચકલી:** બેલ્જિયમના સાહિત્યકાર મૉરિસ મૅટરલિંકના છ-અંકી ફ્રેંચ સ્વપ્ન-નાટક 'બ્લ્યૂ બર્ડ'નો શ્રીમતી લીનાબહેન મંગળદાસે કરેલો અનુવાદ, ૧-૮-૦; **ગુજરાતનાં નાટકો** (ગીતોની સારીગમ): ગુજરાતી રંગભૂમિના સંગીતને સ્વરલિપિબદ્ધ કરતું પુસ્તક, સંપાદક: જયશંકર સુંદરી, સ્વરલિપિકાર: સ્વ. બાપાલાલ પૂંજીરામ ભોજક અને શ્રી ચંપકલાલ છબીલદાસ નાયક, ૨-૮-૦.

નવજીવન પ્રકાશન મંદિર (અમદાવાદ)નાં પ્રકાશનો

અવારનવાર: કાકાસાહેબ કાલેલકરે ૧૯૨૦થી ગુજરાતીમાં લખવાની શરૂઆત કરીને '૨૪થી છૂટથી લખવા માંડયું તે '૩૫માં ગુજરાત છોડયું ત્યાં સુધીનાં તેમનાં લખાણમાંના કેટલાક, તથા '૩૫ની આગળપાછળના કેટલાક મરાઠી-હિંદી લેખો પરથી અનુવાદિત, કુલ સિત્તેર જેટલા નાનાનાના લેખોનો સંગ્રહ. કશી રચના, ક્રમ કે યોજના વગર વિવિધ વિષય પર અને વિવિધ શૈલીથી લખાએલા આ પ્રકીર્ણ લેખોમાં એક જ સળંગસૂત્ર જીવનદૃષ્ટિ પરોવાએલી છે. કિંમત રૂા. ૨.

કેળવણીનો કોયડો: રાષ્ટ્રની કેળવણીના કોયડાના ઉકેલની દિશામાં ગાંધીજીના પ્રયોગોનો નિચોડ રજૂ કરતું તેમનું પુસ્તક, ૨-૮-૦; **બિહારની કોમી આગમાં:** ગાંધીજીનાં અંતેવાસી મનુબહેન ગાંધીએ લખેલી તા. ૫-૩-'૪૭ થી તા. ૨૪-૫-'૪૭ સુધીની ગાંધીજીની ડાયરી, ૩-૦-૦.

સંસ્કાર સાહિત્ય મંદિર (પો. ઑ. નં. ૩૪, ભાવનગર)નાં પ્રકાશનો

બલિદાનકથાઓ ભા. ૧ અને ૨: દેશ-સ્વાતંત્ર્ય માટે જીવનસર્વસ્વ અર્પણ કરી શહીદ બનનારા અનુક્રમે રામપ્રસાદ બિસ્મિલ અને કાકોરીના દેશભક્તોની શ્રી કાન્તિલાલ શાહે લખેલી પ્રેરક જીવનકથાઓ, કિં. અનુક્રમે ૧-૪-૦ ને ૨-૪-૦; **અંધારના સીમાડા:** ટૉલ્સ્ટૉયના પંચાંકી નાટક 'પાવર ઑવ ડાર્કનેસ'નું શ્રી મૂળશંકર મો. ભટ્ટે કરેલું વેશાંતર, ૧-૧૨-૦; **ભગવાન બુદ્ધ અને તેમનો ધર્મસંદેશ:** એ વિષે શ્રી 'દર્શક'ની સરળ રોચક પુસ્તિકા, ૦-૧૦-૦; **દૂધ** (મૃત્યુલોકનું અમૃત): એ વિષે શ્રી કાન્તિલાલ મણિલાલ શાહે પ્રશ્નોત્તરરૂપે આપેલી વૈજ્ઞાનિક માહિતીઓ, ૨-૪-૦;

આ જ પ્રકાશનસંસ્થાની સમાજ વિકાસમાળાની મૂળહિંદી પરથી ઉતારેલી પ્રેરક જીવનઆલેખનો નિરૂપતી, ગ્રામોન્નતિને નિર્દેશતી અને સ્થળ-પરિચય આપતી આબાલવૃદ્ધ સૌ સમજી શકે એવી સરળ પુસ્તિકાઓ: **ગુહ અને શબરી:** મૂળ લેખક-ગોપાલકૃષ્ણ કૌલ, અનુવાદક-રામનારાયણ ના. પાઠક; **શિબિ અને દધીચિ:** મૂળ લેખક-દયાશંકર દદ્દા, અનુવાદક-નરેન્દ્ર અંજારિયા; **તિરુવલ્લુવર:** મૂળ લેખક-પૂર્ણ સોમસુન્દરમ્, અનુવાદક-રામનારાયણ ના. પાઠક; **હજરત ઉમર:** મૂળ લેખક-વિષ્ણુ પ્રભાકર, અનુવાદક-લક્ષ્મીદાસ પુ. ગાંધી; **સંત તુકારામ:** મૂળ લેખક-શ્રીપાદ જોષી, અનુવાદક-રામનારાયણ ના. પાઠક; **વિનોબા ભાવે:** મૂળ લેખક-સુરેશ રામભાઇ, અનુવાદક-કાન્તિલાલ શાહ; **સરદારની વાતો:** મૂળ લેખક-વિષ્ણુ પ્રભાકર, અનુવાદક-બળવંત ત્રિવેદી; **ગામ સુખી તો સૌ સુખી:** મૂળ લેખક-વિનોબા ભાવે, અનુવાદક-કન્તિલાલ શાહ; **ગૌસેવા શા માટે:** મૂળ લેખક-રમાવલ્લભ ચતુર્વેદી, અનુવાદક-રામનારાયણ ના. પાઠક; **બદ્રીનાથ:** મૂળ લેખક-વિષ્ણુ પ્રભાકર, અનુવાદક-નરેન્દ્ર અંજારિયા; દરેકના ૦-૬-૦.

OUR FRIENDS ABROAD

જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

પ્રિય રમેશ,

ફ્રેન્કફુર્ટ, જર્મની

તમે મારી અઢારમી વર્ષગાંઠ પ્રસંગે જે સુંદર ભેટ મોકલી તે માટે હું તમારો હાર્દિક આભાર માનું છું. તમારી, તમારા કુટુંબની



અને ભારતનાં શહેરોની તસ્વીરો ઉપરથી મને ત્યાંના લોકો તેમજ સસ્કૃતિ સમજવામાં સુગમતા પડી. ખાસ કરીને જયપુર અને કરાંચીની ભવ્ય ઇમારતો દર્શાવતી છબિઓ મને બહુ જ ગમી. તમારા બાળપણની તસ્વીરો મને ભારતીય જીવન વિષે ખયાલ આપે છે. હવે તમારા પ્રશ્નો:

પ્રશ્ન ૧: તમારા દેશમાં યુવાનોને દારૂ અને ધૂમ્રપાનની છૂટ હોય છે? છોકરીઓ અને સ્ત્રીઓને પણ?

જર્મનીમાં મોટી ઉમરની સ્ત્રીઓ માટે ધૂમ્રપાન યોગ્ય ગણાય છે. પુરુષોની બાબતમાં તો એ સ્વાભાવિક જ લેખાય છે. સોળ વર્ષથી નીચેની છોકરી ધૂમ્રપાન કરતી નથી,—ખાસ કરીને જાહેરમાં તો નહિ જ; જ્યારે મોટી સ્ત્રીઓને તેમ કરવાની છૂટ છે. સોળ વર્ષ પછી છોકરી યુવતી બને છે. ત્યાર પછી તેને નૃત્યના પાઠ આપવામાં આવે છે. યુવાનો અઢાર વર્ષની ઉમર પછી જાહેરમાં ધૂમ્રપાન કરી શકે છે. તેમને અઢારમા વર્ષે નૃત્યના પાઠ આપવામાં આવે છે. દારૂની બાબતમાં પણ તેમ જ છે. ઉચ્ચ અને સંસ્કારી કુટુંબોમાં, ખાસ કરીને મિજબાની કે એવા પ્રસંગોએ, દારૂ પીવો એ એક રિવાજ છે. મિજબાનીમાં દારૂ પીવાની ના પાડો તો અસભ્યતા ગણાય. દારૂ આખા દેશમાં સૌથી ઉમદા અને પ્રખ્યાત પીણું છે. અમારા જર્મન રાષ્ટ્રગીતમાં જર્મન સ્ત્રી અને જર્મન વફાદારી ઉપરાંત અમે જર્મન દારૂને પણ વખાણીએ છીએ.

અત્યાર સુધી હું કોઈ નૃત્યશાળામાં ગઇ નથી. પણ થોડાં વર્ષ પછી કૉલેજમાં જઈશ ત્યારે શીખીશ. હું ધૂમ્રપાન કરતી નથી. ભારતનાં ઉચ્ચ અને સંસ્કારી કુટુંબોમાં ધૂમ્રપાન અને દારૂ માટે આદર નથી એ જાણી મને આશ્ચર્ય થયું. મારા મગજમાં એ નથી બેસતું કે તમે કદી માંસ નથી ખાધું! અહીં જર્મનીમાં તો ખૂબ થોડા શાકાહારી લોકો છે; ઘણું કરીને હશે જ નહિ. તમારા દેશમાં લોકો શું ખાય છે? બટાટા, ભાત, શાકભાજી અને રોટલો? મેં તો વાંચ્યું છે કે ભારતની ભૂમિ ઘણી ઉજ્જડ ને વેરાન છે.

પ્રશ્ન ૨: શું જર્મનીમાં સહશિક્ષણ છે?

જર્મનીમાં દરેક બાળકે ઉમરના છઠ્ઠાથી દસમા વર્ષ સુધી પ્રાથમિક શાળામાં જવું ફરજિયાત છે. હાઈસ્કૂલમાં જનાર પ્રાથમિક શાળા ચાર વર્ષ પછી છોડી દે; યા એક કે વધારે વર્ષ સુધી ખાસ ધંધાદારી શાળામાં જવું જોઇએ ફક્ત પ્રાથમિક શાળામાં જ સહશિક્ષણ હોય છે; હાઇસ્કૂલ અને ધંધાદારી શાળામા હોતું નથી. સરવાળે મારે તેર વર્ષ સુધી શાળાએ જવું જોઈએ: ચાર વર્ષ પ્રાથમિક શાળામાં ને નવ વર્ષ હાઈસ્કૂલમાં. કેટલો લાંબો ગાળો! હજુ મારે બે વર્ષ બાકી છે.

૧૫મી જુલાઈથી ૨૭મી ઑગસ્ટ સુધી અમારે ઉનાળાની રજા હતી. પહેલા પખવાડિયામાં અમારી યૂથ ક્લબ સાથે હું બર્ગેરાઇનફેલ્સ ગઈ હતી. એ મારા શહેરથી લગભગ ૫૦ માઈલ દૂર છે. એ એક ઊભી ટેકરી પર આવેલો પ્રાચીન અને વિશિષ્ટ જર્મન કિલ્લો છે. જર્મન ઉમરાવોએ બારમી સદીમાં એ બંધાવેલો. હાલમાં તેનો યુવકગૃહ તરીકે ઉપયોગ થાય છે. જંગલો વડે છવાએલી ટેકરીઓ, સરોવરો, ઝરણાંઓ વગેરે આસપાસ પથરાએલાં છે, પરંતુ એ વિસ્તાર નિર્જન છે.

અમારી ટુકડીમાં આઠ છોકરીઓ હતી. હવામાન સારું રહેતું ત્યારે અમે આખો દિવસ બહાર ફર્યા કરતાં, પરંતુ ઘણોખરો વખત તો ખૂબ વરસાદ પડતો. એ વખત અમે સામાન્ય મનોરંજન દ્વારા પસાર કર્યો. એક દિવસ તો અમે ૨૫ માઈલ જેટલું ચાલ્યાં. તે દિવસે અમે જંગલમાં રસ્તો ભૂલી ગયાં. અંધારું વધતું જતું હતું એટલે અમે એકાદ કલાકમાં કિલ્લે પહોંચી જવા નક્કી કર્યું, પરંતુ રસ્તામાં જ્યારે એક કઠિયારાએ કહ્યું કે અમારે ત્યાં પહોંચવા માટે છ કલાક ચાલવું પડશે ત્યારે અમે હિંમત હારી ગયાં. લાંબી વિચારણા બાદ અમે નજીકના રેલવે સ્ટેશને ગયાં, જે બે કલાકના અંતરે હતું, અને ત્યાંથી ટ્રેઇનમાં યુવકગૃહે ગયાં. રાત્રે દસ વાગ્યે તો કિલ્લાના દરવાજા બંધ થઇ જાય છે. અમે માત્ર આઠ જ મિનિટ વહેલાં પહોંચ્યાં!

તમારા બીજા પત્રમાં, જો તમને વાંધો ન હોય તો, તમારા ધર્મ વિષે થોડું કહેશો? મને તેમાં ખૂબ રસ છે. તમારી માન્યતાઓ અને ભાવનાઓનો આદર કરીશ અને સમજવા પ્રયત્ન કરીશ.

સપ્રેમ એરીકા (Erika)

પરદેશી પત્રમિત્રો

(1) Kirankumar R. Patel, Age 16, C/o Hoima Trading Coy., Box 16, Hoima (Uganda), Stamps, Swimming, Pref. 14 Years; (2) Jayant M. Patel, Age 16, Box 3061, Kampala (Uganda, E. Africa), Stamps, Correspondence; (3) Jayant S. Patel, Add. & Hobbies as above; (4) Amar Dass, Age 28, Box 490, Kisumu, Kenya (B.E.A.), Stamps, View-Cards, Nature, Coloured Pictures; (5) Manmohan L. Shah, Age 17, C/o Manmohandas Lauchand, Box 112, Crater Aden (Arabia), Photography, Languages, Travelling, General Knowledge, View-Cards; 6) Dilipkumar S. Shah, Age 20, Film Exporter & Importer, C/o M. B. Mehta, Section A, Street No. 2, Aden (Arabia), Travelling, Photography, Cinema, Music, Social Information; (7) Ram P. Patel, Age 24, Kamachumu, Via Bukoba (B. E. Africa), General; (ઉલ્લેખ: S. L. Bheda, Trivedi Bldg., Jawahar Road, Ghatkopar, Bombay-39.); (8) Mr. Horst Kamphausen, Age 18, Unterrath, Kebler Strasse 41, 22 A Dusseldorf (Germany), Stamps, Picture-Post-Cards, Manners & Customs of Different Countries (ઉલ્લેખ: Mahidharlal K. Bhojak, Juvansinhji Mandir, Opp. Peile Gardens, Bhavnagar-Saur.); (9) Miss Diane M. Clerk, Age 15, 11 Hopefield Ave, Frecheville, Sheffield, 12, Derbyshire (England), General Hobbies; (10) Jean Keen, Boy-15, 141 Hurst Str, Leigh, Lancashire (England), General; (11) Miss Honor Adams, Age 12, The Lane, Clopton, Northants (England), Penfriendship; (12) Miss Clarf Gierthy, Age 14, 51 Jack Street, Motherwell, Lancashire (England), Stamps,

Literature; (13) Bebe Scott, Girl-14, 25, Wressle, Nr. Selby, Yorkshire (U.K.), Lives of Great men, Reading, Stamps, Coins; (14) Joseph Bola Obadun, Boy-16, Victory College, Ikare (Nigeria), General; (15) Amos Odu Sanya, Boy-15, No 1, Iyanro Str., Ije Bu-Ode (Nigeria, W-Africa), Penfriendship; (16) Emmanual E. Nwankpu, Boy-16, P.O. Box No. 351, Abu (Nigeria, W.Africa), Literature, Penfriendship (નં. ૮ થી ૧૬, ઉલ્લેખ: Morarbhai D. Patel, Dola Falia, P. O. Matvad (Dist. Surat); (17) N. A. Dharmasene Perera, Boy-19, Mahara, Gangewatta, Gampola (Ceylon); (18) Wilfred De Silwa, Boy-18, Bogolla Estate, Gampola (Ceylon); (19) Miss P. Soma Rohini, Age 17, 514/2 Dematagoda Rd., Maradana, Colombo (Ceylon); (20) Miss Srigalatha Jayasinghe, Age-17, Kulasevena, Walpola, Angola (Ceylon);(21) H. M. Ratnayaka, Boy-18, Unambuwa, Gampola (Ceylon); (22) Susila Opatha, Boy-18, Swastika, Wonagoda Rd., Kelaniya (Ceylon) (નં. ૧૭ થી ૨૨ના શોખ: Stamps, View-Cards, Cine-Photos); (23) Basil Fellrath, Age 20, 125 West 63 St., New York. 23 N.Y., (U.S.A.), View-Cards, Religion; (24) Adedotun A. Shogbasmu, Age 23, 74 Kadara Street, Ebute Metta, Lagos (Nigeria, W-Africa), Sports, Stamps, Animals, Touring, Reading (નં. ૧૭થી ૨૪, ઉલ્લેખ: Nanalal R. Shah, C/o Shantilal Kalidas, Nandu Nivas, Nariman Road, Vile Parle (East), Bombay-24).

હિંદી પત્રમિત્રો

(490) Ramnik J. Kamdar-18, Shahpur Halim-ni Khadki, Gita Sanskrit Pathshala, Ahmedabad, Picture-Collecting, Stamps, Music, Reading; (491) Dilip Chandulal Trivedi-18, 8 Pratima Society, Navrangpura, Ahmedabad-9, Photography, Gujarati Literature, Politics, Reading; (492) Rasiklal Chhaganlal Parmar-19, Ramtekry Road, Porbandar (Saur.), Drawing, Photography, Stamps, Touring; (493) Siddharth Ramanlal Magiawala-16, 60 Shrimali Society, Navrangpura, Ahmedabad-9, Stamps, Coins; (494) Kanubhai D. Patel, C/o M. D. Patel, Near Parabdi, Ras (Kaira Dist.), General; (495) Bhikhu J. Shah-20, Porwad Falia. Kalol (Panchamahal), Cricket, Films, Painting, Politics, Social Welfare; (496) C. N. Anjaria-22, Organiser-Labour Welfare Centre, Botad, General Correspondence; (497) Nagindas K. Shah-18, 2nd Panjra Pole Lane, Balkrishna Nivas, 3rd Floor, Block No. 71, Bombay-4, View-Cards, Cycling, Literature, Swimming, Touring; (498) Taraben Mohanlal Vaidya-15, Near Mahadeva, Ladol (Dist. Mehsana), Sports, Correspondence, Reading; (499) Hasu K. Parikh-20, Patadia Pole, Kesari's Khadki, Baroda, Dramas, Music, Story-writing, Science, Politics; (500) Chhotalal Shamjibhai Chavda-17, Chavda Bhavan, Harve Sabhapati Compound, Amravati (M.P.), Foreign Affairs, Languages, Painting, General Knowledge, Great Persons; (501) Rajesh Mody-21, Behind Mirzapur Police Gate, Ahmedabad-1, Literature, Cinema, Astrology, Travelling, Radio, Photography; (502) Kusum Mody-19, C/o Rajesh Mody, Add. as above, Knitting, Literature, Walking, Pictures; (503) Mohanlal M. Badiani-20, Chunilal Mansion, In front of Jusbai's Masjid, Jamnagar (Saur.), Literature, Psychology, Films, Fine Art; (504) Vidyadhar A. Gadre-22, P. W.D. Office, Kutch-Mandvi, Music, Literature, Journey; (505) Suketu R. Shah-14, C/o R. U. Shah, 21 Subhash-nagar, Shahibag, Ahmedabad-4, Stamps; (506) Rajul R. Shah, Girl-12, Add. as above, Stamps; (507) Dhirajlal M. Vaghela-16, C/o Kasur Brothers, Gandhi Chowk, Savar Kundla (Saur.), Stamps, Photography, Cricket; (508) Amritlal R Mistri-21, Matwad, Via Navsari (Dist Surat), Aviation, Engineering, Coins, General; (509) Navnitray A. Mehta-19, C/o Amritlal Dayalji, Lohar Street, Morvi (Saur.) Stamps, Match-Lables; (510) Hemlata-16, C/o H. M. Gohil, Gohil Tiles Mansion, Nagnath Gate Road, Jamnagar, Photography, Sports; (511) Jayant H. Dhokai-20, C/o H. N. Dhokai, Port Colony-38, Okha (W.R.) Stamps, Story-writing, Politics; (512) Manhar Bhadreshwara-25, Jail Road, Amreli (Saur.), Travelling, Reading, Writing; (513) Shashikumar Vrajlal Parikh-20, Agriculture College Hostel, Anand (Kaira Dist.), Gandhian Literature, Social Welfare, Politics, Agriculture; (514) Ranchhodbhai V. Khatri-25, Khasdar Fali, Kamalpura, Palanpur (N.G.), Politics, Indian & British History, Geography, Social Study, Literature, Law; (515) Naresh Nagar-19, Setawad Street, Jamnagar (Saur.), Hindi & Guj. Literature, Music, Drawing; (516) Shila Vyas-16, C/o D. C. Vyas, Uday Bhavan, Palace Road, Baroda, Stamps, Swimming, Cinema; (517) Miss Yamuna Mudappa-15, 'Devi-Mandir', Mercara (Coorg), Reading, Curious, Films; (518) Miss Premlatha Mudappa-17, Add. as above, Painting, Films, View-Cards (બંનેનો ઉલ્લેખ: Narendra D. Patel, M. S. Patel & Co., Karamsad); (519) Sureshchandra Mansukhlal Shah-19, 91/305 Masjid Bunder Road, Krishna-Nivas, Bombay-3, Stamps, Reading, Drawing; (520) Amritlal Mohanlal Vasani-21, Narschiv-Bhavan, 2nd Floor, Sayaji-Ganj, Baroda-1, Stamps, Photography, Literature.

(ચાલુ)


અહીં નામ પ્રકટ કરાવવા ઇચ્છનારે સરનામા ઉપરાંત, ઉંમર, જાતિ, અભ્યાસ, શોખ ને વાલી કે શાળાશિક્ષકની સહી—આ વિગતો ભરી બીડવી.

દુખસુખ દોનોં એક સમ સંતનકે મન માંહિ;
***મેરુ ઉદધિગતિ મુકુર જિમિ, ભાર ભિજિબો નાહિ.**
—તુલસીદાસ—

ખલીફા હજરત અબુબકર મહેનતાણા તરીકે રાજ્યમાંથી રોજના ફક્ત બે દિહંમ જ લેતા, જે એટલું તો ઓછું પડતું કે ઘરમાં કોઈ દિવસ સારી વાનગી પણ બની શકતી નહિ. પત્નીની ફરિયાદ સાંભળી તેમણે કહ્યું, 'રોજની રકમમાંથી થોડુંથોડું બચાવી તેમાંથી તમે વાનગી બનાવી શકો છો.' પછી જ્યારે મીઠી વાની બની ત્યારે ખલીફાએ ખુશ થઈ પત્નીની પ્રશંસા કરી, પણ બીજા જ દિવસથી તેમણે રોજનો માત્ર દોઢ દિહંમ જ લેવા માંડ્યો, કે એટલામાં યે ગુજરાન તો ચાલી શકે છે!

અનેકાર્થી શબ્દ : **ઘટ**=ઘડો; શરીર કે પિંડ; ખૂટ, ખોટ, નુકસાન; અંતઃકરણ; સમય, ઘાટ કે આકાર; અવકાશ; ગાઢ, ઘન યા ઘાટું; પાકેલું; કોથળી; ઘોડો; ટોળું; યોજવું તે, જોડવાપણું; એક ઝાડ—ધાવડો; દુર્ગાદેવીનું ચિહ્ન; મદોન્મત્ત હાથીનું કુંભસ્થળ; પ્રાણાયામ માંહેનો કુંભક; વજનનું એક માપ; નવ પ્રકારનાં દ્રવ્યો માંહેનું એક, તુલા; એક જાતનું કોતરકામ; સ્તંભના આઠ માંહેનો એક પ્રકાર; એક છંદ; એકદમ.

કહેવતોના અર્થ: 'માગે સો ત્યાગે, ને ત્યાગે સો આગે'—કહેવતો ખાસ કરીને વ્યવહાર-બોધ આપતી હોય છે, પણ આ કહેવત તો વ્યવહાર અને પરમાર્થ બંનેને સાંકળી લેતો ઉમદા ઉપદેશ આપે છે. તૃષ્ણાથી કંઈ મળતું નથી, તે છોડતાં બધું આવી મળે છે એવો તેનો બોધ તો સ્પષ્ટ છે.



પગથિયાંનાં પાટિયાં નીચે તથા દાદરની નીચેના તદ્દન નહિ વપરાતા ભાગમાં ખાનાં અને ભંડકિયા જેવું કરી લીધું હોય તો ઘણી પરચૂરણ ચીજોને તેમાં સમાવી શકાય.

શરદી વખતે નાક સાફ કરવાનો રૂમાલ ધોતાં પહેલાં બે-ત્રણ ચમચા મીઠું નાખેલા પાણીમાં તેને પલાળવાથી સહેલાઈથી ધોવાશે.



સિંહગઢમાં તાનાજી માલુસરેની સમાધિ

ફાનસમાં ઘાસતેલ થઈ રહેવા આવ્યું હોય અને બીજું પૂર્યા વિના થોડો વખત તે ચલાવવું હોય તો અંદર પાણી રેડજો; તેલ ઉપર તરી આવીને વાટને પહોંચીને બળશે, ને તેટલો વખત નવા ઘાસતેલ વિના ચલાવી શકાશે.


બગડે નહિ એવી કાયમી લાહી

એક કવાર્ટ પાણીમાં એક ચમચો દળેલી ફટકડી પિગાળીને તેમાં જરૂર પૂરતો મેંદો થોડો થોડો નાખી, આંગળી વતી ખૂબ ચોળતા જઈ, લચકા લોંદા ન રહી જાય તેવી રીતે મેળવીને ઘાટા દૂધ જેવું મિશ્રણ કરવું. પછી તેમાં દોઢ ચમચો રાળની ભૂકી અને થોડાં ટીપાં લવિંગનું તેલ નાખી, કોલસાના અંગારા પર મૂકવું. તે પહેલાં અરધો પાઈન્ટ ખળખળતું પાણી તૈયાર રાખવું અને તે અંગારા પર રાખેલા ઉપલા લોટવાળા મિશ્રણમાં ધીમેધીમે રેડતા જવું ને હલાવતા જવું. થોડી વારે લાહી ઘટ થવા માંડશે. પાણી પૂરું રેડાઈ ગયા પછી મિશ્રણને ફરી ખદખદાવવાની જરૂર નથી. આમ શીરા જેવી બનેલી લાહી ઉતારી લેવી. આ લાહીમાંથી વપરાશ પૂરતી કાઢીને બાકીની ખૂબ પૅક કરી ઠંડી જગ્યામાં રાખી મૂકવાથી મહિનાઓ સુધી ચાલશે.



ભારતીય સૈનિક તેના શૌર્ય ને પરાક્રમ માટે આજ સુધી અદ્વિતીય રહ્યો છે, તેનો પુરાવો ગયાં સો વર્ષોમાં યુદ્ધ-પરાક્રમ માટે અંગ્રેજ સરકારે આપેલા વિક્ટોરિયા-ક્રૉસ નામના વીર-ચન્દ્રક પરથી આવે છે. બ્રિટિશ સામ્રાજ્યમાં અપાએલા એ ૩૨૯ પદકોમાંથી ભારતને મળેલા પદકોની સંખ્યા સૌથી વધુ ૧૧૧ છે.

◖ આખી દુનિયાના રેલવેમાર્ગ ભેગા કરી તેમને જો ચન્દ્ર તરફ લંબાવવામાં આવે તો તે ચન્દ્ર સુધી પહોંચે અને ચન્દ્રને પાછા સાત આંટા લગાવી શકે. ◖ આકાશમાં વર્ષે ખાતે સરાસરી ૧,૬૦,૦૦,૦૦૦ વાર એટલેકે રોજ ચુમાલીસ હજાર વાર વીજળીના ગડગડાટ થાય છે. ◖ નારંગી જ્યાં ન થતી હોય તેવો એક પણ દેશ દુનિયામાં નથી. ◖ ગ્રેઈટ બ્રિટનમાં માત્ર ફૂટબૉલ પાછળ જ ૫૦ ટનથી અધિક ચામડું વપરાય છે. ◖ દુનિયાના વર્ષ આખાના વરસાદને એકઠો કરવામાં આવે તો તેને માટે કુલ ૨૩૪·૬ માઈલ લાંબી, ઊંડી અને પહોળી જગ્યા જોઈએ.



કલાકણિકા : ભારતના કિનખાબ પરના ભરગચ્ચીકામની ભાત

* દર્પણમાં મેરુ પર્વતનું પ્રતિબિંબ દર્પણને ભાર કરતું નથી અને સમુદ્રનું પ્રતિબિંબ તેને ભીંજવતું નથી.









માનો લાડકવાયો...દાદીનો દુલારો

'માનવપરિવારનું મહાગાન'(ફૅમિલી ઑવ મૅન)ના પેલા અદ્‌ભુત પ્રદર્શનવાળાં જુલાઇ અંકમાંનાં ચિત્રોએ અનેક વાચકોને મુગ્ધ કર્યાં છે અને તેવાં વધુ ચિત્રો આપવાની માગણીઓ પણ આવી છે. તદનુસાર પાંચ ચિત્રો આ અંકમાં આપ્યાં છે, જેમાં કેન્દ્રસ્થાને બાળક છે. ડાબી બાજુ મથાળે: 'મારા લોહીના લાલ' (ફોટો: ઇલિયટ અર્વિટ-યુ. સ્ટે. અમેરિકા); નીચે: 'માનો લાડકો' (ફોટો: સત્યજિત રાય-ભારત); જમણી બાજુ મથાળે: 'હૈયાનો હાર' (ફોટો: ઇર્વિંગ પેન-યુ. સ્ટે. અમેરિકા); નીચે: 'દાદીનો દુલારો' (ફોટો: રૅન્ડલ પાર્ટ્રિજ-યુ. સ્ટે. અમેરિકા). જીવનનાં વિવિધ પાસાંઓને સ્પર્શતાં વધુ નાનાવિધ ચિત્રો હવે પછી. આ પ્રદર્શન હાલ દિલ્હીમાં ચાલે છે અને અમદાવાદ, કલકત્તા વગેરે સ્થળે ફરશે.









ઉપર ડાબી બાજુ : કુતુબ મિનાર પાસેના અલાઈ દરવાજાની બહારની ભીંત પરની સુંદર કોતરણી; જમણી બાજુ: પુરાણા કિલ્લામાં હુમાયુંએ બંધાવેલા પુસ્તકાલયની અગાશીના થાંભલાની કુંભી.

મુસ્લિમ સ્થાપત્યની કારીગરી (ફોટો : બલવંત ભટ્ટ) ડાબી બાજુ મથાળે: દિલ્હીમાં મૌ. નિઝામુદ્દીન ઓલિયાની કબરમાં આવેલી જમાતખાનાની મસ્જિદ: આગળના ભાગમાંનો થાભલો કબરના મકાનનો છે. નીચે : કુતુબમિનાર પરના કંદોરા. આ બંને ચિત્રોમાં અરબી લિપિમાં કોતરેલાં ધર્મવચનો ઈસ્લામી કળાની એક વિશિષ્ટતા ગણાતી સુલેખનકળાના સુંદર નમૂના છે.